અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

જન્માષ્ટમીની હાર્દિક શુભેચ્છા

તારીખ : ૦૭ સપ્ટેમ્બર ૨૦૨૩, ગુરૂવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, નિ.શ્રાવણ વદ આઠમ | અંક : ૪૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ RNI Reg. No. GUJGUJ/2009/28886
e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com

નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી.. કૃષ્ણ જન્મોત્સવની સહુને શુભકામનાઓ.. ભગવાન શ્રીકૃષ્ણના આશીર્વાદથી આપની જિંદગીની દરેક પળ સુખમયી બની રહે એવી શુભકામનાઓ

## અનામતને લઈને બે સમૂદાયો વચ્ચે હિંસા શરૂ થઈ હતી

# મણિપુરમાં સાવચેતી તરીકે તમામ પાંચ જિલ્લામાં કર્ફ્યુ

### કોઓર્ડિનેશન કમિટી ઓન મણિપુર ઈન્ટીગ્રેશન અને તેની લેડી બ્રાન્ચની જાહેરાતને ધ્યાનમાં રાખીને પગલું લેવાયું

| ઈમ્ફાલ, તા.૬ |

મણિપુરમાં છેલ્લે ૩ મેના રોજ અનામતને લઈને બે સમુદાયો વચ્ચે હિંસા શરૂ થઈ હતી. જેના કારણે આખું રાજ્ય અત્યાર સુધી હિંસાની આગમાં બળી રહ્યું છે. જોકે હવે અધિકારીઓએ આપેલી માહિતી અનુસાર સાવચેતીના પગલા સ્વરુપે મણિપુર ખીણના તમામ પાંચ જિલ્લામાં સંપૂર્ણપણે કર્ફ્યુ લદાયો છે.

કોઓર્ડિનેશન કમિટી ઓન મણિપુર ઈન્ટીગ્રેશન અને તેની લેડી બ્રાન્ચની જાહેરાતને ધ્યાનમાં રાખીને આ પાંચ જિલ્લામાં કર્ફ્યુ જાહેર કરાયો છે. આ પાંચ જિલ્લાઓ બિષ્ણુપુર, કકચિંગ, થૌબલ, ઈમ્ફાલ પશ્ચિમ અને ઈમ્ફાલનો સમાવેશ થાય છે. અગાઉ આ રાજ્યોમાં અપાયેલી કર્ફ્યુમાં રાહતને રદ કરાઈ છે. આ જાહેરાતને લીધે હિંસા ફરી ન ભડકે, ધીમે ધીમે સુધરતી સ્થિતિ ફરી ન બગડે તેવા ઉદ્દેશ્ય સાથે સુરક્ષાદળોને કમાન સોંપાઈ છે. અનામતને લઈને કુકી અને મૈતેઈ સમુદાયો વચ્ચે છેલ્લે ૩ મેના રોજ શરૂ થયેલી હિંસામાં ૧૬૦ થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. ૬ હજારથી વધુ લોકો ઘાયલ થયા છે. રાહત માટે બનાવેલા રાહત કેમ્પમાં ૫૦ હજારથી વધુ લોકો આશ્રય મેળવી રહ્યા છે. આ હિંસા દરમિયાન આગચંપીના ૫ હજારથી વધુ બનાવો બન્યા હતા. ૬૭ હજારથી વધુ એફઆઈઆર દાખલ કરાઈ અને ૧૪૪ જેટલા લોકોની ધરપકડ કરવામાં આવી છે. હાલમાં મણિપુરમાં ૩૬,૦૦૦ સુરક્ષા કર્મચારીઓ અને ૪૦ અધિકારીઓ તૈનાત કરાયા છે.





દેશભરમાં G20 ઈવેન્ટ્સનું આયોજન થઈ રહ્યું છે

## પરંપરાથી આગળ વધ્યું ભારત, વિકાસની દ્રષ્ટી ફક્ત દિલ્હી સુધી જ સીમિત નથી : પીએમ મોદી

### પીએમ મોદીએ કહ્યું, આપણા વિશાળ રાષ્ટ્રમાં વિવિધતા હોવા છતાં, એક વસ્તુ હતી, જે મેં સમાન જોઈ, દરેક ક્ષેત્ર અને સમાજના દરેક વર્ગના લોકોમાં કરી શકીએ છે ની ભાવના હતી

| નવી દિલ્હી, તા.૬ |

દેશભરમાં ૨૨૦ ઈવેન્ટ્સનું આયોજન થઈ રહ્યું છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે અગાઉ દિલ્હી સિવાય રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બેઠકો યોજવાનું વિચારવું પણ મુશ્કેલ હતું. વડાપ્રધાન મોદી આ વર્ષે ભારતમાં આયોજિત થઈ રહેલા G20ના લોકશાહીકરણ અંગેના એક પ્રશ્નના જવાબમાં કહ્યું કે, જૂની પરંપરાઓને તોડીને, કાશ્મીર સહિત દેશભરના તમામ જુદા જુદા ખૂણે G20 ઈવેન્ટ્સનું આયોજન કરવામાં આવ્યું છે. મનીકંટ્રોલ સાથેના ખાસ ઈન્ટરવ્યુમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, તે સુવિધાઓ અથવા લોકોમાં વિશ્વાસના અભાવને કારણે હોઈ શકે છે. અમે એ પણ જોયું છે કે કેવી રીતે વિદેશી નેતાઓની મુલાકાતો મુખ્યત્વે રાષ્ટ્રીય રાજધાની અથવા અન્ય કોઈ સ્થાન સુધી મર્યાદિત હતી. લોકોની ક્ષમતાઓ અને ભારતની અદ્ભુત વિવિધતા જોયા પછી, નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે તેમણે એક અલગ અભિગમ વિકસાવ્યો છે અને તેમની સરકાર પહેલા દિવસથી જ અભિગમ બદલવા પર કામ કર્યું છે.

પીએમ મોદીએ કહ્યું, મેં દેશભરના વૈશ્વિક નેતાઓ સાથે અનેક કાર્યક્રમોની યજમાની કરી છે. હું કેટલાક ઉદાહરણો રજૂ કરવા માંગુ છું. તત્કાલીન જર્મન ચાન્સેલર એન્જેલા મર્કેલની યજમાની બેંગલુરુમાં આયોજિત કરવામાં આવી હતી. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન અને જાપાનના તત્કાલીન વડાપ્રધાન શિન્ઝો આબે વારાણસીની મુલાકાત લીધી હતી. પોર્ટુગીઝ પ્રમુખ માર્સેલો રેબેલો ડી સોસાની યજમાનીનું આયોજન ગોવા અને મુંબઈમાં કરવામાં આવ્યું હતું. જ્યારે બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાએ શાંતિનિકેતનની મુલાકાત લીધી હતી. ફ્રાન્સના પૂર્વ રાષ્ટ્રપતિ ફ્રાંકોઈસ ઓલાંદે પણ ચંડીગઢની મુલાકાત લીધી હતી. પીએમ મોદીએ કહ્યું, 'દિલ્હીની બહાર અલગ-અલગ સ્થળોએ ઘણી વૈશ્વિક મીટિંગનું પણ આયોજન કરવામાં આવ્યું છે. હૈદરાબાદમાં વૈશ્વિક ગ્લોબલ એન્ટરપ્રેન્યોરશિપ સમિટ યોજાઈ હતી. ભારતે ગોવામાં બ્રિક્સ સમિટ અને જયપુરમાં ફોરમ ફોર ઈન્ડિયા-પેસિફિક આઈલેન્ડ કોર્પોરેશન સમિટનું આયોજન કર્યું હતું. પીએમ મોદીએ કહ્યું, "આપણા વિશાળ રાષ્ટ્રમાં વિવિધતા હોવા છતાં, એક વસ્તુ હતી, જે મેં સમાન જોઈ. દરેક ક્ષેત્ર અને સમાજના દરેક વર્ગના લોકોમાં 'કરી શકીએ છે' ની ભાવના હતી. તેણે ખૂબ જ કુશળતાથી પડકારોનો સામનો કર્યો. મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ તેમનામાં અદભૂત આત્મવિશ્વાસ હતો. તેમને ફક્ત એક પ્લેટફોર્મની જરૂર હતી જે તેમને સશક્ત બનાવે.

**આપણા વિશાળ રાષ્ટ્રમાં વિવિધતા હોવા છતાં, એક વસ્તુ હતી, જે મેં સમાન જોઈ : મોદી**

**ભારતના G20 પ્રમુખપદના અંત સુધીમાં, તમામ ૨૮ રાજ્યો અને ૮ કેન્દ્રશાસિત પ્રદેશોના ૬૦ શહેરોમાં ૨૨૦ થી વધુ બેઠકો થઈ હશે, જેમાં ૧ લાખથી વધુ સહભાગીઓ આ બેઠકો માટે ભારતની મુલાકાત લીધી હશે. ભારતમાં ૧.૫ કરોડથી વધુ વ્યક્તિઓએ આ કાર્યક્રમોમાં હાજરી આપી છે અથવા તેનાં વિવિધ પાસાઓથી પરિચિત થયા છે. તેમણે કહ્યું, "આ સ્કેલની મીટિંગ્સનું આયોજન કરવું અને વિદેશી પ્રતિનિધિઓની યજમાની કરવી એ એક પ્રયાસ છે જે ઇન્ફ્રાસ્ટ્રક્ચર, લોજિસ્ટિક્સ, કુશળતા, આતિથ્ય, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને સંદેશાવ્યવહારની દ્રષ્ટિએ મહાન ક્ષમતા નિર્માણની માંગ કરે છે. G20 પ્રેસિડેન્સીનું અમારું લોકશાહીકરણ એ દેશભરના વિવિધ શહેરોમાં લોકો માટે ખાસ કરીને યુવાનોની ક્ષમતા નિર્માણમાં અમારું રોકાણ છે. તેમણે એમ પણ કહ્યું કે છેલ્લા ૯ વર્ષમાં તેમની સરકારે સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસના દ્રષ્ટિકોણનું પાલન કર્યું છે. વડાપ્રધાને કહ્યું, "વૈશ્વિક સંબંધોમાં પણ આ જ અમારો માર્ગદર્શક સિદ્ધાંત છે.**

## અયોધ્યામાં રામમંદિર બાદ હવે સીતામંદિર

# સીતામઢીમાં જાનકી દેવીના વિકાસ માટે ૭૨ કરોડના પ્રોજેક્ટને મંજૂરી

### પનૌરા ધામ જાનકી દેવી મંદિરને વિકસિત કરવાનો નિર્ણય

| સીતામઢી, તા.૬ |

દુનિયા એક તરફ અયોધ્યામાં શ્રીરામલલા જન્મભૂમિ પર ભવ્ય રામ મંદિર બનતા જોઈ રહી છે. ત્યારે, બીજી તરફ હવે માતા સીતાના જન્મસ્થળને પણ ભવ્ય બનાવવાની તૈયારીઓ શરૂ થઈ ચૂકી છે. જોકે, બિહારના સીતામઢીમાં જાનકી દેવી જન્મસ્થળ આવેલું છે. અહીં પનૌરા ધામ જાનકી દેવી મંદિર પહેલાથી જ છે, પરંતુ હવે આને ડેવલપ કરાવવાના પ્રોજેક્ટને મંજૂરી આપી દેવાઈ છે.

બિહાર સરકારે પનૌરા ધામ જાનકી દેવી મંદિરને વિકસિત કરવા માટે ૭૨ કરોડ રૂપિયાના પ્રોજેક્ટને મંજૂરી આપી દીધી છે. આ નિર્ણય મંગળવારે મુખ્યમંત્રી નીતીશ કુમારની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં લેવાયો છે. રાજ્ય પર્યટન વિભાગે કેબિનેટ સમક્ષ પ્રસ્તાવ રાખ્યો હતો. બેઠક અંગે જણાવતા કેબિનેટ સચિવાલયના અધિક મુખ્ય સચિવ એસ. સિદ્ધાર્થે કહ્યું કે, કેબિનેટે સીતામઢી જિલ્લામાં પુનૌરા ધામ જાનકી મંદિરના વિકાસ માટે ૭૨.૪૭ કરોડ રૂપિયાની મંજૂરી આપી દીધી છે. અહીં દર વર્ષ ઘરેલૂ અને વિદેશી તીર્થયાત્રા મોટી સંખ્યામાં આવે છે. આ પ્રોજેક્ટ હેઠળ નીતીશ સરકાર સીતામઢી જિલ્લામાં સિતા-વાટિકા, લવ-કુશ વાટિકા વિકસિત કરાશે. આ સિવાય પરિક્રમા પથનું નિર્માણ કરાશે. ડિસ્પ્લે કિયોસ્ક, કૈફેટેરિયા, બાળકોના રમવાનું ક્ષેત્ર તૈયાર કરાશે. કેબિનેટ સચિવ અનુસાર, અહીં આવનારા તમામ રોડને જોડવામાં આવશે અને આ તીર્થ સ્થળને પણ જલ્દીથી જલ્દી વિકસિત કરાશે. તેમણે કહ્યું કે, આ સિવાય, સાઈટની ચોતરફ વિષયગત ગેટ અને પાર્કિંગ ક્ષેત્ર પણ બનાવવામાં આવશે.



આ સિવાય કેબિનેટે ગયાજી ધામમાં તીર્થયાત્રીઓ માટે એક ધર્મશાળાના નિર્માણ માટે ૧૨૦.૧૫ કરોડ રૂપિયાનું બજેટ પણ મંજૂર કરી દીધું છે. દર વર્ષે ગયાના વિષ્ણુપદ મંદિરમાં પિતૃ પક્ષ મેળાનું આયોજન કરવામાં આવે છે.

## એશિયા કપમાં સુપર-૪માં પહોંચનાર ચાર ટીમો નક્કી

# ભારત-પાકિસ્તાન-શ્રીલંકા અને બાંગ્લાદેશની ટીમો વચ્ચે મુકાબલો

### પાકિસ્તાન-બાંગ્લાદેશ મેચ બાદ એશિયા કપની બાકીની તમામ મેચ કોલંબોના આર પ્રેમદાસા સ્ટેડિયમમાં રમાશે

| નવી દિલ્હી, તા.૬ |

એશિયા કપ ૨૦૨૩માં સુપર-૪માં પહોંચનાર ચાર ટીમો નક્કી થઈ ગઈ છે. ગ્રુપ-એમાંથી પાકિસ્તાન અને ભારતની ટીમે સુપર-૪માં સ્થાન મેળવ્યું છે. જયારે ગ્રુપ-બીમાંથી શ્રીલંકા અને બાંગ્લાદેશની ટીમ સુપર-૪ રાઉન્ડમાં પહોંચવામાં સફળ રહી છે.

સુપર-૪ રાઉન્ડની પ્રથમ મેચ આજે પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે લાહોરમાં રમાશે. જયારે ભારત તેની પ્રથમ સુપર-૪ મેચ પાકિસ્તાન વિરુદ્ધ કોલંબોના આર પ્રેમદાસા સ્ટેડિયમમાં રમશે. આજની મેચ બાદ એશિયા કપની બાકીની તમામ મેચ કોલંબોના આર પ્રેમદાસા સ્ટેડિયમમાં જ રમાશે.

એશિયા કપ ૨૦૨૩માં લીગ સ્ટેજમાં ભારતીય ટીમની પ્રથમ મેચ પાકિસ્તાન વિરુદ્ધ હતી, જે વરસાદના કારણે રદ થઈ હતી. જયારે બીજી મેચમાં ભારતે નેપાળ વિરુદ્ધ ડકવર્થ લુઈસ નિયમ અનુસાર ૧૦ વિકેટથી જીત મેળવી હતી. આ જીત સાથે જ ભારત સુપર-૪ રાઉન્ડમાં પહોંચી ગયું હતું. ભારતીય ટીમની ટક્કર ૧૦ સેપ્ટેમ્બરે ફરી પાકિસ્તાન સાથે થશે. ત્યારબાદ ૧૨ સેપ્ટેમ્બરના રોજે ભારત-શ્રીલંકા સામસામે હશે. ભારતીય ટીમ સુપર-૪ની અંતિમ મેચ ૧૫ સેપ્ટેમ્બરે બાંગ્લાદેશ વિરુદ્ધ રમશે.

એશિયા કપ ૨૦૨૩માં ભારત સિવાય પાકિસ્તાનની ટીમનો સુપર-૪માં શેડ્યુલ જોવા જઈએ તો તે આજે બાંગ્લાદેશ સાથે ટકરાશે. ત્યારબાદ ૧૦ સેપ્ટેમ્બરના રોજે પાકિસ્તાન અને ભારતનો મહામુકાબલો જોવા મળશે. ત્યાર પછી ૧૪ સેપ્ટેમ્બરે પાકિસ્તાનની ટીમ શ્રીલંકા વિરુદ્ધ મેચ રમશે. આ ઉપરાંત શ્રીલંકાની ટીમ ૯ સેપ્ટેમ્બરના રોજ બાંગ્લાદેશની સામે સુપર-૪માં પોતાની પ્રથમ મેચ રમશે.

## દરેક પ્રતિનિધિ અને દેશ જી૨૦ બેઠકને લઈને ગંભીર : જયશંકર

| નવી દિલ્હી, તા.૬ |

આ વખતે ભારતની રાજધાની નવી દિલ્હીમાં આગામી ૯-૧૦ સપ્ટેમ્બરે જી૨૦ સમિટ યોજાવા જઈ રહી છે. આ સમિટમાં સૌથી વધુ ચર્ચાનો વિષય એ છે કે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે આ કાર્યક્રમમાં હાજરી આપવા ઈનકાર કરી દીધો છે. હવે આ બંને નેતાઓની ગેરહાજરી અંગે ભારતીય વિદેશમંત્રી એસ. જયશંકરે પ્રતિક્રિયા આપી હતી.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**

**તારીખ ૭ સપ્ટેમ્બર ગુરુવાર જન્માષ્ટમી પર્વ હોવાથી ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત પ્રેસ સંપૂર્ણ બંધ રહેશે તેથી વાંચક મિત્રોએ નોંધ લેવી.**

**લિ. તંત્રી**

## રાજ્યપાલ ડિસ્ટર્બ કરશે તો યુનિ.ઓનું ફંડિંગ અટકાવવા મમતાની ધમકી

### જે યુનિવર્સિટી રાજ્યપાલના આદેશનું પાલન કરશે રાજ્ય સરકાર તેમની વિરુદ્ધ આર્થિક નાકાબંધી કરી દેશે

| કોલકાતા, તા.૬ |

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ રાજ્યના રાજ્યપાલ ડૉક્ટર સી.વી. આનંદ બોઝ સામે પશ્ચિમ બંગાળમાં યુનિવર્સિટીની વ્યવસ્થાઓને અવરોધવાનો આરોપ મૂક્યો હતો. શિક્ષક દિવસના અવસરે ધન ધાન્ય સ્ટેડિયમમાં આયોજિત કાર્યક્રમ દરમિયાન મમતા બેનરજીએ યુનિવર્સિટીને ચેતવણી આપી હતી.

તેમણે કહ્યું કે જો રાજ્ય પાલ આ રીતે જ ડિસ્ટર્બ કરતા રહેશે તો રાજ્ય સરકાર દ્વારા યુનિવર્સિટીઓનું ફન્ડિંગ અટકાવી દેવામાં આવશે. મમતાએ કહ્યું કે જે યુનિવર્સિટી રાજ્યપાલના આદેશનું પાલન કરશે રાજ્ય સરકાર તેમની વિરુદ્ધ આર્થિક નાકાબંધી કરી દેશે. તેમણે રાજભવન સામે ધરણાં પર બેસવાની પણ ચેતવણી ઉચ્ચારી હતી.

મુખ્યમંત્રી મમતા બેનરજીએ કહ્યું કે રાજ્ય પાલ ખુદને મુખ્યમંત્રી કરતા પણ મોટા સમજી રહ્યા છે. ચાલો જોઈએ કોણ કોના પર ભારે પડે છે. મમતાએ કહ્યું કે ભલે રાજ્યપાલ તમામ યુનિવર્સિટીના કુલપતિ છે પણ રાજ્ય સરકાર ફન્ડિંગ કરે છે.

## કૃષ્ણ જન્મોત્સવ-જન્માષ્ટમી પર્વની શુભકામનાઓ પાઠવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

| ગાંધીનગર, તા.૬ |

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કૃષ્ણ જન્મોત્સવ-જન્માષ્ટમીના પાવન પર્વની રાજ્યના સૌ નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.

પરમ શ્રદ્ધા અને ભક્તિભાવથી ઉજવાતું આ પર્વ સમાજ સમસ્તમાં સમરસતા,બંધુત્વ અને આપસી પ્રેમની ભાવના સુદ્રઢ કરનારું પર્વ બની રહેશે તેવી અપેક્ષા પણ મુખ્યમંત્રીશ્રીએ કૃષ્ણ જન્મોત્સવની શુભેચ્છાઓ પાઠવતાં વ્યક્ત કરી છે.





સંતરામપુર જિલ્લા અને તાલુકાઓ દરેક ગ્રામ્ય વિસ્તારોમાં પત્રકારો નિમવાના છે સંપર્ક કરો



સંતોષકુમાર જોષી
મો.63550 761743




આણંદ જિલ્લાના તમામ તાલુકાઓમાં માનદ પત્રકાર નિમવાના છે સંપર્ક કરો



મનિષ પ્રજાપતિ
મો.88493 69594

**વિદેશ જવા માટે આતુર લોકોને એક્સ્પર્ટની સલાહ | એજ્યુકેશન બેગ્રાઉન્ડ બરાબર ન હોય અને અહીં બેકાર ફરી રહ્યા હોય તેવા લોકો પરદેશ જવાના ખોટા રસ્તા અપનાવતા હોય છે**

# અમેરિકા-કેનેડા જેવા દેશોમાં ઘૂસણખોરીના પ્રયાસો કરતા હોય છે

| અમદાવાદ, તા.૬ |

એક સમય એવો હતો કે લોકો વધુ અભ્યાસ કરવા માટે પરદેશ જવાનું પસંદ કરતા હતા પરંતુ હવે સ્થાઈ થવા માટે પણ લોકો યુએસ, કેનેડા, યુકે, ઓસ્ટ્રેલિયા, જર્મની જેવા દેશોને પસંદ કરી રહ્યા છે. આ દેશોમાં જવા માટેના યુવાનો દ્વારા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. પરંતુ જેમની પાસે યોગ્ય લાયકાત નથી તેઓ ગેરકાયદેસર રીતે અમેરિકા-કેનેડા જેવા દેશોમાં ઘૂસણખોરીના પ્રયાસો કરતા હોય છે. પરદેશમાં જવા માટે એજન્ટને રૂપિયા આપીને કે ખોટી રીતે પ્રયત્નો કરતા હોય તે અંગે ભારત તરફથી યુકે એમ્બેસીમાં ફરજ બજાવી ચૂકેલા દિગંત સોમપુરાએ આ સવાલ અંગે મહત્વની વાત કહી છે. તેમણે પરદેશ જવા માટે શા માટે ખોટા રસ્તા ન અપનાવવા જોઈએ અને કેવું શિક્ષણ ઉપયોગી થઈ શકે તે અંગે વાત કરી છે. વિદેશની બાબતોના જાણકાર દિગંત સોમપુરાએ ગેરકાયદેસર પરદેશમાં ઘૂસણખોરી બાબતે વાત કરતા જણાવ્યું કે, પરદેશ જવાના સરળ રસ્તા હોય છે, જ્યારે તમે આ સરળ રસ્તે નથી જતા ત્યારે ખોટા રસ્તા અપનાવવા પડે છે. પરદેશ જવા માટે તમારી સારું એજ્યુકેશન બેગ્રાઉન્ડ કે કોઈ સ્કીલ હોય તે મહત્વના સાબિત થાય છે. શિક્ષણ અને તમારી સ્કીલના આધાર પર પરદેશ જવું સરળ છે. જ્યારે એજ્યુકેશન બેગ્રાઉન્ડ બરાબર ન હોય અને અહીં બેકાર ફરી રહ્યા હોય તેવા લોકો પરદેશ જવાના ખોટા રસ્તા અપનાવતા હોય છે. ખોટી રીતે પરદેશમાં જવાની બાબતે દિગંત સોમપુરાએ વધુ વાત કરતા જણાવ્યું કે, અહીં કશું ન કરતા હોય અને વિદેશ જવું હોય તેઓ રૂપિયા આપીને ખોટી રીતે પરદેશ જવાનો પ્રયાસ કરતા હોય છે. આ લોકો ફસાય છે તેવા કિસ્સા અનેકવાર સામે આવતા હોય છે, મેં યુકે એમ્બેસીમાં કામ કર્યું છે, માટે હું લોકોને વિનંતી કરું છું કે ખોટી રીતે પરદેશ જવાના પ્રયત્નો ન કરવા જોઈએ. તમે પરદેશમાં ફરવા જવું હોય કે સ્થાઈ થવા માટે જવું હોય તો ખોટા રસ્તાનો ઉપયોગ ન કરશો. એજન્ટની વાતોમાં આવીને રૂપિયા આપીને ગેરકાદે પરદેશ જવાનો પ્રયત્ન કરતા લોકોને પણ તેમણે સલાહ આપી છે કે એજન્ટની વાતોમાં આવીને ખોટા રસ્તા ન આપ નાવવા જોઈએ, આ પ્રકારના એજન્ટોની કોઈ કેપેસિટી નથી હોતી. આ રીતે રૂપિ યા આપીને ગેરકાયદે વિદેશમાં ઘૂસણખોરી કરનારા લોકોને મોટી મુશ્કેલીમાં મૂકાવું પડતું હોય છે. આ પ્રકારના ઘટનાઓ ડિંગુચા સહિતના કિસ્સામાં જોવા મળી છે. હાલમાં પણ જાન્યુઆરીમાં અમેરિકા જવા માટે નીકળેલા ૯ જેટલા યુવાનો કેરેબિયન ટાપુ પર પહોંચ્યા તે પછી તેમના પરિવાર સાથેનો સંપર્ક તૂટી ગયો હતો. હવે હાલ તેમનો કોઈ અત્તોપત્તો નથી. અગાઉ વિદેશની બાબતોના એક્સપર્ટ દિગંત સોમપુરાએ પરદેશમાં ગેરકાયદે જતા લોકોની વાત કરીને જણાવ્યું કે તેમનું સૌથી મોટું આકર્ષણનું કારણ ત્યાનું જીવન અને ડૉલર એક્સ્ચેન્જ રેસિયો છે. જો અમેરિકાના ડૉલરનો રેટ ભારતના રૂપિયાની સરખામણીમાં ૧ રૂપિયો થઈ જાય તો કોઈ પરદેશ જશે નહીં. ગેરકાયદે અમેરિકા જનારા મોટાભાગના પોતાનું બેગ્રાઉન્ડ, શિક્ષણ.. અને હું સ્પષ્ટ પણ કહીશ કે એવા લોકોનો સમાજમાં માનમોભો હોતો નથી એટલે કોઈ પણ પ્રકારે તેઓ અહીંથી ભાગી જવાના પ્રયત્ન કરતા હોય છે. ત્યાં ગયા પછી તેમને કાળી મજૂરી કરવી પડતી હોય છે. આ સાથે તેમણે કહ્યું કે, ગેરકાયદે પરદેશ ગયેલા લોકોને ત્યાં સ્ટોરોમાં કલાકો સુધી ઉભા રહેવું પડે, પેટ્રોલ પંપ પર કે કાર વોશમાં કામ કરવું પડે છે, સાદી ભાષામાં કહું તો તેમણે કાળી મજૂરી કરવી પડે છે.

**પાલનપુર નજીક લૂંટ કેસમાં પાટણ LCBને મળી સફળતા**

## છ કરોડની લૂંટમાં પાંચ શખ્સોને ઝડપી લેવાયા

**બે દિવસ અગાઉ સુરતમાં ૧ કરોડથી વધુના હીરાના લૂંટ કેસમાં ૫ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી**



| પાલનપુર, તા.૬ |

બનાસકાંઠાના પાલનપુર નજીક ૬ કરોડથી વધુના માલની લૂંટ કેસમાં પાટણ ન્ઝ્મ્ને મોટી સફળતા મળી હતી. ઘટનાના ગણતરીના કલાકોમાં પોલીસે લૂંટ કરીને ફરાર થયેલા પાંચ આરોપીઓને ઝડપી લીધા હતા. તમામ આરોપીઓને ડીસા-પાટણ રોડ પરથી ઝડપી લેવામાં આવ્યા હતા. મળતી જાણકારી અનુસાર, પાલનપુરના ચડોતર પાસે ૧૦ કિલો સોનાની લૂંટની ઘટનાને અંજામ આપનાર પાંચ આરોપીને પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યા હતા. અમદાવાદના ઋષભ જ્વેલર્સના ત્રણ કર્મચારીઓ સોના-ચાંદીના દાગીના અને હીરા લઈને ડીસાથી પાલનપુર જઇ રહ્યા હતા ત્યારે અજાણ્યા બુકાનીધારીઓએ તેમની કારને આંતરી હતી અને લૂંટ ચલાવી હતી. લૂંટારુઓએ સોની વેપારી પાસે રહેલા સોના, હીરા અને રોકડ મળી ૬ કરોડના લૂંટ ચલાવી હતી. લૂંટારૂઓ લૂંટ ચલાવી ફરાર થઈ જતા વેપારીએ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. ઘટનાની જાણ થતા પોલીસના ઉચ્ચ અધિકારીઓ ઉપરાંત પોલીસની ક્રાઈમબ્રાંચ, ર્જીંય સહિતની એજંસીઓ પણ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને અલગ અલગ ટીમ બનાવી ટેકનિકલ સર્વેલન્સ અને સીસીટીવીની મદદથી તપાસ શરૂ કરી હતી. પોલીસે લૂંટારૂઓને ઝડપી લેવા જિલ્લાભરમાં નાકાબંધી કરી હતી. જેને પગલે પાંચેય આરોપીઓ ડીસા-પાટણ રોડ પરથી ઝડપાયા હતા. હાલ આ કેસમાં પોલીસે વેપારીની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી હતી. નોંધનીય છે કે બે દિવસ અગાઉ સુરતમાં ૧ કરોડથી વધુના હીરાના લૂંટ કેસમાં ૫ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. ફક્ત ત્રણ કલાકમાં ડિટેક્શન કરી ૪.૫૮ કરોડ નો હીરાનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. સુરતના સરથાણામાં શ્યામધામ મંદિર પાસે આંગડિયામાં એક કરોડથી વધુના ડાયમંડ પાર્સલની લૂંટથી ચકચાર મચી ગઈ હતી.

## માંગરોળના ખેડૂતોના હાથમાં આવેલો કોળિયો છીનવાયો

| સુરત, તા.૬ |

રાજ્યના તમામ વિસ્તારોનાં મોટાભાગના ખેડૂતો વરસાદની રાહ જોઈ રહ્યા છે. ખેડૂતોએ પાકની વાવણી તો કરી દીધી પરંતુ પિયત માટે ન તો વરસાદ છે કે ન તો વીજળી બરાબર મળી રહી હોવાની ફરિયાદ થઈ રહી છે. વરસાદ ખેંચાતા ખેડૂતોની હાલત કફોડી બની છે. માંગરોળ તાલુકામાં સોયાબીનની ખેતી કરતાં ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. વરસાદ ન પડતાં પાકમાં જીવાત પડી જતાં ખેડૂતોના હાથમાં આવેલો કોળિયો છીનવાયો હોય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયુ છે. ખેડૂતોની સરકાર પાસે સર્વે કરાવી યોગ્ય વળતર ચૂકવવા માંગ કરી રહ્યા છે. જગતનો તાત પહેલીથી જ મુશ્કેલીઓનો સામનો કરતો આવ્યો છે. ત્યારે જાણે ખેડૂતોની મુશ્કેલી ઓછી હોય તેમ સુરત જિલ્લાના ખેડૂતો ઉપર એક મોટી આફત આવી પડી



છે. સુરત જિલ્લાના ખેડૂતોની હાલત દયનીય બની છે જેનું કારણ છે વરસાદનો વિરામ. વરસાદે વિરામ લેતાં માંગરોળ તાલુકાના ખેડૂતો મહા મુશ્કેલીમાં મુકાયા છે. ખેડૂતોએ સારા વરસાદની આશાએ સોયાબીનના પાકની વાવણી કરી હતી ત્યારે હાલ ખેડૂતોનો ઊભો પાક તૈયાર છે અને પાકમાં જીવાતો પડી જતાં ખેડૂતોનો તમામ પાક નષ્ટ થયો છે. ખૂબ સારી આશાએ ખેડૂતોએ પાકની વાવણી કરી હતી પરંતુ ચાલુ વર્ષે સારો વરસાદ ન પડતાં ખેડૂતોના ઊભા પાકમાં જીવાતો પડી જતાં ખેડૂતોના હાથમાં આવેલો કોળીયો છીનવાઈ ગયો છે. માંગરોળ તાલુકામાં મોટા ભાગના લોકો ખેતી પર જ નિર્ભર છે અને ખેતીમાં જે પણ આવક થાય તેના પર તેઓ આખા વર્ષનું આયોજન કરતાં હોય છે. ત્યારે સમયસર પધરામણી કરેલ મેઘરાજાએ ઓગસ્ટ મહિનામાં રિસામણા કરતા હાલ તો ખેડૂતો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. સોયાબીનની ખેતી કરતા ખેડૂતોને હાલ તો આખું વર્ષ ફેઈલ ગયું હોય તેવી ચિંતા સતાવી રહી છે. આ કારણે ખેડૂતોએ રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. સરકાર ખેતીવાડી વિભાગના અધિકારીઓ પાસે તાત્કાલિક સર્વે કરાવી તાત્કાલિક વળતર ચુકવે તેવી ખેડૂતો માંગ કરી રહ્યા છે.

## ૧ સપ્ટેમ્બરથી ૩૦ સપ્ટેમ્બર સુધી ખેડા જિલ્લામાં ઉજવાશે પોષણ માસ અભિયાન

**પોષણ માસ અભિયાન- ૨૦૨૩ની થીમ "સુપોષિત ભારત, સાક્ષર ભારત, સશક્ત ભારત" છે**

| નડિયાદ, તા.૬ |

"સહી પોષણ દેશ રોશન" ના સંકલ્પ સાથે વડાપ્રધાનશ્રી દ્વારા પોષણ અભિયાનની શરૂઆત ૮મી માર્ચ, ૨૦૧૮ ના રોજ શરૂ કરવામાં આવી હતી. જે અંતર્ગત ગત વર્ષ મુજબ ચાલુ વર્ષે પણ ૧ થી ૩૦ સપ્ટેહમ્બર ૨૦૨૩ દરમ્યાન સમગ્ર રાજય સહિત ખેડા જિલ્લામાં પણ પોષણ માસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ વર્ષે સમગ્ર ભારતમાં પોષણ માસનું કેન્દ્રબિંદુ પોષણ આધારિત સંવેદના માટે માનવ જીવનચક્રના મુખ્ય તબક્કાઓ એટલે કે ગર્ભાવસ્થા, બાલ્યાવસ્થા, બાળપણ અને કિશોરાવસ્થા વિશે જાગૃતિ પર છે. આ વર્ષની પોષણ માહની થીમ "સુપોષિત ભારત, સાક્ષર ભારત, સશક્ત ભારત" છે. તદનુસાર, પોષણ માહ-૨૦૨૩ દરમિયાન વિવિધ



થીમ પર ધ્યાન કેન્દ્રિત કરતી પ્રવૃત્તિઓ જેવી કે માત્ર ને માત્ર સ્તનપાન અને પૂરક આહાર, સ્વસ્થ બાળક સ્પર્ધા (SBS), પોષણ ભી પઢાઈ ભી(PBPB), મિશન LiFE દ્વારા પોષણ સ્તરમાં સુધારો, મારી માટી મારો દેશ (MMMD), આદિવાસી કેન્દ્રિત પોષણ સેન્સિટાઈઝેશન, ટેસ્ટ, ટ્રીટ, ટોક - એનેમિયા ઉપર ભાર મુકવામાં આવશે. પોષણ માહની ઉજવણી માટે નોડલ વિભાગ તરીકે મહિલા અને બાળ વિકાસ વિભાગ આઈ. સી.ડી.એસ.શાખા, ખેડા જિલ્લા પંચાયત, નડિયાદ દ્વારા કલેકટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ જુદા જુદા વિભાગ સાથે સંકલન કરી વિવિધ જનઆંદોલન પ્રવૃત્તિઓનું જિલ્લા અને તાલુકા કક્ષાએ / ગ્રામ્ય કક્ષાએ આયોજન કરવામાં આવ્યું છે.

આરોગ્ય અને પોષક સેવાઓને પ્રોત્સાહન આપવા માટે આંગણવાડી કાર્યકર દ્વારા લાભાર્થીઓની ગૃહ મુલાકાત, એનિમિયા કેમ્પ, પોષણ વર્કશોપ, પોષણ રેલી, કિશોરી મિટિંગ, સાયકલ રેલી, પોષણ રંગોલી, વાનગી નિદર્શન કાર્યક્રમ, વગેરે જેવી પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે.

### જે વ્યક્તિ વ્રત કરે છે તેને અને તેના પરિવારની દરેક પ્રકારના રોગથી મુક્તિ મળે છે

| અમદાવાદ, તા.૬ |

સનાતન ધર્મમાં દરેક વ્રત-તહેવારનું વિશેષ મહત્વ જણાવવામાં આવ્યું છે. તેમાંથી જ એક છે શીતળા સાતમનું વ્રત. શીતળા સાતમ દર વર્ષે શ્રાવણ માસના કૃષ્ણ પક્ષની સાતમે ઉજવવામાં આવે છે. આ દિવસે દેવી શીતળાની પૂજા અર્ચના કરીને તેમના નિમિત્તે વ્રત રાખવામાં આવે છે અને વાસી ભોજનનો જ ભોગ લગાવવામાં આવે છે. શીતળા સાતમના દિવસે ચૂલો કે સગડી સળગાવવામાં આવતો નથી, આખો દિવસ ટાઢું ખાવું અને શીતળા માઁની વાર્તા સાંભળવી અથવા વાંચવી. આ પર્વને શીતળા સાતમ કે ટાઢી સાતમ કહે છે. આ પર્વના દિવસે સ્ત્રીઓ શીતળા માતા પાસે પોતાના બાળકોની રક્ષા માટે પ્રાર્થના કરે છે. શીતળા સાતમ દિવસના આગલા દિવસે એટલે કે રાંધણ છઠ્ઠ પર રાંધી લીધા પછી બહેનો સગડી, ગેસના ચૂલા વગેરે સાધનોની પૂજા કરે છે અને બીજે દિવસે એટલે શીતળા સાતમને દિવસે પ્રાત:કાળમાં ઊઠી ઠંડા પાણીએ સ્નાન કરી પૂજા કરે છે. ધાર્મિક માન્યતાઓ અનુસાર, જે વ્યક્તિ આ વ્રત કરે છે, તેને અને તેના પરિવારની દરેક પ્રકારના રોગથી મુક્તિ મળે છે.

**વિશેષ લેખ** **ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા ERP સિસ્ટમનું અસરકારક અમલીકરણ**

# 'ગરવી-ગુર્જરી'માં ERP સિસ્ટમ : ૩.૧૧ લાખથી વધુ ચીજ-વસ્તુઓનું કરાયું બારકોડિંગ, ચાલુ વર્ષે રૂપિયા ૨૫ કરોડના વેચાણનું લક્ષ્ય

ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકળા વિકાસ નિગમે એન્ટરપ્રાઈઝ રિસોર્સ પ્લાનિંગ (ERP) સિસ્ટમનું સફળ અમલીકરણ કર્યુ છે. નિગમના વેચાણ કેન્દ્રો એટલે કે ગરવી-ગુર્જરી એમ્પોરિયમમાં ERP સિસ્ટમ કાર્યાન્વિત થતાં હસ્તકલા-હાથશાળ કારીગરો દ્વારા ઉત્પાદિત ચીજ-વસ્તુઓના બારકોડિંગની કામગીરી હાથ ધરાઈ છે. આ સાથે જ હવે નિગમ માટે ગરવી-ગુર્જરીમાં વેચાણ થતા માલ-સામાનનું ટ્રેકિંગ તથા માંગમાં રહેલી એટલે કે ડિમાંડિંગ આઈટમની ઓળખ કરવાનું કામ સરળ બની ગયું છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી તમામ દેશવાસીઓને સ્થાનિક કારીગરોને પ્રોત્સાહન આપવા માટે 'વોકલ ફોર લોકલ' નું આહ્વાન કરી રહ્યા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર પણ સ્થાનિક કારીગરો અને કસબીઓની કલાકૃતિઓના વેચાણને પ્રોત્સાહન મળે તે માટે પ્રયત્નશીલ છે, ત્યારે આ ERP સિસ્ટમના અમલીકરણથી રાજ્યના કારીગરોને ઘણો ફાયદો થઈ રહ્યો છે. તાજેતરમાં જ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (IIM) ના પાંચ યુવાનો સાથે મીટિંગ પણ કરી હતી, જેઓ રાજ્ય સરકારના ઉપક્રમ ગરવી ગુર્જરી એમ્પોરિયમના રિબ્રાન્ડિંગ અને રિપોઝિશનિંગ પ્રોજેક્ટમાં સહયોગ કરશે. નિગમના વહીવટી સંચાલક (એમડી) શ્રી લલિત નારાયણ સિંહ સાંદુએ જણાવ્યું કે નિગમ સંચાલિત ગરવી ગુર્જરીમાં ERP સિસ્ટમનું અમલીકરણ થતાં ઉત્પાદનોના રિબ્રાન્ડિંગ તથા રિપોઝિશનિંગનું કામ સરળ બન્યું છે. ERPના અમલીકરણથી ગરવી ગુર્જરીની કામગીરીમાં નોંધપાત્ર પરિવર્તન આવવાં લાગ્યા છે. નવી ERP સિસ્ટમ દ્વારા નિગમની ચીજ-વસ્તુઓની યાદીના સંચાલનમાં સરળતા અને યાદીના સંગ્રહમાં સમયનો બચાવ થવાથી કામગીરી ઝડપી બની અને બિનકાર્યક્ષમતા દૂર થઈ છે. શરૂઆતમાં નિગમના ૨૦ એમ્પોરિયમ અને ૬ ટીસીપીસીમાં હયાત ૩,૧૧,૪૧૩ ચીજ-વસ્તુઓને બારકોડેડ સજ્જ કરવામાં આવી. નિગમના તમામ એમ્પોરીયમમાં અન્ય ચીજ-વસ્તુઓ પણ ઉપલબ્ધ છે, જેમાં કુલ ૩,૧૧,૪૧૩ બારકોડેડ ચીજ-વસ્તુઓ અને કુલ ૨૧,૫૦૭ SKUજ ઉપલબ્ધ છે. સામાનનું બારકોડિંગ થવાથી એ બાબતની આગોતરી માહિતી મળી રહે છે કે સંબંધિત સામાનની કેટલી માંગ છે, કેટલું વેચાણ છે અને તેના આધારે તેના ઉત્પાદન તથા સંગ્રહનો નિર્ણય કરવામાં મદદ મળે છે.

**ગરવી ગુર્જરી થકી ચાલુ વર્ષે વેચાણ રૂ.૨૫ કરોડ સુધી લઇ જવાનું લક્ષ્ય**

ERP સિસ્ટમ દ્વારા ડેટા એનાલિસિસ કરાતાં આવનાર સમયમાં જે ચીજ-વસ્તુઓનું વેચાણ વધુ થવાનું હોય, તેનું સચોટ અનુમાન લગાવી શકાય છે,





તેમજ બિનજરૂરી ચીજ-વસ્તુ કે જેનું વેચાણ ખૂબ જ નહીવત્ છે તેનો વધુ સંગ્રહ નિવારી શકાય છે. આ સિસ્ટમ થકી નિગમને ડિમાંડિંગ આઈટમોની ઓળખ કરવામાં અનુકૂળતા મળી છે. હાલમાં ડિમાંડિંગ આઈટમ તરીકે સાડી, દુપટ્ટો, બૅડશીટ, હોમ ડેકોર જેવી વસ્તુઓનો સમાવેશ થાય છે. નિગમે ગરવી-ગુર્જરી થકી ગત વર્ષે રૂ.૧૩ કરોડનું વેચાણ કર્યુ છે કે જેને ચાલુ વર્ષે રૂ. ૨૫ કરોડ પર લઈ જવાનું લક્ષ્ય છે.

**સુવ્યવસ્થિત ઉત્પાદન તથા માહિતી આધારિત નિર્ણય**

ERP સિસ્ટમ થકી ડેટા એનાલિસિસ કરી આવનારા સમયમાં જરૂર પડનારી ચીજ-વસ્તુઓનું ઉત્પાદન આગોતરું કરી શકાય છે અને ચીજ-વસ્તુઓના વેચાણમાં વધારો કરી નિગમની આર્થિક સદ્ધરતા હાંસલ કરી શકાય છે, જેના પરિણામે અવ્યવસ્થિત કાર્યપ્રવાહ અને લઘુત્તમ ઉત્પાદનના અવરોધો દૂર થાય છે.

**ઉન્નત ગ્રાહક સેવા**

ERP સિસ્ટમ નિગમની ખરીદીની સંપૂર્ણ માહિતી અને નિગમના એમ્પોરિયમ સાથે કેન્દ્રીય કૃત સંદેશાની આપ-લેથી દ્વારા ગ્રાહકો સાથેના સબંધ વધુ સક્ષમ કરે છે. ભવિષ્યમાં આ સિસ્ટમ ગ્રાહકોની વ્યક્તિગત પ્રતિક્રિયાઓ અને સુધારેલ ગ્રાહક સંતોષમાં પરિવર્તન લાવી શકે તેમ છે. ERP સિસ્ટમ નિગમના એમ્પોરિયમ સુધી કામ કરી રહી છે. જે દરેક એમ્પોરિયમની કામગીરી તથા સૌથી વધુ વેચાણની ચીજ-વસ્તુઓ અને સૌથી ઓછા વેચાણની ચીજ-વસ્તુઓની વિગતોથી માહિતગાર કરે છે. આ માહિતીથી સજ્જ સિસ્ટમ નિગમના સ્ટોર વિશ્લેષણની વ્યૂહરચના બનાવી શકે છે, ઉત્પાદિત જથ્થાની ભરપાઈ માટે માહિતી આધારિત નિર્ણયો લઈ શકે છે અને અંતે વેચાણમાં વધારો કરી શકે છે.

TCPC સ્તરે, ERP સિસ્ટમનો પ્રભાવ ખૂબ મહત્વ ધરાવે છે તેમજ ચીજ-વસ્તુઓની ખરીદી માટે ખરીદ રેકૉર્ડને ટ્રેક કરવા, યાદી સંચાલનને વધુ સારુ બનાવવા તેમજ ખરીદી જાણકારના નિર્ણયો માટે એક વ્યાપક ડિજિટલ વ્યવસ્થાની જોગવાઈ કરી છે. TCPC સ્તર પર ERP ડેશબોર્ડ ઉત્પાદન વિગતો, પ્રાપ્તિ વિગતો, સામગ્રીની વિગતો અને કારીગરોની માહિતી જેવી મહત્વપૂર્ણ સુવિધાઓથી સજ્જ છે.

**પ્રશાંત સી. તથા મૌલિક પટેલની મહત્વની ભૂમિકા**

શ્રી લલિત નારાયણ સિંહ સાંદુએ જણાવ્યું કે ERPના અસરકારક અમલીકરણમાં IIM બેંગલુરુના ઈન્ટર્ન શ્રી પ્રશાંત સી. તથા નિગમના આસિસ્ટન્ટ મૅનેજર શ્રી મૌલિક પટેલની મહત્વની ભૂમિકા રહી છે. શ્રી પ્રશાંતે એન્જીનિયરિંગ-પ્રોડક્શન ક્ષેત્રની વૈશ્વિક કંપની એલ્સ્ટોમમાં પોતાના કાર્યકાળના અનુભવનો ઉપયોગ ગરવી-ગુર્જરીમાં ઈઈઁ સિસ્ટમ લાગુ કરવામાં કર્યો. તેમનો એક્સપોઝર ગેમ ચેન્જર સાબિત થયો. તેવી જ રીતે શ્રી મૌલિક પટેલના નેતૃત્વ હેઠળ ગરવી-ગુર્જરી ટીમમાં પરંપરાગત પદ્ધતિઓમાંથી ટેક્નોલૉજી સાથે સજ્જ માળખા તરફ જવાનો માર્ગ મોકળો થયો.

### ભારતની યજમાનીમાં ૯-૧૦ સપ્ટેમ્બરે જીર૦ સમિટ યોજાશે

# ઈન્ડિયા-ભારત, સનાતન ધર્મ પર જીભને કાબૂમાં રાખવા મંત્રીઓને મોદીની સલાહ

## તમામ મંત્રીઓને કેટલીક શરતોના આધારે સનાતન ધર્મ વિવાદ પર બોલવાની મંજૂરી, ભારત અને ઈન્ડિયા પર કંઈપણ ન બોલવા વડાપ્રધાનની સલાહ

। નવી દિલ્હી, તા.૬ ।

ભારતની યજમાની હેઠળ દિલ્હીમાં ૯ અને ૧૦ સપ્ટેમ્બર એમ ૨ દિવસ જી૨૦ બેઠક યોજાવાની છે. તે પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૭મી સપ્ટેમ્બરે ઈન્ડોનેશિયાના ટુંકા પ્રવાસે જવાના છે. તો બીજીતરફ જી૨૦ના રાત્રીભોજનના આમંત્રણ કાર્ડ પર 'પ્રેસિડેન્ટ ઓફ ઈન્ડિયા'ના બદલે 'પ્રેસિડેન્ટ ઓફ ભારત'નો ઉલ્લેખ કરાતા કોંગ્રેસે કેન્દ્ર સરકાર પર 'ઈન્ડિયા'નું નામ હટાવવાનો આરોપ લગાવ્યો છે. આ મામલે વિપક્ષી નેતાઓ કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કરી રહ્યા છે, ત્યારે પીએમમોદીએ આજે 'ભારત' અને 'ઈન્ડિયા' તેમજ સનાતન ધર્મ અંગે મંત્રીઓને મહત્વની સલાહ આપી છે. આજે મંત્રી પરિષદની બેઠકમાં વડાપ્રધાન મોદીએ તમામ મંત્રીને સલાહ આપી છે કે, તેઓ 'ભારત' અને 'ઈન્ડિયા' પર કંઈપણ ન બોલે... સૂત્રોએ આ જાણકારી આપી છે. ઉપરાંત બેઠકમાં પીએમ મોદીએ સનાતન ધર્મનો પણ ઉલ્લેખ કર્યો છે. તેમણે તમામ મંત્રીઓને કેટલીક શરતોના આધારે સનાતન ધર્મ વિવાદ પર બોલવાની મંજૂરી આપી છે. સૂત્રોના જણાવ્યા મુજબ વડાપ્રધાન મોદીએ તેમના મંત્રીઓને એમ પણ કહ્યું છે કે, જી૨૦ની બેઠક પર અધિકૃત વ્યક્તિ સિવાય કોઈપણ મંત્રી ન બોલે... પીએમ મોદીએ જી૨૦ની બેઠકમાં બસ પૂલનો ઉપયોગ કરવાની વિશેષ સલાહ આપી છે. સૂત્રો મુજબ વડાપ્રધાને કહ્યું કે, ૯ સપ્ટેમ્બરે યોજાનાર રાત્રિભોજનમાં ભાગ લેનાર મંત્રીઓ વાહનો દ્વારા સંસદ ભવનના પરિસરમાં આવે અને ત્યાંથી બસોમાં બેસી વેન્યૂ સુધી પહોંચે. જી૨૦ના રાત્રિભોજનમાં આમંત્રિત કરાયેલ મુખ્યમંત્રીઓ તેમના કાફલા સાથે સંસદ ભવન પરિસર સુધી પહોંચશે અને ત્યાંથી બસોમાં બેસી વેન્યૂ જશે... મંત્રીઓ અને મુખ્યમંત્રીઓએ રાત્રિભોજન માટે સંસદ ભવન પરિસરમાં સાંજે ૫.૫૦ સુધી પહોંચવાનું રહેશે અને વેન્યૂ સુધી ૬.૩૦ સુધીમાં પહોંચવું પડશે.



### કેન્દ્ર સરકાર વિપક્ષી ગઠબંધન ઈન્ડિયાથી ડરી ગઈ છે

જીર૦ શિખર સંમેલન અગાઉ વડાપ્રધાન મોદી ૭મીને ગુરુવારે ઈન્ડોનેશિયા જવા માટે રવાના થશે. પીએમમોદી આસિયાન-ભારત શિખર સંમેલન અને ૧૮માં પૂર્વ એશિયા શિખર સંમેલનમાં ભાગ લેવા માટે ઈન્ડોનેશિયાના જકાર્તા જશે. તેઓ ઈન્ડોનેશિયાના ટુંકા પ્રવાસે જશે. પીએમ મોદી આ વર્ષે ઈન્ડોનેશિયાનો બીજી વખત પ્રવાસ કરશે. અગાઉ તેમણે નવેમ્બર-૨૦૨૨માં બાલીમાં જીર૦ શિખર સંમેલનમાં ભાગ લીધો હતો. આસિયામાં કુલ ૧૦ સભ્ય દેશો છે, જેમાં બ્રુનેઈ, કમ્બોડિયા, ઈન્ડોનેશીયા, લાઓસ, મલેશીયા, મ્યાનમાર, ફિલિપિન્સ, સિંગાપુર, થાઈલેન્ડ અને વિયેતનામનો સમાવેશ થાય છે... આસિયાનની સ્થાપના ૧૯૬૭માં ૮મી ઓગસ્ટના રોજ કરવામાં આવી હતી. ઉલ્લેખનિય છે. કે, ભારતની યજમાની હેઠળ ૯મીને શનિવાર અને ૧૦મી સપ્ટેમ્બરને રવિવારે એમ ૨ દિવસ જીર૦ શિખર સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલનમાં અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેન સહિત વિશ્વભરના ઘણા દેશોના વડાઓ ભાગ લેશે... રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂ તરફથી ૯મી સપ્ટેમ્બરે જીર૦ રાત્રિભોજનનું આયોજન કરાયું છે. જીર૦ શિખર સંમેલન અગાઉ વડાપ્રધાન મોદી ૭મીને ગુરુવારે ઈન્ડોનેશિયા જવા માટે રવાના થશે. પીએમમોદી આસિયાન-ભારત શિખર સંમેલન અને ૧૮માં પૂર્વ એશિયા શિખર સંમેલનમાં ભાગ લેવા માટે ઈન્ડોનેશિયાના જકાર્તા જશે. તેઓ ઈન્ડોનેશિયાના ટુંકા પ્રવાસે જશે. પીએમ મોદી આ વર્ષે ઈન્ડોનેશિયાનો બીજી વખત પ્રવાસ કરશે. અગાઉ તેમણે નવેમ્બર-૨૦૨૨માં બાલીમાં જીર૦ શિખર સંમેલનમાં ભાગ લીધો હતો. આસિયામાં કુલ ૧૦ સભ્ય દેશો છે.

### અગરકર અને રોહિતે વર્લ્ડ કપની ટીમ જાહેર કરી

# પાકિસ્તાન સામેની મેચ સંદર્ભના સવાલ પર રોહિત શર્મા ઉશ્કેરાયો

## આ ઘટનાનો વીડિયો સોશ્યલ મીડિયા પર ખુબ વાયરલ

। કોલંબો, તા.૬ ।

ભારતીય ક્રિકેટ ટીમના ચીફ સેલેક્ટર અજીત અગરકર અને કેપ્ટન રોહિત શર્માએ પ્રેસ કોન્ફરન્સ દ્વારા ગઈકાલે વનડે વર્લ્ડ કપ ૨૦૨૩ માટે ૧૫ સભ્યોની ટીમ જાહેર કરી હતી. ત્યારબાદ બંને લોકોએ મળીને મીડિયાના સવાલોના જવાબ પણ આપ્યા હતા. આ પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ભારતીય ટીમના કેપ્ટન રોહિત શર્માથી એક એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો જેને સાંભળતા જ તે ગુસ્સે થઈ ગયા હતા અને તેણે કડક શબ્દોમાં આ સવાલનો જવાબ આપ્યો હતો. આ ઘટનાનો વીડિયો સોશ્યલ મીડિયા પર ખુબ વાયરલ થઈ રહ્યો છે. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન કેપ્ટન રોહિત શર્માથી પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો કે જયારે પણ ભારતીય ટીમ પાકિસ્તાન સામે ખરાબ પ્રદર્શન કરે છે તો બહારનું પણ વાતાવરણ બગાડી જતું હોય છે.

આ સવાલ પર રોહિત ભડકી ઉઠ્યો અને પોતાના અંદાજમાં જ પત્રકારને જવાબ આપતા કહ્યું, 'મને નથી લાગતું કે આનાથી કંઈ ફર્ક પણ પડે છે અને મને હવે વર્લ્ડ કપમાં પણ આ સવાલ ન પૂછતાં. આના વિશે વાત કરવાનો કોઈ મતલબ નથી. અમારું ફોકસ અત્યારે બીજી વસ્તુ પર છે અને એક ટીમ તરીકે અમે તેના પર જ ફોકસ કરવા માંગીએ છીએ. યુઝવેન્દ્ર ચહલ, આર અશ્વિન અને વોશિંગ્ટન સુંદરને ટીમમાં સ્થાન મળ્યું નથી. જે ખેલાડીઓને ટીમમાં જગ્યા નથી મળી તેમનાં અંગે રોહિત કહ્યું કે, ટીમ મેનેજમેન્ટને ઘણી વખત ટીમના ફાયદા માટે નિર્ણયો લેવા પડે છે. ટીમમાં પોતાની જગ્યા માટે સંઘર્ષ કરવું ખરાબ વાત નથી. જેમ જેમ પડકાર વધે છે તેમ તેમ સિલેકશન કઠિન થતું જાય છે. અમને જોવું પડે છે કે કયો ખેલાડી ફોર્મમાં છે અને વિરોધી ટીમને જોતા કયો ખેલાડી યોગ્ય હશે. આવું હંમેશા થતું હોય છે.

### લંકા પ્રીમિયર લીગ દરમિયાન મેચ ફિક્સની કોશિશ

# પૂર્વ ક્રિકેટર સચિત્રા સેનાનાયકની મેચ ફિક્સિંગ કેસમાં ધરપકડ

## ખેલાડીએ કથિત રીતે બે ખેલાડીને મેચ ફિક્સ કરવા ઉશ્કેર્યા

। કોલંબો, તા.૬ ।

શ્રીલંકા ટીમના પૂર્વ ખેલાડી સચિત્રા સેનાનાયાકેની મેચ ફિક્સિંગના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. સેનાનાયાકે પર વર્ષ ૨૦૨૦માં લંકા પ્રીમિયર લીગ દરમિયાન મેચ ફિક્સ કરવાની કોશિશ કરવાનો આરોપ લાગ્યો હતો. તેણે કથિત રીતે બે ખેલાડીઓને મેચ ફિક્સ કરવા ઉશ્કેર્યા હતા.

કોર્ટે ત્રણ અઠવાડિયા પહેલા સેનાનાયાકેના વિદેશ જવા પર પણ પ્રતિબંધ મુક્યો હતો.

સેનાનાયાકેને ખેલ મત્રાલયની વિશેષ ઈક્વાયરી કમિટી સામે આત્મસમર્પણ કર્યા બાદ ધરપકડ કરવામાં આવી હતી. તેના પર આરોપ છે કે તેણે બે ખેલાડીઓથી મેચ ફિક્સ કરવા માટે ફોન દ્વારા સંપર્ક કર્યો હતો. ગયા મહિને આ મામલે કોલંબોની મુખ્ય મેજિસ્ટ્રેટ કોર્ટમાં સુનાવણી શરુ થતા સેનાનાયાકેના દેશ છોડવા પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો હતો.

મેચ ફિક્સિંગને લઈને પોતાના અપર લાગેલા આક્ષેપોને સેનાનાયાકે સંપૂર્ણપણે ખોટા ગણાવ્યા છે. શ્રીલંકા તરફથી સેનાનાયાકે વર્ષ ૨૦૧૨માં ઈન્ટરનેશનલ ડેબ્યૂ કર્યું હતું. સેનાનાયાકે શ્રીલંકા માટે ૪૯ વનડે મેચોમાં ૩૫.૩૫ના સરેરાશથી ૫૩ વિકેટ લીધી છે. આ ઉપરાંત તેણે 24 T20 મેચોમાં ૨૫ વિકેટ ઝડપી છે.

### સપ્તાહના સતત ત્રીજા દિવસે શેરબજારમાં તેજી

# સેન્સેક્સમાં ૧૦૦ અને નિફ્ટીમાં ૩૬ પોઈન્ટનો ઊછાળો જોવા મળ્યો

। મુંબઈ, તા.૬ ।



ભારતીય શેરબજાર આ અઠવાડિયે સતત ત્રીજા દિવસે તેજી સાથે બંધ થયું છે. જોકે, આ તેજી બજાર બંધ થવાના છેલ્લા કલાકમાં આવી છે. એફએમસીજી ફાર્મા શેરોમાં ખરીદીને કારણે બજાર લીલા નિશાન સાથે બંધ થયું. બીએસઈસેન્સેક્સ ૧૦૦ પોઈન્ટના ઉછાળા સાથે ૬૫,૮૮૦ પર અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૩૬ પોઈન્ટના ઉછાળા સાથે ૧૯,૬૧૧ પર બંધ થયો હતો.

આજના કારોબારમાં ફાર્મા, એફએમસીજી, એનર્જી, મીડિયા, ઈન્ફ્રા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, હેલ્થકેર, ઓઈલ અને ગેસ સેક્ટરના શેરમાં ખરીદારી જોવા મળી રહી છે. જ્યારે આઈટી, ઓટો, બેંકિંગ, મેટલ્સ, રિયલ એસ્ટેટ શેરો ઘટીને બંધ રહ્યા હતા. મિડ-કેપ અને સ્મોલ-કેપ શેરોમાં તેજી ચાલુ રહી હતી અને બંને સૂચકાંકો વધારા સાથે બંધ થયા હતા. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૧૫ વધ્યા અને ૧૫ નુકસાન સાથે બંધ થયા. જ્યારે નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૨૯ શેર વધીને અને ૨૧ ઘટીને બંધ રહ્યા હતા. આજે બીએસઈપર લિસ્ટેડ કંપનીઓની કુલ માર્કેટ કેપિટલાઈઝેશન ૬ સપ્ટેમ્બરના રોજ વધીને રૂ. ૩૧૭.૩૬ લાખ કરોડ થઈ હતી, જે તેના અગાઉના ટ્રેડિંગ ડે એટલે કે મંગળવાર, ૫ સપ્ટેમ્બરે રૂ. ૩૧૬.૬૪ લાખ કરોડ હતી. આ રીતે બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓના માર્કેટ કેપમાં આજે લગભગ ૭૨ હજાર કરોડ રૂપિયાનો વધારો થયો છે.



નાદિયા ખાતે જન્માષ્ટમી ફેસ્ટિવલની ઉજવણી દરમિયાન નાના છોકરાઓ શ્રીકૃષ્ણના અવતારમાં જોવા મળ્યા હતાં.

# ૧૪ વર્ષના બાળકનું હડકાયા કૂતરાના કરડી જવાથી મોત

। ગાજિયાબાદ, તા.૬ ।

ગાજિયાબાદમાં એક ૧૪ વર્ષના બાળકને હડકાયા કુતરાના કરડવાથી મોત થયુ છે. બાળકે લગભગ દોઢ મહિના પહેલા એક કુતરો કરડ્યો હતો. પરંતુ ડરના કારણે બાળકે તેના પરિવારને તેના વિશે કોઈ વાત નહોતી કરી. થોડાક દિવસો પહેલા બાળકમાં હડકવાના લક્ષણો જોવા મળ્યા તેથી તેના પિતાએ ડોક્ટર પાસે ચેકઅપ કરાવ્યું. ડોક્ટરે હડકવા વિશે રિપોર્ટ કરાવ્યા. અને તેની સારવાર માટે વિવિધ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો પરંતુ ડોક્ટરોએ જવાબ આપી દીધો. અને આખરે બાળકનું મોત થયુ હતું. રિપોર્ટ પ્રમાણે ગાજિયાબાદના વિજયનગરની ચરણસિંહ કોલોનીમાં રહેતો હતો. અહી રહેતા પરિવારના એક બાળકને આશરે દોઢ મહિના પહેલા કુતરો કરડ્યો હતો. જાણકારી પ્રમાણે કોલોનીના રહેનારી એક મહિલાના કુતરો આ બાળકને કરડ્યો હતો. પરંતુ ડરના કારણે બાળકે ઘરમાં કોઈને વાત ન કરી. ત્યાર બાદ થોડા દિવસ પહેલા બાળકને હવા અને પાણીથી ડર લાગવા મંડ્યો.

# વર્લ્ડ કપ ૨૦૨૩ માટેની ટીમ ઈન્ડિયા વૃદ્ધ ટીમ

। નવી દિલ્હી, તા.૬ ।

વર્લ્ડ કપ ૨૦૨૩ માટે બીસીસીઆઈએ ગઈકાલે ૧૫ સભ્યોની ટીમ જાહેર કરી હતી. લાંબી ઈજા બાદ કે એલ રાહુલને એક પણ મેચ રમ્યા વગર આ ૧૫ સભ્યોની ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત વનડે ફોર્મેટમાં ખરાબ ફોર્મથી ગુજરી રહેલા સુર્યકુમાર યાદવને પણ ટીમમાં જગ્યા મળી છે. આ તમામ આલોચનાઓ વચ્ચે એક અન્ય બાબત પણ ચેહ જેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા જેવું છે. ગયા ત્રણ વર્લ્ડ કપ માટે પસંદ કરવામાં આવેલી ભારતીય ટીમથી આ વખતે પસંદ કરાયેલ સ્કોડનું એનાલિસિસ કરીએ તો આ વખતે સૌથી વધુ વયના ખેલાડીઓની ટીમમાં પસંદગી કરવામાં આવી છે. વર્લ્ડ કપ ૨૦૨૩નું આયોજન આ વર્ષે ભારતમાં કરવામાં આવી રહ્યું છે. બીસીસીઆઈદ્વારા જાહેર કરાયેલી ૧૫ સભ્યોની ટીમમાં ૭ ખેલાડીઓ એવા છે જે ૩૦ની ઉંમર વટાવી ચુક્યા છે. આ સ્ક્વોડમાં ભારતીય ટીમના કેપ્ટન રોહિત શર્માની ઉંમર સૌથી વધુ છે. રોહિતની ઉંમર ૩૬ વર્ષ છે. જો વર્લ્ડ કપ સ્ક્વોડમાં સૌથી યુવા ખેલાડીની વાત કરવામાં આવે તો તેમાં ભારતીય ઓપનર શુભમન ગિલ ટોપ પર છે.



### ચૂંટણી નજીક આવતા રાજકીય પક્ષોએ ધર્મનો મુદ્દો ચગાવ્યો

# હિન્દુ ધર્મની શરૂઆત ક્યારે થઇ તેને લઇને હજુ સવાલ : જી.પરમેશ્વર

। નવી દિલ્હી, તા.૬ ।



લોકસભા ચૂંટણી નજીક આવતા જ રાજકીય પક્ષો ફરી ધર્મને મુદ્દો બનાવવા લાગ્યા છે. તમિલનાડુના મુખ્યમંત્રી સ્ટાલિનના દીકરા ઉદયનિધિ સ્ટાલિનની સનાતન ધર્મ અંગે ટિપ્પણી બાદ હોબાળો થઈ જવાથી વિવિધ નેતાઓ આ મામલે પ્રતિક્રિયા આપી રહ્યા છે. આ દરમિયાન તાજેતરના ઘટનાક્રમમાં કર્ણાટકના મંત્રી જી.પરમેશ્વરે હિન્દુ ધર્મ અંગે સવાલો ઊઠાવ્યા હતા. જોકે હવે તેમના સવાલોથી પણ વિવાદ છંછેડાવાની અને સનાતન ધર્મ અંગેનો વિવાદ વધુ વકરવાની શક્યતાઓ વધી ગઈ છે. કર્ણાટકના મંત્રી જી.પરમેશ્વરે કહ્યું કે બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મની શરૂઆત વિશે બધા જાણે છે પણ હિન્દુ ધર્મની શરૂઆત ક્યારે થઈ તેને લઈને હજુ સવાલ ઊભો થાય છે. અહેવાલ અનુસાર તેમણે કહ્યું કે દુનિયાના ઈતિહાસમાં અનેક ધર્મનો ઉદય થયો. જૈન અને બૌદ્ધ ધર્મનો જન્મ અહીં જ થયો. હિન્દુ ધર્મનો જન્મ ક્યારે થયો અને તેની શરૂઆત કોણે કરી, આ હજુ પણ એક મોટો સવાલ છે.

# કેન્દ્ર સરકારે કહ્યુ નામ બદલવાની વાત અફવા

## G20 સમિટ સમાપ્ત થયા પછી સરકારે ૧૮ થી ૨૩ સપ્ટેમ્બર સુધી સંસદનું વિશેષ સત્ર બોલાવ્યું છે

। નવી દિલ્હી, તા.૬ ।

દેશનું નામ ભારત હોવું જોઈએ કે ઈન્ડિયા હોવું જોઈએ તે અંગે ચર્ચાઓ, દલીલો અને પ્રતીકોની રાજનીતિ શરૂ થઈ ગઈ છે. આ વિવાદ વચ્ચે કેન્દ્ર સરકારે નામ બદલવાની બાબતને માત્ર અફવા ગણાવી છે, જ્યારે ભાજપે વિપક્ષને પ્રશ્ન પૂછ્યો હતો કે નામ બદલવાથી તેમને શું સમસ્યા છે. આ વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે ભારતીય રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ૮ થી ૧૦ સપ્ટેમ્બર વચ્ચે યોજાનારી G૨૦ બેઠક દરમિયાન ૯ સપ્ટેમ્બરે દેશના મહાનુભાવોને આમંત્રણ પત્રિકા મોકલી છે. આ આમંત્રણ પત્રિકામાં પ્રેસિડેન્ટ ઓફ ભારત લખવામાં આવ્યું હતું. આ પછી વિપક્ષે આ નામને લઈને સરકાર પર રાજકીય તીર છોડવાનું શરૂ કર્યું. આ બધાની વચ્ચે વિદેશ મંત્રાલયે પણ વડાપ્રધાન મોદીના ઈન્ડોનેશિયાના પ્રવાસ પર પ્રાઈમ મિનિસ્ટર ઓફ ભારત લખ્યું હતું. આ દરમિયાન કેન્દ્રીય કેબિનેટ મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું હતું, 'નામ બદલવાની વાત માત્ર અફવા છે, સંસદના વિશેષ સત્રમાં આવું કંઈ થવાનું નથી. હું ભારત સરકારમાં મંત્રી છું અને G૨૦ના લોગોમાં ઈન્ડિયા અને ભારત બંને લખાય છે, તો પછી કેમ બિનજરૂરી અફવાઓ ફેલાવવામાં આવે છે. આવી અફવાઓ કોણ ફેલાવે છે? તેમણે કહ્યું હતું, 'આખરે ભારત શબ્દથી કોઈને શું સમસ્યા હોઈ શકે છે? ભારત શબ્દથી કોઈને શું સમસ્યા છે? આ તેમની માનસિકતા દર્શાવે છે, તેમને ભારતને લઈને વિરોધ છે કદાચ એટલે જ જ્યારે તેઓ વિદેશ જાય છે ત્યારે ત્યાં ભારતની ટીકા કરે છે. G૨૦ સમિટ સમાપ્ત થયા પછી સરકારે ૧૮ થી ૨૩ સપ્ટેમ્બર સુધી સંસદનું વિશેષ સત્ર બોલાવ્યું છે. સરકારે હજુ સુધી આ સત્રનો એજન્ડા જાહેર કર્યો નથી જેના કારણે વિરોધ પક્ષોમાં આશંકા છે. ક્યારેક વિપક્ષી પાર્ટીઓ અનુમાન લગાવી રહી છે કે સરકાર UCC લાવી શકે છે તો ક્યારેક તેઓ કહી રહ્યા છે કે સરકાર બંધારણમાં સુધારો કરીને ઈન્ડિયાના બદલે ભારત કરી શકે છે.

# યુપીઆઈ દ્વારા ડિજિટલ લેવડદેવડ કરનારી SBI દેશની સાતમી બેન્ક

। નવી દિલ્હી, તા.૬ ।

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દેશની ૭ મી બેંક બની ગઈ છે જેનાથી યુપીઆઈ દ્વારા ડિજિટલ રૂપિયાની લેવડદેવડની પરમિશન આપી દેવાઈ છે. એસબીઆઈએ સેન્ટ્રલ બેંક ડિજિટર કરન્સી એટલે કે ડિજિટલ કરન્સીએ લઈને યુપીઆઈ સ્કેન કરીને પેમેન્ટ કરવાની સુવિધા ગ્રાહકો માટે શરૂ કરી દીધી છે. આ ફેસિલિટીને બેંકે ઈન્ટરઓપરેબિલિટીનું નામ આપ્યુ છે. ખાસ વાત એ છે કે એસબીઆઈના આ પગલા બાદથી ગ્રાહકોને ડિજિટલ કરન્સીમાં લેવડદેવડ કરવામાં સરળતા રહેશે. એસબીઆઈ સિવાય દેશના ૬ અન્ય બેંક છે જે પોતાના ગ્રાહકોને યુપીઆઈ દ્વારા ડિજિટલ કરન્સી પેમેન્ટની સુવિધા આપી રહ્યા છે. એસબીઆઈ તે બેંકોમાંથી એક છે જેણે આરબીઆઈના રિટેલ ઈ-રૂપિયા પ્રોજેક્ટમાં ડિસેમ્બર ૨૦૨૨માં ભાગ લીધો હતો. ભારતીય સ્ટેટ બેંકે આ મામલે જાણકારી આપતા કહ્યુ હતુ કે ડિજિટલ કરન્સી લોકો માટે ગેમચેન્જર સાબિત થશે. હવે ગ્રાહકો માટે બેંકે ડિજિટલ રૂપિયાની સાથે ઈન્ટર ઓપરેબલ બનાવી દીધુ છે. આનાથી તે એસબીઆઈ એપ દ્વારા જ યુપીઆઈ કોડ સ્કેન કરીને સીધા ડિજિટલ રૂપિયાની ચૂકવણી કરી શકશે.

## તંત્રી લેખ...

# આપણા દેશ માટે સ્વચ્છ અભિયાન કેમ જરૂરી?

આપણા દેશમાં ૧૩૫ કરોડથી વધુ લોકો વસે છે. આ કોઈ નાની જનસંખ્યા નથી. જે હાલત આજે ચીનની છે તે જ સ્થિતિ ભવિષ્ય ભારતની થઈ શકે છે. કુદરત કોઈને કોઈ રીતે દરેકને એના ભવિષ્યનો સંક્ત આપે જ છે. વ્યક્તિને વ્યક્તિગત અને રાષ્ટ્રને રાષ્ટ્રગત, એટલે કે, વ્યક્તિને કોઈ બીજી વ્યક્તિ બતાવીને કુદરત કહે કે, ભાઈ ધ્યાન રાખજે. નહિંતર તારી હાલત આવી થશે. ચતુર વ્યક્તિ હોય અને વળી સુસંસ્કારિત હોય તો ચેતી જાય છે ને સંકટથી બચી જાય છે. એવું જ દેશનું છે. કુદરત એક દેશને કોઈ બીજો દેશ બતાવે છે ને ચેતવણી આપે છે. જે પ્રજા પ્રજ્ઞાવન હોય તે સમજી જાય છે. ભારતે પશ્ચિમના અંધ અનુકરણમાં પ્રજ્ઞા ગુમાવી દીધઈ છે. એને કારણે આપણને ચીન, અમેરિકા કે પાકિસ્તાનના અપલક્ષણો દેખાતા હોવા છતાં આપણા લોકજીવનમાં કોઈ ફેરફાર થતો નથી. એટલે પછી સજા ભોગવવાના દિવસો આવે છે. અને એ દિવસો આવી જ ગયા છે. દેશની મહત પ્રજાના ભોજનથાળમાં રસાયણિક ખાતરો પરોક્ષ રીતે છુપાઈને પહોંચી ગયા છે. છતાં એને અટકાવવા માટે અને ભોજન કરતી પ્રજાની આંખ ઉઘાડવા માટે પ્રજ્ઞાવાન મહાપુરુષો કામે લાગેલા છે. પાંડુરંગ શાસ્ત્રીએ કુવા રિચાર્જ કરવા અને વરસાદી જળને જમીનમાં ઊંડે ઉતારવા બહુ પ્રયાસો કર્યા. દીપકકાકા સયદેએ પ્રાકૃતિક કૃષિ માટે પોતાનું આખું જીવન સમર્પિત કર્યુ, શુભાષ પાલેકરજીએ હજારો ખેડૂતોને ઓર્ગેનિક કૃષિ ઉત્પાદનનો માટે પ્રાયોગિક તાલીમ આપી. આજે મહામહિમ્ન રાજ્યપાલશ્રી પોતે ગુજરાતને પ્રાકૃતિક નંદનવન બનાવવા અખંડ પુરુષાર્થ કરે છે. પણ આ સહુને જોઈએ એવો પ્રતિસાદ મળે છે ? બહુ ઓછા અને આછા પરિણામોથી તેઓએ સંતોષ માનવો પડે છે. નગરજીવને પ્રકૃતિ પર એટલો બધો અત્યાચાર કર્યો છે. કે, એના પરિણઆમો વિકરાળ આવી રહ્યા છે. દુનિયાના દરેક શહેરો પ્રકૃતિના નિસાસા પર ઊભા છે. કેટલાક પણ બહુ જ ઓછા શહેરોમાં પ્રકૃતિ તરફનો સદભાવ જોવા મળે છે. આપણા દેશમાં ગામડાઓ ખાલી થઈ ગયા છે અને જે બાકી છે તે ખાલી થઈ રહ્યા છે. આ બધાના મૂળમાં પણ શહેરમાં ફાટી નીકળેલો ભૌતિકવાદ છે. એથી માનવજાતનું સંવેદનતંત્ર બધિર થતું જાય છે જ્યાં મનુષ્યની પ્રકૃતિ તરફની સંવેદનાથીજી જતી હોય ત્યાં જ બરફવર્ષાથી જનજીવન પણ થીજી જાય. જે અમેરિકામાં થયું તે બીજા દેશોમાં પણ થશે. આપણી જીવનશૈલી છેક દૂર ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવનો બરફ પીગળી જવા આવ્યો છે. વિરાટ પહાડી હિમખંડો ધ્વસ્ત થઈને પાણી પાણી થઈ રહ્યા છે. વધતા અંતારવાયુને કારણે ઓઝોનના પડમાં ગાબડા પડી ગયા છે. ને તોય માણસજાત ગાઢ ઊંઘમાંથી જાગવા તૈયાર નથી.

# શિક્ષકની અવેજીમાં 'એપ' ન હોય

શિક્ષણ એક શબ્દ નથી, પણ ઘણા અર્થો ધરાવતો ઓક્સિજન વાયુ છે. સદીઓથી અલગ અલગ રીતે લખાતું, બોલાતું,ચર્ચાતું અને અમલમાં મુકાતું આવ્યું છે, એ શિક્ષણ કાયમ સાંપ્રત પ્રવાહ સાથે રહેવા પ્રયત્નશીલ હોય છે, કારણ કે તેનો મુખ્ય હેતુ દરેક માણસની આંતરિક શક્તિને બહાર લાવવાનો અને તેની જીવન ઉપયોગી ક્ષિતિજો, સમજણ તથા વિઝડમ એટલે કે ડહાપણના વિકાસ અને વિસ્તારનો છે. માર્કશીટ, સર્ટિફિકેટ, ડિગ્રી અને એના આધારે મળતી નોકરીની તક મધ્યે અટવાઈ ગયેલું શિક્ષણ શું હતું, શું છે અને શું રહેશે, એ વિષે આપણી પાસે ઈતિહાસ પણ છે, આજના વાસ્તવિક આંકડા પણ છે અને ભવિષ્ય માટેની અટકળો પણ છે. જીવાદોરી સાથે જેને સરખાવી શકાય એ શિક્ષણ ખરેખર આપણી માનસિક, ચૈતસિક, શારીરિક અને મનોવૈજ્ઞાનિક જરૂરિયાત છે. આથી જ માનવ જાતની ઉત્ક્રાંતિ સાથે જ્ઞાનની ઉપલબ્ધી અને પ્રસાર જોડાતા ગયા.પ્રત્યેક શિક્ષક દિવસ નિમિત્તે શિક્ષક વિષે વાત કરીએ ત્યારે આપણી પાસે તેની મહાનતા અંગે અથવા આદર્શ લક્ષણો વિષે કહેવાનું ઘણું હોય છે. પ્રત્યેક શિક્ષક પાસે જ્ઞાન,માહિતી, ડહાપણ, વાક્છટા, નિષ્ઠા જેવા બધા જ ગુણો હોય, પરંતુ જો તેની પાસે વિદ્યાર્થી ના હોય તે અપૂર્ણ છે. એની વિદ્યાનું વહન કરવા વાળું કોઈ નથી. બિલકુલ એ જ રીતે વિદ્યાર્થીની તમામ સફળતાનો શ્રેય માત્ર તેની બુદ્ધિ, મહેનત કે નસીબને નહિ, તેના શિક્ષકના પ્રદાનને પણ આપવો પડે. શિક્ષક અને વિદ્યાર્થી એક સિક્કાની બે બાજુ નહિ,બંને બાજુ એ સાથે જ હોય એ આદર્શ પરિસ્થિતિ છે. ઉપનિષદમાં પણ 'સાથે અમને યશ પ્રાપ્ત થાય; સાથે અમને બ્રહ્મતેજ પ્રાપ્ત થાય' જેવી અભીપ્સા સેવી છે. શિક્ષણ અને ખાસ કરીને વિદ્યાર્થીઓના અનુશાસન માટેના ઉલ્લેખ તૈતરીયોપનિષદમાં જોવા મળે છે . તૈતરીયઉપનિષદના પ્રથમ અધ્યાયનું નામ શિક્ષાવલ્લી છે. જેમાં કુલ બાર અનુવાક છે, જેમાં અનેક પ્રકારની ઉપાસના તથા આચાર્ય અને શિષ્યના શિષ્ટાચાર વર્ણવાયા છે. અગિયારમા અનુવાકમાં દીક્ષિતને શિક્ષિત થતા વિદ્યાર્થી માટે ઉપદેશ છે. અગિયારમા અનુવાકમાં વેદાધ્યયન કરાવ્યા પછી આચાર્ય અંતેવાસીને જે અનુશાસન કરે છે તે આપ્યું છે- સત્યં વદ ? ધર્મં ચર ? સ્વાધ્યાયન્મા પ્રમદઃ ? માતૃદેવો ભવ ? પિતૃદેવો ભવ ? આચાર્યદેવો ભવ ? અતિથિદેવો ભવ? વગેરે પ્રસિદ્ધ વાક્યો આ સ્થાને આવેલાં છે.જેનો અર્થ થાય છે,'સ્વાધ્યાયમાં પ્રમાદ ન કર, આચાર્યને માટે પ્રિયધન લાવ, પ્રજાતંતુનો ઉચ્છેદ ન થવા દે, ધર્મમાં પ્રમાદ ન કર, કુશળ(કર્મ) માં પ્રમાદ ન કર, ભૂતિ(ઉત્કર્ષ)માં પ્રમાદ ન કર' વગેરે જીવનમાં ઉપયોગી થાય તેવો ઉપદેશ છે. હજારો વર્ષો પૂર્વે લખાયેલ ઉપનિષદ કે સાંદિપની ઋષિના આશ્રમમાં અભ્યાસ કરતાં ગુરુ શિષ્ય પૂરતી મર્યાદિત અને ઐતિહાસિક કે પૌરાણિક આ વાત નથી. આધુનિક શિક્ષણ વ્યવસ્થામાં પણ ટીચર સ્ટુડન્ટ ની સહિયારી મુસાફરી ઉત્તમ સાબિત થાય છે. બ્લેક બોર્ડ, હાવભાવ, અવાજ, હસવું, રડવું, લડવું અને મજાથી ભરપૂર એવા કલાસરૂમ ટીચિંગનો એક નવો વિકલ્પ ઉભો થયો છે. આ વિકલ્પની ગતિ તેજ છે અને ખુબ મોટા વિસ્તારને સરળતાથી એ કવર કરી શકે એમ છે. આ વિકલ્પ નું નામ છે વર્ચ્યુઅલ ટીચિંગ અને શિક્ષણની એપ. ટેક્નોલોજીના વિકાસ સાથે દરેક ક્ષેત્રમાં પરિવર્તન આવે તે સાહજિક છે અને ખાસ કરીને શિક્ષણમાં સતત અપલોડ થતી માહિતી તથા વૈશ્વિક જ્ઞાનને પહોંચી વળવા માટે ટેકનોલોજી આશીર્વાદરૂપ સાબિત થઈ છે. આ ઉપરાંત નાના શહેરો તથા ગ્રામ્ય વિસ્તારમાં રહેતા વિદ્યાર્થીઓ અત્યાધુનિક અભ્યાસ એમની જ જગ્યાએ થી કરી શકે એની માટે પણ એપ દ્વારા અપાતું શિક્ષણ લાભદાયી નીવડયું છે.

# શ્રીકૃષ્ણ નામ પડતાજ મુખથી માંડીને આખાં શરીરમાં ચૈતન્ય જાગૃત થાય, અને તેની રસ માધુરી અનુભવાય એવું ચરિત્ર એટલે કૃષ્ણ ચરિત્ર



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)




હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે શ્રાવણ વદ આઠમ છે, અને દ્વાપરયુગમાં વિષ્ણુનાં અવતાર તરીકે સ્વીકારાયેલા કૃષ્ણનો જન્મ શ્રાવણ વદ આઠમે થયો હતો, તેથી આ દિવસને ત્યારથી જન્માષ્ટમીના તહેવાર તરીકે ઉજવવામાં આવે છે. જન્માષ્ટમીના તહેવારની સૌ કોઈને ખૂબ ખૂબ વધાઈ, અને કૃષ્ણ તત્વ રૂપે પ્રેમ સૌનાં અંતરમાં બિરાજમાન થાય, અને સમાજ એ રીતે બદલાય, એવાં એક સુંદર મનોરથ સાથે આપણે સૌ આ જન્માષ્ટમીનો તહેવાર ઉજવીએ છીએ. શ્રી કૃષ્ણ નામ પડતાજ મુખથી માંડીને આખાં શરીરમાં ચૈતન્ય જાગૃત થાય, અને તેની રસ માધુરી અનુભવાય એવું ચરિત્ર એટલે કૃષ્ણ ચરિત્ર. દ્વાપર યુગને સદીઓ વીતી ગઈ, છતાં પણ કૃષ્ણ ચરિત્ર આજે પણ એટલું જ લોકપ્રિય છે. પરંતુ બહુ સામાન્ય રીતે વિચારીએ તો એને લોકપ્રિય કરવામાં કોનો ફાળો છે, તે પણ વિચારવું પડે. કારણકે અવતારો પણ જ્યારે માનવ તરીકે જન્મ લેતાં હોય, ત્યારે સમાજ તેને સીધો ઈશ્વર તરીકે સ્વીકારતાં નથી. એમાં પણ કૃષ્ણે તો એના બાળપણમાં એટલું માખણ ખાધું છે, કે સમાજે તેને આખી જિંદગી તાવ્યા જ કર્યો, અંતની ઘડી સુધી એને વિશ્રામ ન મળ્યો, અને સતત પોતાનાં પ્રેમ રુપી અસ્તિત્વ માટે એને સંઘર્ષ કરવો પડ્યો. સૌપ્રથમ તો મથુરાની જેલમાં જન્મ થયો, અને આકાશવાણી મુજબ દેવકી વાસુદેવનું આઠમું સંતાન કંસની હત્યા કરશે, એવું હોવાથી કૃષ્ણને કંસની નજરથી બચાવવા માટે મથુરાની જેલમાંથી રાત્રે વાસુદેવ તેને છલ્લો છલ્લ છલકાતી જમુના માંથી પસાર થઈ છેક ગોકુળમાં નંદબાબાને ઘેર મૂકવા ગયાં. એટલે માતા પિતા હોવા છતાં અન્ય આગળ તેનો ઉછેર થયો, અને બે મા અને બે બાપનો કહેવાયો. બાળપણ ગોકુળમાં વિત્યું, એની પછીના થોડા વર્ષો મથુરામાં, અને ત્યાંથી દ્વારકા સુધીનો મુકામ રહ્યો. કૃષ્ણનું આયુષ્ય ૧૨૮ વર્ષ કે ૧૨૯ વર્ષ માનવામાં આવે છે, આટલી લાંબી યાત્રા છતાં... કૃષ્ણને આપણે ત્યાં પ્રેમ અવતાર તરીકે સ્વીકારવામાં આવ્યા છે, એટલે કે નગદ પ્રેમ અવસ્થાનું નામ જ ક્રિષ્ન. બહુ સામાન્ય રીતે જ પૃથ્વી પર જ્યારે પાપાચાર વધી જાય ત્યારે, ઈશ્વર અવતાર તરીકે જન્મ લેતા હોય છે, અને આસુરી તત્વોનો નાશ કરી પૃથ્વી પર થતાં અત્યાચારો રોકી તેને ભાર મુક્ત કરે છે. કૃષ્ણનું જીવન ચરિત્ર જોઈએ તો આપણને ઘણીવાર સત્ય પર શંકા થાય, અને એટલે જ કહેવામાં આવ્યું કે ઈષ્વર પરમ સત્યને અનુસરતા હોય છે. તો પરમ સત્ય એટલે શું? જેમાં આખાં સમાજનું હિત સમાયેલું છે,એને એને પ્રતિપાદિત કરવા ઈશ્વર કંઈપણ કરી શકે, પરંતુ આપણી દ્રષ્ટિની સીમીતતા સર્વનું હિત જોઈ શકતી નથી, માટે ત્યાં પ્રશ્ન આવે, સર્વે લોકોની શંકા કે સંદેહનું સમાધાન ન થાય, એટલે ઈશ્વરને પણ ખોટો સાબિત કરવા સમાજ પ્રેરિત થાય, અને આ અવતાર પુરુષ અને સમાજ વચ્ચે પણ એવા સંઘર્ષો ચાલે, એટલે કે જે તે સમયમાં ક્રિષ્નની બહુંં જ નીંદા થઈ. તો પછી સવાલ એ થાય કે કૃષ્ણ ચરિત્રને આટલું લોકપ્રિય બનાવ્યું કોણે? કૃષ્ણ ચરિત્રને લોકપ્રિય બનાવવામાં ગોકુળના નંદ, જશોદા, ગોપ, ગોપી અને રાધાનો મહત્વનો ભાગ છે, આ ઉપરાંત અર્જુન અથવા તો એમ કહી શકો કે કૌરવ-પાંડવના સંઘર્ષમાં કૃષ્ણની મહત્વની ભૂમિકા, અને તેણે કુરુક્ષેત્રમાં અર્જુનને બોધ રૂપે જે કહ્યું તે ભગવતગીતા ને કારણે પણ કૃષ્ણ ચરિત્ર લોકપ્રિય છે. આટલી મોટી યાત્રામાં ઘણા બધા એવા લોકો હશે, કે જેને થોડાથી વધુ એવો વિશ્વાસ ભગવત ચરિત્ર પર હતો, અને તેણે પોતાના સમયમાં તેનાથી થાય તેટલું તે સાબિત કરવાની કોશિશ કરી હશે. પરંતુ મુખ્યત્વે તો નંદ, જશોદા, ગોપી, ગોવાળ, અર્જુન, અને દ્રૌપદી આટલા લોકોનો કૃષ્ણ ઈશ્વર છે, અથવા તો સાચાં છે કે, પછી અમારું હિત જ કરશે એવો અતૂટ વિશ્વાસ હતો. આપણે સૌ રાધા ક્રિષ્નાના અમર પ્રેમની વાતથી પરિચિત છીએ, અને રાધા કૃષ્ણના કાયમ શક્તિ સ્રોત રહ્યાં. એટલે કે અંતની ઘડી સુધી કૃષ્ણને તેણે શક્તિ પૂરી પાડી. પ્રેમ તથા સમર્પણમાં કેટલી તાકાત છે, કે બંને જણાં બહુ ઓછો સમય સાથે વિતાવ્યો હશે, અને એમાં પણ તે સમયના સમાજના નિયમો પ્રમાણે કઈ કેટલીયે બાધાઓ પણ આવી હશે, છતાં એ કૃષ્ણ સમર્પિત સ્ત્રીએ પોતાનું આખું જીવન કૃષ્ણની યાદમાં કાઢ્યું, અને એ સમર્પણ જ કૃષ્ણની અંતિમ ક્ષણ સુધીની શક્તિનો સ્રોત છે. કારણ કે ઈશ્વર પણ અવતાર લે છે, ત્યારે સમાજમાં પોતાનું અસ્તિત્વ સિદ્ધ કરવા તેને શક્તિની જરૂર પડે છે, અને આ શક્તિ તે ઘણી બધી રીતે ગ્રહણ કરતા હોય છે, અને એટલે જ અન્યોન્ય આપણાં ત્રિદેવ એકબીજાને ઈષ્ટ તરીકે સ્વીકારતા હશે, તો ક્યાંક દુર્ગાનું શરણ પકડી, અને પરમ શક્તિ મેળવતા હશે. આ વાત તો દ્વાપર યુગની થઈ, પણ આપણને વિચાર આવે કે કળિયુગમાં કૃષ્ણને લોકપ્રિય બનાવનાર કોણ? કળિયુગમાં કૃષ્ણ ચરિત્રને લોકપ્રિય બનાવનારા ઘણા છે પરંતુ મુખ્ય જોઈએ તો, એક નાગર નરસૈંયો,અને બીજા મેવાડની મહારાણી મીરાં, અને બીજા ઘણાં હશે. નરસિંહનાં જીવનથી પણ સૌ કોઈ પરિચિત છીએ, કે નાનપણથી જ તેની સમાજે બહુ કસોટી કરી,ઈષ્ટ દેવ હાટકેશ્વર હોવાથી ગોપનાથ મહાદેવના મંદિરમાં તેણે સાત દિવસ કડક તપસ્યા કરી, ત્યારે ભગવાન શંકર તેને પ્રસન્ન થયાં, અને કૃષ્ણ લીલા તરીકે મહારાસના દર્શન કરાવ્યાં અને એણે જે કૃષ્ણ ચરિત્ર વિશે જાણ્યું કે, અનુભવ્યુ એ તેને સમાજને પોતાની રીતે કાવ્ય, છંદ, અને ગીત દ્વારા પીરસ્યું, અને લોકો એ રીતે કૃષ્ણ ચરિત્ર થી વધુ પરિચિત થયાં. પૂર્ણપણે શરણાગત એવા નરસિંહના જીવનના બધા જ પ્રસંગો શ્રીકૃષ્ણ એ પૂરા કર્યા, અને આજે પણ એ આખ્યાન તારીખે ભજવાય છે. હું ખુદની વાત કરું તો મને પણ નરસિંહ દ્વારા જ કૃષ્ણ ચરિત્રનો પરિચય થયો છે, અથવા તો એમ કહી શકાય કે નરસિંહની ચેતના કે નરસિંહની આંખે કૃષ્ણને જોયા છે, એટલે એ રસ માધુરીનો સ્વાદ કંઈક અંશે ચાખવા મળ્યો. નરસિંહ જીવનના સારા માઠા દરેક પ્રસંગોને સહન કરતાં-કરતાં જીવનની અંતિમ ક્ષણે પહોંચ્યા ત્યાં સુધી તેનો કૃષ્ણ ચરિત્ર પરથી ભરોસો ડગ્યો નહીં, અને એમ કહી શકાય કે આ સંસાર નામનો ભવસાગર પાર કરવા માટે તેને કૃષ્ણ નામની જડીબુટ્ટી કોઈ સદગુરુ પાસેથી મળી હતી, અને એને કારણે કૃષ્ણની સાથોસાથ નરસિંહનું ચરિત્ર પણ લોકપ્રિય થયું. મેવાડની મીરાની વાત કરીએ તો નાનપણમાં ઝરૂખેથી કોઈ નો વરઘોડો નીકળતો હતો, એ જોઈ બાળ સહજ જીજ્ઞાસા સાથે માતા ને પૂછ્યું કે આ શું થાય છે? ત્યારે માતાએ કહ્યું કે આ લગ્ન થઈ રહ્યા છે, અને પેલી કન્યાનો આ દુલ્હો છે. અને મીરાં એ હઠ કરી કે મારે પણ દુલ્હો જોવે છે, બાળ હઠ પાસે માતા હારી જાય છે, અને માતાએ કૃષ્ણ ભગવાનની મૂર્તિ તેને પકડાવી અને કહ્યું કે આ તારો દુલ્હો,બસ ત્યારથી એ કૃષ્ણ તત્વને સમર્પિત થાય છે. પછી તો લગ્નની ઉંમરે તેના રાણા સાથે લગ્ન પણ થાય છે. પરંતુ છતાં તે સમર્પણ ભાવ છૂટતો નથી અને તે પોતાની સાથે પોતાના દુલ્હા એટલે કે કૃષ્ણની મૂર્તિ લઈને સસુરાલ આવે છે. અહીં તેની પણ સમાજ ખુબ જ પરીક્ષાઓ કરે છે, અને અંતે ઝેરનો કટોરો અપાય છે, ત્યારે સ્વયં કૃષ્ણ આવીને એ ઝેર પી જાય છે. એ બધી જ વાતથી આપણે પરિચિત છીએ, તેમણે પણ પોતાની જીવનયાત્રા દરમિયાન કૃષ્ણ સમર્પિત પદ, કવિતા, અને ગીતો, સમાજને ભેટ આપ્યાં. જે આજે પણ કૃષ્ણ ચરિત્રને લોકપ્રિય કરી રહ્યા છે. પૂર્ણ પ્રેમ સ્વરૂપ કૃષ્ણનો આજે જન્મ થશે, મંદિરોમાં ઉત્સવ ઉજવાશે. પરંતુ મનના મંદિરમાં પ્રેમ તત્વનો જન્મ કરવો હોય તો, પહેલા મનને શુદ્ધ અને સંયમિત કરવું પડશે. કૃષ્ણ ચરિત્ર લખવા બેસીએ તો કદાચ જન્મ ઓછો પડે,સંસારમાં કૃષ્ણાવતાર જેવો કોઈ બીજો અવતાર થયો નથી, અને થશે પણ નહીં. પ્રેમ માટે જ જેનો જન્મ થયો હતો, અને એ પરમ પ્રેમના અધિષ્ઠાતા એવા ભગવાન કૃષ્ણ આજે પણ લોકલાડીલા છે. તેમને યાદ કરતાં જ રુવાંડે રુવાંડે પરમ પ્રેમનો ઉદ્ભવ થાય છે, અને મન રાધા બની ગોકુળમાં પહોંચી જાય છે. લોક માનસમાં કૃષ્ણની એક એક વાત અંકિત છે, નાના બાળકથી માંડીને વયોવૃદ્ધ સુધીનાં તમામ જનસંખ્યામાં તે એટલા જ પ્રિય છે. પછી તે તેનું બાળ સ્વરૂપ હોય, કે ગોકુળનાં ગોવાળનું કે માથે મોરપીંછ, હાથે વાંસળી વાળું,કે રણ મધ્યે ઉભેલા સારથીનું કે દ્વારકાના રાજા તરીકે નું! પ્રેમની વાતો એટલે કે રાધા કૃષ્ણના પ્રેમની વાત એ કવિઓનો આજ સુધી લેખનીનો મુખ્ય વિષય રહ્યો છે. પ્રેમી તરીકે તો દરેક સ્ત્રીનો તે માણીગર રહ્યો છે, પરંતુ ભગવાન ગણીએ તો ભક્ત માટે પણ તે એટલો જ પ્રિય છે. હિંદુઓના ઘરમાં લાલજી તરીકે હરિ મંદિરમાં સ્થાન પામેલો એ કૃષ્ણ,તેની સેવ પૂજાને નામે આજે પણ ખૂબ લાડ પામે છે. જૂનાગઢનો નાગર નરસિંહ અને મેવાડની રાણી મીરાએ બંનેને જગત આખું પરમ કૃષ્ણ ભક્ત તરીકે ઓળખે છે. જે કોઈ કૃષ્ણને, કોઈ પણ રીતે ભજતા હોય, તે બધાનાં નામ આમાં સામેલ કરી, તેમને હ્રદય પૂર્વક પ્રણામ કરી, અને સૌ કોઈના જીવનમાં કૃષ્ણ તત્વ એટલે કે પ્રેમથી પરિપૂર્ણ થાય, અને બધાના જીવનની આધિ, વ્યાધિ, ઉપાધિ, બધું જ ટળે અને બધા પરમ પૂર્ણ પ્રેમને આ જન્મમાં પામી, અને જીવનને સાર્થક કરે. કૃષ્ણની જેમ નાનામાં નાના માણસોનો સ્વીકાર કરી, અને આ સમાજને એક ઉચ્ચ હિન્દુ સનાતન ધારાના શિખરે લઈ જાય, જ્યાં ફક્ત પ્રેમ! પ્રેમ! અને પ્રેમ! નું જ અંદર-બહાર અનુશાસન હોય, લોકોની લાગણીઓ પ્રેમથી પરિપૂર્ણ થયેલી હોય, અને એકબીજા પ્રત્યે સતત પ્રેમ પૂર્વકનો વ્યવહાર રહે, તેવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે, તો સૌને મારા સ્નેહ વંદન અને જય સીયારામ.

## શ્રાવણ માસના શિવ મહિમા -૨૨

# બાળકૃષ્ણના સ્વરૂપને જોવા માટે સદાશિવ ભોળાનાથ સાધુ રૂપે પૃથ્વીલોક પર આવ્યા



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા



શ્રાવણ માસ ઝડપભેર પસાર થઈ રહ્યો છે. અધિક શ્રાવણ અને શ્રાવણ માસ તપ વ્રત ઉપાસના આરાધનામાં પસાર થાય ત્યારે મેઘરાજાની ગેરહાજરી ગુજરાત ની પ્રજા માટે કષ્ટદાયી સાબિત થઈ રહી છે. હવે શું થશે તેવી કલ્પ નાથી ધરતી પુત્રો પશુપાલકો વિહવળ છે જીવસૃષ્ટિ ગરમી બફારા ઉકળી ગઈ છે. પૃથ્વીલોક પર જયારે પાપનો અતિરેક થાય છે ને પ્રજા ત્રાહિમામ પોકારી જાય છે.ત્યારે ભગવાન પૃથ્વીલોક પર મનુષ્યાવ તાર ધારણ કરી આવે છે. ૫૨૫૦ વર્ષ પહેલાં શ્રાવણ વદ-આઠમે કંસના દુશાસન ત્રાસથી પ્રજાને મુક્ત કરવા ભગવાન માનવ અવતાર ધારણ કરી પૃથ્વીલોક પર આવ્યા ત્યારે ભગવાને એ બાળ સ્વરૂપને જોવાની ઈચ્છા થઈ આજે જન્માષ્ટમીએ જ્યોર્તિલિંગ નો મહિમા અટકાવી શ્રાવણ માસ માં શિવ મહિમા-૨૨માં આપણે દેવાધિદેવ મહાદેવ બાળ કૃષ્ણના સ્વરૂપને જોવા માટે સદાશિવ ભોળાનાથ સાધુ રૂપે પૃથ્વીલોક પર આવ્યા તેનો મહિમા જાણવા પ્રયત્ન કરીએ. ઘણા વાચક ભકતો આ બાબતથી અજાણ હશે તો આજના શિવ મહિમામાં પ્રભુનું બાળ સ્વરૂપ ૫ ૨ણીયે દ્વારકા ડાકોર સહિત દેશ દુનિયામાં મંદિરો શેરી મહોલ્લાઓમાં ઘરે ઘરે રાત્રે બાર વાગ્યાના ટકોરે નંદ ઘેર આનંદ ભયોના નાદ સાથે ઝુલશે. પંજરીનો પ્રસાદ અને અબીલ ગુલાલની છોળો ઊડશે. ભગવાન શ્રી કૃષ્ણ આખા વિશ્વમાં પૂજાય છે, જેમનું નામ આખા બ્રહ્માંડમાં જાણીતું છે અને આજે શ્રાવણ વદ આઠમે જન્માષ્ટમીની આપણે ઊજવણી કરી રહ્યા છીએ. ભગવાન ભોળાનાથ અને શ્રીકૃષ્ણની વિશેષ એક વાત કલમ થકી કહેવી છે પૃથ્વીલોક પર ભગવાન ત્રિલોક નાથ એટલે કે ભગવાન દેવાધીદેવ મહાદેવ ખુદ જેમના દર્શન કરવા આવી પહોંચ્યા હતા.તમને જણાવી દઈએકે શ્રીકૃષ્ણ બાળપણથી ખૂબ જ રમતિયાળ રહ્યા છે,જો કે ભગવાન શ્રીકૃષ્ણ પોતે ભોલેનાથના અવતાર છે, પરંતુ પૃથ્વી પર થયેલા જુલમનો નાશ કરવા માટે,જયારે કૃષ્ણબાળ સ્વરૂપે જન્મ્યા, પછી તેમના બાળ સ્વરૂપને જોવા માટે શિવશંકર પોતે એટલા ઉત્સુક બન્યા હતા કે તે પોતાને રોકી ન શક્યા અને પૃથ્વી પર માતા યશોદા પાસે આવ્યા. અને તેમના પુત્ર એટલે કે શ્રી કૃષ્ણને જોવાની ઈચ્છા વ્યક્ત કરી. પણ તે સમયે પરિસ્થિતિ જુદી પડી હતી જ્યારે, યોગી મહારાજ માટે મૈયા યશોદા દ્વારા લાવવામાં આવેલી ભિક્ષા સ્વીકારતી વખતે, તેમણે ઈચ્છા વ્યક્ત કરી કે તેમને ફક્ત તેમના પુત્રના દર્શન કરવાની જરૂર છે, યશોદા શંકાશીલ બન્યા હતા, કારણ કે આ પહેલા ઘણી બધી દુષ્ટ શક્તિઓ તેમના ઘરે આવી ગઈ હતી. આ વખતે ફરી એક જ વાત વિચારીને માતા યશોદાએ પોતે યોગી તરીકે શિવશંકરને બાળક કૃષ્ણના દર્શન આપતા કડક સ્વરમાં સ્વીકાર્યા, કારણ કે તે ઈચ્છતી નહોતી કે તેના પુત્ર પર ફરી કોઈપણ પ્રકારની આફત ના આવે ભોલેનાથ તે કોણ છે તે પણ કહી શક્યા નહીં,અને બીજીબાજુ માતા યશોદા તેમને પાખંડી સાધુ માનતા હતા અને બાળકને બહાર લાવતા ન હતા.આ બધું હવે ચાલુ હતું કે એક વૃદ્ધ સ્ત્રી કયાંકથી આવીને યશોદાને સમજાવે છે કે તે આ મહાશક્તિ યોગીથી પરિચિત છે અને તેમને ખૂબ સારી રીતે જાણે છે.અગાઉ,તે તેને કાશીમાં પણ મળી ચૂકી છે જ્યાં તે પોતે રહેતી હતી અને તે યશોદાને સમજાવે છે કે જો તે આ યોગીને તેમના લલ્લાને જોવા દેશે, તો તે કાનુડાને સારા આશીર્વાદ આપશે .

ચોક્કસપણે તે દ્રશ્યનું વર્ણન કરી શકાતું નથી કારણ કે તે સમયે મહાદેવ બાળ કૃષ્ણનું સ્વરૂપ જોઈ ને ખૂબ પ્રેરિત થયા હતા અને તેમની પાસેથી એવી ભાવનાઓ બહાર આવી રહી હતી જે અવર્ણ નીય હતી.યશોદા મૈયાએ કાનુડાના દર્શન કરાવ્યા પછી યોગીના રૂપમાં આવેલા ભોલેનાથ ખૂબ પ્રસન્ન થયા અને કાનુડાનો ચહેરો જોયા પછી તે ભિક્ષા લીધા વિના ખુશ મુદ્રામાં પાછા ફર્યા. સત્ય યુગ ત્રેતાયુગ કળીયુગમાં કયાં કેવા પ્રકારની હીલચાલ થઈ અને થશે એ ગ્રંથો થકી જાણી શકાય છે. ૫૨૫૦ વર્ષ પહેલાંનો સમય કેવો હશે તે આજે આપણે યાદ કરી ભગવાન શ્રી કૃષ્ણની જન્મ જયંતીની જન્માષ્ટમી રૂપે ઉજવણી એ જ હર્ષોલ્લાસ સાથે કરીએ છીએ કે ભગવાન આજે અવતાર ધારણ કરી પૃથ્વીલોક પર આવ્યા હોય અને ખરેખર પ્રજા ત્રાહિમામ પોકારી દિવ્યશક્તિ આવે ને કોઈ કૌતુક ઈશ્વરીય અવતાર જેવું કરે.. એ આશાએ ભગવાનને પ્રાર્થના કરે છે કે હવે તો ભારતનું ચંદ્રયાન -૩ ચંદ્ર પર છે અને આદિત્યન -૧ સૂર્ય તરફ જઈ રહયું છે તો આજે કહેવાતા સુશાસનમાં પ્રજા ભ્રષ્ટાચાર મોઘવારી શિક્ષિત બેરોજગારી ભેળસેળ સંગ્રહખોરી સટ્ટાખોરીનો ભોગ બનીને ત્રાહિમામ્ પોકારી ગઈ છે ત્યારે આ પાંચ દાનવોનો સંહાર કરવા ભારતની ભૂમિ પર અવતાર ધારણ કરી પધારે અને આ દુષ્ટોનો નાશ કરે.આવતી કાલે સવારે પ્રિન્ટ મીડિયા અખબાર નહી મળે એક દિવસનો વિરામ ફરી આગળના જયોર્તિલિંગનો મહીમા જાણવા પ્રયત્ન કરીશું. સૌ વાચક ચાહક શુભેચ્છકોને જન્માષ્ટમીની શુભકામના પાઠવું છું. જય શ્રી કૃષ્ણ.. હર હર મહાદેવ સૌનું કલ્યાણ કરે તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

# બાળકોને સ્નાન કરાવો ત્યારે ખાસ રાખો આ ધ્યાન, નહીં તો આ નાની ભૂલથી રોવાનો વારો આવશે



નાના ભૂલકાઓની સ્કિન બહુ સોફ્ટ હોય છે. આ માટે બાળકોની સ્કિન અને હેલ્થ પર બદલાતા વાતાવરણની અસર જલદી જોવા મળે છે. આમ, ખાસ કરીને વાત કરવામાં આવે તો બાળકોને સ્નાન કરાવતી વખતે નાની-નાની બાબતોનું ધ્યાન રાખવુ ખૂબ જરૂરી છે. નાના બાળકોને એમની માતાથી વધારે બીજુ કોઈ સમજી શકતુ નથી. સૌથી વધારે બાળકોની કેર માતા કરતી હોય છે. આમ, વાત કરવામાં આવે તો બાળક જ્યારે નાનું હોય ત્યારે એની કેર પણ વધારે કરવી પડે છે. તમે સરખી રીતે કેર કરતા નથી તો સ્કિન અને હેલ્થને લઈને બીજી અનેક ઘણી સમસ્યાઓ થઈ શકે છે. બાળકોની કેર માટે દરરોજ માલિશ કરવી, સ્નાન કરાવવાથી લઈને સંવાદ કરવાની પણ એક રીત હોય છે જે શબ્દોની આવશ્યકતાને ખતમ કરવાનું કામ કરે છે. તો જાણો બાળકોને સ્નાન કરાવતી ખાસ કરીને શું ધ્યાન રાખશો. હેલ્થશોટ્સ અનુસાર બાળકોની સ્કિન બહુ સોફ્ટ હોય છે જેના કારણે બદલાતા વાતાવરણની સૌથી મોટી અસર જોવા મળતી હોય છે. બદલાતા વાતાવરણને કારણે બાળકોની સ્કિન ફાટી જાય છે અને સાથે ડ્રાય થવા લાગે છે. આ ટાઈપ્સની દરેક સમસ્યાઓને દૂર કરવા માટે બેબી બાથ લેવું ખૂબ જરૂરી છે. બાળકોને તમે જ્યારે પણ સ્નાન કરાવો ત્યારે ખાસ કરીને આજુબાજુ વસ્તુનું ધ્યાન રાખો. સ્નાન કરાવતી વખતે નાની ભૂલથી બાળકને નળ જેવી કોઈ વસ્તુ વાગી જાય છે તો તકલીફ થઈ શકે છે. આમ, તમારા હાથમાં તમે કોઈ એવી વસ્તુ પહેરો છો જે બાળકને વાગી શકે એમ છે તો આ કાઢીને પછી નવડાવો. નખ પણ નાના રાખો. બાળક બાથરૂમમાં લપસી ના જાય એનું પણ ખાસ ધ્યાન રાખો. ઘણી વાર આ પરિસ્થિતિમાં ફ્રેક્ચર થવાના ચાન્સિસ વધી જાય છે. તેલની વાત કરવામમાં આવે તો તમે બાળકોને હુંફાળા તેલથી માલિશ કરો. પર્યાપ્ત માત્રામાં તેલથી માલિશ કરવાથી સ્કિનને કોઈ નુકસાન થતુ નથી. હંમેશા હળવા હાથે માલિસ કરો. માલિશ કરતી વખતે હાથ-પગને વજન આપીને ખેંચશો નહીં.

# રસોડામાં રહેલી આ વસ્તુથી અઠવાડિયામાં દૂર થઈ જશે ખીલના દાગ



ચહેરા પર પિમ્પલ્સ થવું સામાન્ય વાત છે, પરંતુ પિમ્પલ્સ સારા થયા પછી પાછળ રહી જાય છે. જેને દૂર થવામાં ઘણો સમય નીકળી જાય છે. ઘણી વખત તો મહિના પણ લાગી જાય છે. તો આજે મને તમારા માટે એવા ઉપાય લાવ્યા છે, જેનેથી આ નિશાન તાત્કાલિક દૂર થઈ જશે. ફેસ પર પિમ્પલ થવું સામાન્ય છે પરંતુ પિમ્પલ સારા થયા પછી જે નિશાન રહી જાય છે એની ચિંતા લોકોને હંમેશા રહે છે. પિમ્પલ ૩-૪ દિવસમાં સારા થઈ જાય છે પરંતુ એના નિશાન નીકળતા ઘણા દિવસ લાગી જાય છે.

એવામાં તમે કોઈ પાર્ટી અથવા સેલિબ્રેશનમાં જાઓ છો તો તમે આ નિશાનોના કારણે કોન્ફિડન્ટમાં રહેતા નથી. એવામાં એકને પિમ્પલની ક્રીમ લગાવવાની જગ્યાએ નેચરલ હોમ રેમેડિસ ટ્રાય કરી શકો છો. એલોવેરા: ત્વચાને હાઈડ્રેટ રાખવાની સાથે એલોવેરા તમારા ચહેરા પરથી એક્સ્ટ્રા ઓઈલ પણ દૂર કરે છે. રાત્રે એલોવેરા જેલ લગાવવું સૌથી અસરકારક છે. એલોવેરા જેલમાં ટી ટ્રી ઓઈલના ૪-૫ ટીપાં નાખીને રાત્રે સૂતા પહેલા ચહેરા પર લગાવો.

# બાફેલી મગફળી એ આપણા માટે અત્યંત આરોગ્યદાયી ગણાય છે

મગફળીનું નામ પડે એટલે રસિયાઓને ઝટપટ તેનો આસ્વાદ માણવાનું મન થઈ જ જાય. 'ગરીબોના કાજુ' તરીકે ઓળખાતી મગફળીમાં પૌષ્ટિક ગુણોનો ભંડાર સમાયેલો છે. રોજબરોજ મગફળીનો ઉપયોગ આપણે કરતાં જ હોઈએ છીએ. તે મગફળી એટલે સૂકવીને-મીઠું ચડાવેલી કે પ છી ફક્ત શેકેલી. કાચી મગફળી ચટણીમાં કે દાળશાકમાં ઉપ યોગમાં લેવામાં આવતી હોય છે. આજે આપણે જે મગફળીની વાત કરવાના છીએ તે છે લીલી મગફળી. ચોમાસા બાદ જે બજારમાં પુષ્કળ પ્રમાણમાં મળતી હોય છે. મગફળીને સિંગ તરીકે ઓળખવામાં આવે છે. હવે તો બજારમાં તેમાં વિવિધતા જોવા મળે છે જેમ કે ખારી સિંગ, મસાલા સિંગ, ફુદીના સિંગ, હિંગવાળી સિંગ, ચાટ મસાલા સિંગ વગેરે. સિંગને તળીને બજારમાં તૈયાર સિંગ ભજી મળે છે, જે કુરકુરિત તથા ચટપટી લાગે છે. ભીની બાફેલી મગફળીમાં ફક્ત મીઠું નાખીને જ બાફવામાં આવે છે, તેમ છતાં તે અત્યંત સ્વાદિષ્ટ લાગે છે. મોટાં શહેરોમાં બાફેલી મગફળીનો અત્યંત મોટો વ્યાપાર ચાલતો જોવા મળે છે. નાના-મોટા ટ્રાફિક સિગ્નલ પાસે હાથમાં આકર્ષક પૂડીમાં મગફળી



વેચાતી હોય છે. નાની ભૂખને ટાઢક આપવામાં તે અત્યંત ગુણકારી ગણાય છે. તેનું મુખ્ય કારણ છે તેમાં સમાયેલાં પ્રોટીન, કેલ્શિયમ, ફાઈબર, મૈગ્નેશિયમ, પોટેશિયમ, વિટામિન ઈ તથા ગુણકારી ફેટસ્ છે. ચાલો આજે જાણી લઈએ બાફેલી લીલી મગફળીના સ્વાસ્થ્યવર્ધક લાભ : પાચનશક્તિ વધારે છે, બાફેલી મગફળીનું સેવન વહેલી સવારે કરવાથી પાચનશક્તિ મજબૂત બને છે. શરીરમાં પોષક તત્ત્વોનું પાચન સુચારૂ રીતે થાય છે. પેટને લગતી સમસ્યામાં બાફેલી મગફળીનું

# વરસાદમાં ઘરને બચાવો ભેજ અને દુર્ગંધથી



સુંદર વરસાદી માહોલની મજા ત્યારે બગડી જાય છે જ્યારે ઘરની દીવાલો પર ભેજ અને વાસનો કબજો થઈ જાય છે. ભેજ જો ઘરની દીવાલોની અંદર સુધી ઘૂસી જાય તો દીવાલો ભીની અને ડાઘ વાળી દેખાવા લાગે છે. ઘરમાં ભેજ આવવાના ઘણાં કારણો હોઈ શકે. ઘણીવાર દીવાલને અડીને પાણીનો પાઈપ પસાર થતો હોય અને તે લીક થતો હોય તો દીવાલના આંતરિક ભાગો સુધી પાણી પહોંચતું રહે છે, જેને કારણે દીવાલો પર ભેજ આવી જાય છે. જે ઘરોમાં સૂર્યપ્રકાશ સીધો ન આવતો હોય ત્યાં પણ ભેજનું સામ્રાજ્ય જોવા મળી શકે છે. બેઝમેન્ટ અર્થાત ભોંયતળિયે જયારે ભીનાશ વ્યાપી જ્યાં, ઘણીવાર બેઝમેન્ટમાં બનેલી ટાંકી લીક થતી હોય તો પણ ઘરની દીવાલો પર ભેજ લાગે છે. બારીઓની ફ્રેમની આસપાસ જ્યારે વર્ષા ઋતુમાં તેજ હવાઓ આવે અથવા વિપરીત દિશાનો વરસાદ હોય તો તેને કારણે વરસાદના છાંટા ઘરની અંદર આવે છે, તો ત્યાંથી પણ ભેજ આવવાની શક્યતા રહેલી છે. ઘણીવાર ભારે વરસાદને કારણે ઘરની છત ભેજવાળી લાગવા માંડે છે, ભલે તેના માટે કોઈ કારણ ન હોય. આ રીતે પાણીના પાઈપનું ગળતર, વરસાદની મોસમની ભીનાશ, ક્યારેક હવામાં ભેજ વધારે હોય તો પણ ઘરમાં ભીનાશ આવે છે, ખાસ કરીને જો રંગ કરવામાં ન આવ્યો હોય તો. ઘરમાં થતા ભેજથી બચવા, ઘર બનાવતી વખતે જ સજાગ રહેવું જોઈએ.ઘરમાં ઈંટનું કામ કર્યા પછી વર્ષો સુધી ઘણીવાર પ્લાસ્ટર નથી કરવામાં આવતું. તેને કારણે અનેક સિઝનનું પાણી તેમાં ઝમતું રહે છે. ત્યાર બાદ પ્લાસ્ટર થાય એટલે દીવાલો અને પાયાની અંદરનો ભેજ બહાર નીકળી શકતો નથી. ઘરનું ઈંટનું કામ કરાવીને તરત પ્લાસ્ટર થવું જોઈએ. અને પ્લાસ્ટર કરાવતા પહેલા સારા મિસ્ત્રીની મદદથી આખા ઘરનું વોટરપ્રૂફિંગ કરાવી લેવું જોઈએ. જ્યાંથી પાણીના પાઈપ આવતા હોય છે અને જ્યાંથી પાઈપ અન્ય દિશાઓમાં જોડાયેલા હોય ત્યાં ગળતર અને ભેજની સૌથી વધુ શક્યતા રહેલી છે. તેથી આવી જગ્યાઓએ વિશેષ રૂપે વોટરપ્રૂફિંગની જરૂર પડે છે. જો આ વાતનું આપણે ધ્યાન રાખીશું તો જીવનમાં ક્યારેય ઘરમાં ભેજ કે ભીનાશની સમસ્યા ઊભી નહીં થાય અને ઘરમાં તોડફોડ કરાવવાનો વારો નહીં આવે.

# સફેદ વાળને નેચરલી કાળા કરો : મહેંદીમાં આ ૫ વસ્તુ મિક્સ કરો અને લગાવો, જોરદાર રિઝલ્ટ મળશે

સફેદ વાળને કાળા કરવા માટે લોકો જાતજાતની પ્રોડક્ટસનો ઉપયોગ કરીને હેર બ્લેક કરતા હોય છે. પરંતુ આ કેમિકલ પ્રોડક્ટ્સથી વાળને લાંબા ગાળે નુકસાન થાય છે. આમ તમે મહેંદીમાં આ વસ્તુ મિક્સ કરીને વાળમાં લગાવો છો તો હેર બ્લેક થાય છે. આંમળાઃ વાળને કાળા કરવા માટે કલર કરવાની કોઈ જરૂર નથી. તમે નેચરલ રીતે પણ વાળને કાળા કરી શકો છો. આ માટે તમે લોખંડની કઢાઈ લો અને



એમાં સુકા આંમળાને એક કપ પાણીમાં આખી રાત પલાળી રાખો. પછી સવારમાં આ પાણીમાં મહેંદી નાખો અને પેસ્ટ બનાવો. ત્યારબાદ આ મહેંદીને વાળમાં લગાવો અને ત્રણથી ચાર કલાક માટે રહેવા દો. પછી ચોખ્ખા પાણીથી ધોઈ લો. આમ કરવાથી વાળ કાળ થશે અને કોઈ સાઈડ ઈફેક્ટ્સ પણ નહીં થાય.

કોફી-ઈંડિગો પાવડર: વાળને નેચરલી રીતે કાળા કરવા માટે તમે કોફી તેમજ ઈંડિગો પાવડરનો યુઝ કરી શકો છો. આ માટે તમે ત્રણથી ચાર ચમચી મહેંદી લો અને એમાં કોફી પાવડર મિક્સ કરો. પછી આ બન્ને વસ્તુને ગરમ પાણીમાં મિક્સ કરીને સ્મૂધ પેસ્ટ બનાવો. આ પેસ્ટને તમે રેગ્યુલર વાળમાં લગાવો છો તો હેર બ્લેક થાય છે અને સાથે સિલ્કી પણ થાય છે. આ એક નોર્મલ રીત છે.

BOLLYWOOD NEWS FLASH

## સૈફ એ સીન શૂટ કરી શક્યો ન હતો, ટિનુએ તે ઘટનાને યાદ કરતા કહ્યું કે શોટમાં અજય અને સૈફ સાથે હતા



# સૈફ અલી ખાનને પ્રોડ્યુસરે જાહેરમાં લાફો ઠોકી દીધો

। મુંબઈ, તા.૬ ।

સૈફ અલી ખાન ૯૦ના દાયકામાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીના 'છોટા નવાબ' તરીકે ઓળખાતા હતા. આ તે સમયગાળો હતો જ્યારે સૈફે પોતાની જાતને ફિલ્મોમાં સ્થાપિત કરી હતી અને તે ઘણી સારી ફિલ્મોમાં જોવા મળ્યો હતો. સૈફે અજય દેવગન સાથે મિલન લુથરિયાની ૧૯૯૯માં આવેલી ફિલ્મ કચ્ચે ધાગેમાં કામ કર્યું હતું, જે તે સમયે ખૂબ જ લોકપ્રિય ફિલ્મ હતી. પરંતુ શું તમે જાણો છો. આ ફિલ્મના શૂટિંગ દરમિયાન એક્શન ડિરેક્ટર ટીનુ વર્માએ તેને સેટ પર જાહેરમાં થપ્પડ મારી હતી. ચાલો તમને જણાવીએ કે તેણે શું કામ આ ઝાપટ મારી અને આગળ શું થયું. એક્શન ડિરેક્ટર ટીનુ વર્માએ પોતે આ ખુલાસો કર્યો હતો અને કહ્યું હતું કે તેણે સૈફને જોરથી થપ્પડ મારીને તે જ્ઞાન આપ્યું હતું, જે કદાચ તે ક્યારેય ભૂલી શકશે નહીં. તેણે જણાવ્યું કે આ ઘટના બાદ સેટ પરના બાકીના લોકોની પ્રતિક્રિયા શું હતી. મુકેશ ખન્ના સાથેની વાતચીતમાં ટીનુએ શેર કર્યું કે ફિલ્મ 'કચ્છે ધાગે'નું શૂટિંગ ચાલી રહ્યું છે. આ દરમિયાન ફિલ્મના તે ભાગનું શૂટિંગ થઈ રહ્યું હતું, જેમાં સૈફ અને અજય ટ્રેનમાંથી દોડીને જાય છે. શૂટ માટે ૭ કેમેરા ગોઠવવામાં આવ્યા હતા, એક મૂવિંગ ટ્રેન જ્યાંથી કલાકારોએ કૂદવાનું હતું અને તે જ સમયે એક વિશાળ ભીડનું પણ સંચાલન કર્યું હતું. સૈફ એ સીન શૂટ કરી શક્યો ન હતો. ટિનુએ તે ઘટનાને યાદ કરતા કહ્યું કે શોટમાં અજય અને સૈફ સાથે હતા અને તેણે 'એક્શન'ની બૂમો પાડતા જ સૈફે ડાન્સ કરવાનું શરૂ કર્યું. વારંવારના પ્રયાસ બાદ પણ સૈફ રોકાયો નહીં અને શોટ કેન્સલ કરવો પડ્યો. સિક્વન્સ ઘણો લાંબો હોવાથી ટીનુ ખૂબ જ નિરાશ થયો.

## અવનીત કૌરે પોતાના લેટેસ્ટ ફોટોશૂટની તસવીરો શેર કરી છે, જેમાં તેની હૉટનેસ જોઈને ફેન્સ દંગ રહી ગયા છે

# ટાઇટ ફિટેડ ડ્રેસમાં અવનીત કૌરે શેર કર્યો બોલ્ડ લૂક

। મુંબઈ, તા.૬ ।

ટીવી એક્ટ્રેસ અવનીત કૌર આજકાલ પોતાની લેટસ્ટ તસવીરોના કારણે ચર્ચામાં છે. અવનીત કૌરે પોતાની બૉલ્ડનેસથી બધાને ચોંકાવી દીધા છે, એક્ટ્રેસ અવારનવાર તસવીરો અને વીડિયોથી ફેન્સનું ધ્યાન આકર્ષિત કરે છે. તાજેતરમાં અવનીત કૌરે પોતાના લેટેસ્ટ ફોટોશૂટની તસવીરો શેર કરી છે, જેમાં તેની હૉટનેસ જોઈને ફેન્સ દંગ રહી ગયા છે. અભિનેત્રી અવનીત કૌરે પોતાના લેટેસ્ટ ફોટોશૂટની તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે. આ તસવીરોમાં અભિનેત્રી અવનીત કૌરે બ્લૂ કલરના ટાઈટ ફીટ લૂકમાં શૉર્ટ ડ્રેસ પહેરેલો છે. તેને સ્ટાઈલિશ દેખાવા માટે અવનીત કૌરે પૉનીટેલમાં તેના વાળ કર્લ કર્યા છે અને સામાન્ય મેકઅપ પણ કર્યો છે. અભિનેત્રી અવનીત કૌરે બાળ કલાકાર તરીકે ટીવી કરિયરની શરૂઆત કરી હતી. અવનીત કૌરે બૉલીવુડમાં નવાઝુદ્દીન સાથે ફિલ્મ 'ટીકુ વેડ્સ શેરુ'થી ડેબ્યૂ કર્યું હતું. ઉલ્લેખનીય છે કે, એક્ટિંગની સાથે એક્ટ્રેસ અવનીત કૌર પણ ખૂબ જ સારો ડાન્સ કરે છે.



# અભિનેતા હૃતિક રોશને ફ્લોન્ટ કર્યા ૬ પેક એબ્સ

। મુંબઈ, તા.૬ ।

હૃતિક રોશને ઈન્સ્ટાગ્રામ પર ૬ પેક ફ્લોન્ટ કરીને મસ્ત તસવીર પોસ્ટ કરી છે. ફેન્સ ફિટનેસ જોઈને હાલમાં હેરાન થઈ ગયા છે. આ સાથે હૃતિક રોશન ફેન્સને ફિટનેસ ગોલ આપી રહ્યા છે. બોલિવૂડ સેલેબ્સ એની ગર્લફ્રેન્ડ સબા આઝાદ, પૂર્વ પત્ની સુઝૈન ખાને આ તસવીર પર પોતાની પતિક્રિયા આપી છે. જો કે આ લેટેસ્ટ તસવીર જોઈને અનેક લોકો વિચારમાં પડી ગયા છે. હૃતિક રોશનની દમદાર બોડી દેખાડતા કેપ્શનમાં લખ્યુ છે કે ફિનિશ લાઈન નહીં દેખ સકતે..એક્ટરની ગર્લફ્રેન્ડ ઘણી ઈમ્પ્રેસ જોવા મળી રહી છે. એને અલગ-અલગ ઈમોજીસ શેર કરીને પોતાની ભાવનાઓ વ્યક્ત કરી છે. અનિલ કપૂર, પ્રિતી ઝિન્ટા અને કરણ સિહં ગ્રોવરે પણ હાર્ટ ઈમોજીસ શેર કર્યા છે. હૃતિક રોશને ફોટો શેર કર્યા પછી તરત ફેન્સની કોમેન્ટ્સ આવવા લાગી છે. એક ફેને તો કોમેન્ટ્સ કરી છે કે બોલિવૂડમાં બેસ્ટ બોડી, જ્યારે બીજી કોમેન્ટમાં યુઝર્સે ફાઈટર અપને રાસ્તે પર હે લખ્યુ છે. આટલું જ નહીં હૃતિક રોશનની તસવીરો પર લોકો જાતજાતની કોમેન્ટ્સ કરી રહ્યા છે. ત્રીજા એક ફેને લખ્યુ છે કે એક હી તો દિલ હૈ, કિતની બાર ચુરાઓગે? જો કે આ વિશે એક્ટરે પહેલાં પણ મળતી આવતી તસવીરો શેર કરી હતી અને જણાવ્યુ હતુ કે આ બદલાવ ફિલ્મ ફાઈટર માટે નથી. હૃતિક રોશને ફિટનેસ ટ્રેનર ક્રિસ ગેથિનને આપેલા ઈન્ટરવ્યૂમાં જણાવ્યુ હતુ કે હું જીવનશૈલી માટે કોશિશ કરી રહ્યો છુ જેને જીંદગીભર નિભાવી શકે.

## કંગના અને અજય દેવગનના નામ જોડાવા લાગ્યા, આનાથી કાજોલને ઘણી અસર થઈ હતી

# અજય અને કાજોલનું ઘર તૂટતા-તૂટતા રહી ગયું હતું

। મુંબઈ, તા.૬ ।

આજે બૉલીવુડમાં જો કોઈ કપલના સૌથી વધુ વખાણ થઈ રહ્યાં છે, તો તે છે કાજોલ અને અજયના. આ કપલ બૉલીવુડનું સૌથી શાંત કપલ ગણાય છે. કાજોલ અને અજય દેવગનની જોડી બૉલીવુડના બેસ્ટ અને ક્યૂટ કપલ્સમાંથી એક છે, પરંતુ એકવાર આ પાવર કપલનું બ્રેકઅપ થવાનું હતું. અજય દેવગન અને કાજોલની લવસ્ટોરી ૯૦ના દાયકામાં શરૂ થઈ હતી. આ કપલની બૉન્ડિંગ જોઈને ચાહકો હંમેશા વિચારે છે કે બંને વચ્ચે કેટલી અદભૂત તાલમેલ છે, પણ એકવાર કોઈની નજર આ તાલમેલ પર પડી. અહેવાલો અનુસાર, કાજોલ અને અજય દેવગન વચ્ચે બૉલીવુડની અન્ય અભિનેત્રીને લઈને ઝઘડો થયો હતો. ખરેખરમાં તે સમયે અજયની બૉલીવુડની એક હૉટ એક્ટ્રેસ સાથે નિકટ થઈ રહ્યો હતો, અને કારણે મામલો એટલો વધી ગયો હતો કે કાજોલે ઘર છોડવા માટેની ધમકી દીધી હતી. પરંતુ અજય દેવગનનો પરિવાર બચી ગયો? તેમના સંબંધોમાં તિરાડનું કારણ કંગના રનૌત હતી! એક સમય એવો હતો.



# અભિનેતા શમ્મી કપૂરે આપી હતી સતત ૨૫ ફ્લોપ ફિલ્મો

## છતાં કહેવાયો સુપરસ્ટાર

## ઘણી ફ્લોપ ફિલ્મો પછી પણ તેનો ક્રેઝ ચાહકોમાં અકબંધ રહ્યો હતો અને તેને ક્યારેય ફ્લોપ એક્ટર કહેવામાં આવ્યો ન હતો

। મુંબઈ, તા.૬ ।

વાસ્તવમાં, અમે અહીં જે અભિનેતા વિશે વાત કરી રહ્યા છીએ તે શમ્મી કપૂર છે, જે હજી પણ તેમના સમયના સુપરસ્ટાર માનવામાં આવે છે. એવું કહેવું ખોટું નહીં હોય કે શમ્મી કપૂરે પ્રાપ્ત કરેલા સ્ટારડમના સ્તર સુધી પહોંચવું સરળ નથી અને ભારતીય સિનેમામાં બહુ ઓછા કલાકારો આમ કરવામાં સફળ થયા છે. શમ્મી કપૂર પૃથ્વીરાજ કપૂરના સૌથી નાના પુત્ર અને બોલિવૂડ સ્ટાર્સ શશિ કપૂર અને રાજ કપૂરના નાના ભાઈ હતા. બોલિવૂડમાં ડેબ્યુ કરતા પહેલા શમ્મી કપૂરે પિતા સાથે થિયેટર



કરવાનું શરૂ કર્યું હતું. શમ્મી કપૂરે ૧૯૫૩માં 'જીવન જ્યોતિ'થી પોતાની એક્ટિંગ કરિયરની શરૂઆત કરી હતી અને બોલિવૂડમાં ડેબ્યૂ કર્યા બાદ તેમણે ક્યારેય પાછળ વળીને જોયું નથી. શમ્મી કપૂરે પોતાના કરિયરમાં ઘણી સુપરહિટ ફિલ્મો આપી. શમ્મી કપૂરે પોતાના કરિયરમાં 'અંદાઝ', 'કાશ્મીર કી કલી', 'બ્રહ્મચારી', 'જંગલ' અને 'દિલ દેખે દેખો' જેવી ઘણી સુપરહિટ ફિલ્મો આપી હતી. પરંતુ, પછી એક સમય એવો આવ્યો જ્યારે શમ્મીની કારકિર્દીનો ગ્રાફ નીચે આવવા લાગ્યો અને તેણે સતત ૨૫ ફ્લોપ ફિલ્મો આપી. જો કે, ઘણી ફ્લોપ ફિલ્મો પછી પણ તેનો ક્રેઝ ચાહકોમાં અકબંધ રહ્યો હતો અને તેને ક્યારેય ફ્લોપ એક્ટર કહેવામાં આવ્યો ન હતો. શમ્મી કપૂર છેલ્લે તેના ભાઈ રાજ કપૂરના પૌત્ર રણબીર કપૂરની ફિલ્મ 'રોકસ્ટાર'માં જોવા મળ્યો હતો.

આ સુપરહિટ ફિલ્મમાં તેણે શહનાઈ ખેલાડીની ભૂમિકા ભજવી હતી. શમ્મી કપૂરની છેલ્લી ફિલ્મ રોકસ્ટાર ૧૧ નવેમ્બર ૨૦૧૧ના રોજ રિલીઝ થઈ હતી અને તે બોક્સ ઓફિસ પર કમર્શિયલ હિટ રહી હતી. તે રૂ. ૬૦ કરોડમાં બનાવવામાં આવી હતી જ્યારે તેનું બોક્સ ઓફિસ કલેક્શન રૂ. ૧૦૪ કરોડ હતું. જો કે, ૧૧ ઓગસ્ટ ૨૦૧૧ના રોજ શમ્મી કપૂરના મૃત્યુ પછી આ ફિલ્મ સ્ક્રીન પર રિલીઝ થઈ હતી.

# ગૂજરાત વિદ્યાપીઠ મંડળની બેઠકમાં ૬૪ મુદ્દાઓ ઉપર અભ્યાસપૂર્ણ સર્જનાત્મક વિચાર-વિમર્શ કરાયો



। ગાંધીનગર, તા.૬ ।

ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગૂજરાત વિદ્યાપીઠ મંડળની બેઠકમાં કહ્યું હતું કે, મહામાનવ પૂજ્ય ગાંધીજીના આદર્શોને જનમાનસ સુધી પહોંચાડવા એ આપણું લક્ષ્ય છે. આ મિશનને પાર પાડવા આપણે એક પરિવારની જેમ સાથે મળીને ઈમાનદારીપૂર્વક કામ કરીએ.

ગૂજરાત વિદ્યાપીઠ મંડળની બેઠક આજે રાજભવનમાં યોજાઈ હતી. વિદ્યાપીઠના સ્કુલપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, હું રાજકારણી નથી, હું સામાજિક કાર્યકર છું. વર્ષોથી ગાંધીવિચારને અનુરૂપ ગુરુકુળમાં હજારો વિદ્યાર્થીઓને શિક્ષણ અને સંસ્કાર આપવાનું કાર્ય કરું છું. રાજકારણથી બહાર આવીને સહુએ ગુજરાત વિદ્યાપીઠમાં સ્વચ્છતા આણવાની આવશ્યકતા છે. શિક્ષણનું સ્તર વધુ ઊંચું લઈ જવાની જરૂર છે. પૂજ્ય ગાંધીજીના ગ્રામોત્થાનના વિચાર પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાની આવશ્યકતા છે. રાષ્ટ્ર નિર્માણના આ મહત્વના કાર્યમાં સકારાત્મકતાથી સૌના સહિયારા પ્રયાસોની આવશ્યકતા છે. કુલપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં મળેલી ગૂજરાત વિદ્યાપીઠ મંડળની બેઠકમાં વિદ્યાપીઠના શૈક્ષણિક સ્તરને વધુ શ્રેષ્ઠ બનાવવા, વહીવટ અને વ્યવસ્થાપનને વધુ સરળ અને સુદ્રઢ બનાવવા તથા આર્થિક બાબતોને લઈને વિવિધ ૬૪ મુદ્દાઓ પર વિસ્તૃત અને વિગતવાર વિચાર-વિમર્શ કરાયો હતો. ગૂજરાત વિદ્યાપીઠ મંડળના મંત્રી શ્રી ડૉ. હર્ષદ પટેલે તમામ મુદ્દાઓની અભ્યાસપૂર્ણ વિશદ્ છણાવટ કરીને મંડળ સમક્ષ મૂક્યા હતા. મંડળના તમામ સભ્યોએ પૂર્ણ હકારાત્મકતા સાથે ચર્ચામાં ભાગ લીધો હતો. ત્રણ કલાક ચાલેલી આ બેઠકમાં અનેક સર્જનાત્મક નિર્ણયો લેવાયા હતા. આ નિર્ણયો ગૂજરાત વિદ્યાપીઠને આગામી સમયમાં નવી ઊંચાઈઓ આપશે.

# શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદમાં નંદ મહોત્સવ ઉજવવામાં આવ્યો

। ઝાલોદ, તા.૬ ।

ઝાલોદ વિદ્યાસમાજ સ્ટ્રસ્ટ દ્વારા સંચાલિત શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ ઝાલોદમાં નંદ મહોત્સવ ઉજવણી કરવામાં આવી. કોલેજના વિદ્યાર્થીઓએ દ્વારા જુદી જુદી ટુકડીઓ બનાવીને મટકી ફોડ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. કૉલેજ પરિવારના તમામ સભ્યોએ આ કાર્યક્રમમાં ઉત્સાહથી ભાગ લીધો હતો.



# કારઠ પ્રાથમિક શાળામાં શિક્ષક દિન ઉજવાયો

। પંકજ પંડિત ઝાલોદ, તા.૬ ।

ઝાલોદ તાલુકાની કારઠ પ્રાથમિક શાળામાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી. શિક્ષક દિનની ઉજવણીમાં કુલ ૨૨ બાળકોએ શિક્ષક તરીકે ફરજ બજાવી હતી. જેમાં નિમ્ન પ્રાથમિક વિભાગમાં ૧૨ બાળકો અને ઉચ્ચતર પ્રાથમિક વિભાગમાં ૧૦ બાળકોએ ભાગ લીધો. શિક્ષક દિન નિમિતે શાળાના આચાર્ય તરીકેની જવાબદારી ધોરણ-૬ ની વિદ્યાર્થીની નિનામા ખુશીબેન મિનેશચંદ્રએ સંભાળી હતી. શિક્ષક દિનમાં ભાગ લેવા માટે ઉચ્ચતર પ્રાથમિક વિભાગ માંથી કુલ ૨૯ બાળકોની અરજી આવી હતી, જેમાંથી ૧૦ બાળકોની શિક્ષક તરીકે પસંદગી



કરવામાં આવી હતી. શિક્ષકોની પસંદગી TET ની પરીક્ષા બાદ મેરીટના આધારે કરવામાં આવી હતી. મેરીટમાં આવેલ બાળકોને શિક્ષક તરીકેની નિમણુક આપવામાં આવી હતી. સાંજે ૪:૦૦ થી ૫:૦૦ કલાક દરમિયાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન શિક્ષક દિનમાં ભાગ લીધેલ બાળકોએ પોતાના અનુભવો રજુ કર્યા હતા. શાળાના આચાર્યશ્રી તથા શિક્ષકો દ્વારા બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શિક્ષક દિનની ઉજવણીમાં શાળાના દરેક વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## ઝાલોદ તાલુકામાં વરસાદ ખેંચાતા જગતનો તાત એવો ખેડૂત ચિંતાગ્રસ્ત

# વરસાદ ખેંચાતા અસહ્ય ગરમી તેમજ બફારાનો અહેસાસ કરતા ગ્રામજનો

। ઝાલોદ, તા.૬ ।

વરસાદના લાંબા વિરામ બાદ ફરી કોઈ પણ જાતનો વરસાદ ન પડતાં પૃથ્વી પરનો તાત ( ખેડૂત) ચિંતાગ્રસ્ત જોવા મળી રહેલ છે. ખેડૂત દ્વારા કરેલ મજૂરી વરસાદ ખેંચાતા કરેલ પાકમાં નુકસાન જવાના એંધાણ જોવા મળી રહેલ છે.

વરસાદ ન પડતાં ખેડુત વર્ગના લોકો ચિંતાતુર જોવા મળી રહેલ છે. ખેડૂત વર્ગ દ્વારા કરેલ મજૂરી વ્યર્થ જાય તેવું જોવા મળી રહેલ છે. વરસાદ ખેંચાતા હાલ નગરના માછણડેમમા પણ પાણીની સપાટી નીચે જઈ રહી છે. તેમજ જો વરસાદ ન પડે તો નદી, તળાવ ન ભરાય તો આગામી દિવસોમાં પાણીની ગંભીર સમસ્યાઓ સર્જાઈ શકે તેમ છે.

વરસાદ ન પડતાં અસહ્ય ગરમીને લઈ વાતાવરણમાં બફારો પણ જોવા મળી રહ્યો છે. નગરમાં બફારાને લઈ બીમારીઓ પણ વધી શકે છે. હાલ નગરમાં ડેન્ગ્યુ, મેલેરિયા જેવા રોગો ધીરે ધીરે વધી શકે તેવા સ્પષ્ટ એંધાણ જોવા મળી રહેલ છે અમુક લોકો તો ડેન્ગ્યુ અને મલેરિયા જેવી બીમારીયોનો ભોગ પણ બની ચૂકેલ છે. તાત્કાલિક આરોગ્ય શાખા આ પ્રત્યે પૂરતું ધ્યાન આપી જરૂરી પગલાં લે તેવું લોકો ઈચ્છી રહેલ છે.

## વન મહોત્સવ ધારાસભ્ય મહેશ ભૂરિયાના અધ્યક્ષ સ્થાને યોજાયો

# ઝાલોદ તાલુકાનો ૭૪મો તાલુકા કક્ષાનો મહોત્સવ રૂપાખેડા ગામે ઉજવવામાં આવ્યો

। ઝાલોદ, તા.૬ ।

આજ રોજ તારીખ ૦૬/૦૯/૨૦૨૩ના ઝાલોદ તાલુકાનો ૭૪મો તાલુકા કક્ષાનો વન મહોત્સવ ૧૩૦-ઝાલોદ વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ ભુરીયાના અધ્યક્ષ સ્થાને કસ્તુરબા ગાંધી બાલિકા વિધાલય રૂપાખેડા ખાતે ઉજવવામાં આવ્યો અને વૃક્ષા રોપણનુ આયોજન કરવામાં આવ્યું અને લાભાર્થીઓને સહાયના ચેક વિતરણ કરવામાં આવ્યા જેમા ઉપસ્થિત ઝાલોદ વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ ભુરીયા, વરિષ્ઠ આગેવાન મુકેશભાઈ કણૉવટ, જીલ્લા પંચાયતના સભ્ય લલીતભાઈ ભુરીયા, સુનિલભાઈ હઠીલા, કૃષ્ણરાજ ભુરીયા, ભારતીય જનતા પાર્ટીના ઝાલોદ તાલુકાના પ્રમુખ મુકેશભાઈ પરમાર, મહામંત્રી કાળુભાઈ નિસરતા, સુરેશભાઈ ભાભોર, ઉપ પ્રમુખ



અનિતાબેન મછાર, ભાજપા ઝાલોદ તાલુકાના ઉપપ્રમુખ મુકેશભાઈ ખાંગુડા, ચીમનભાઈ વસૈયા, અનિલભાઈ તેમજ જીલ્લાના તેમજ તાલુકાના સંગઠનના હોદ્દેદારો શ્રીઓ, તાલુકા પંચાયતના સભ્યો ઝાલોદ તાલુકાના સરપંચો ઉપ સરપંચો તેમજ વરિષ્ટ ભાજપા કાયૅકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદ ખાતે સાંસદ જશવંતસિંહ ભાભોરના અધ્યક્ષસ્થાને ‘શ્રેષ્ઠ શિક્ષક સન્માન સમારોહ’ યોજાયો હતો

। દાહોદ, તા.૬ ।

શિક્ષક દિવસ‘ નિમિત્તે કૃષિ ઈજનેરી પોલીટેકનીક, આણંદ કૃષિ યુનિર્સિટી , મુવાલીયા ફાર્મ હાઉસ દાહોદ ખાતે સાંસદ શ્રી જશવંતસિંહ ભાભોરના અધ્યક્ષ સ્થાને ‘શ્રેષ્ઠ શિક્ષક સન્માન સમારોહ’ યોજાયો હતો. આ અવસરે સાંસદ શ્રી જશવંતસિંહ ભાભોરે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે શિક્ષણ ક્ષેત્રે અનેકવિધ નિર્ણયો લીધા છે જેના પરિણામે આજે શિક્ષણક્ષેત્રે નવતર પ્રયોગો થઈ રહ્યા છે, શિક્ષણનું સ્તર વધ્યું છે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસ નિમિત્તે ‘શિક્ષક દિનની’ ઉજવણી કરવામાં આવે છે. શિક્ષકનું સમાજમાં વિશેષ સ્થાન છે કારણ કે વિદ્યાર્થીઓના જીવન ઘડતરમાં શિક્ષકનો અમૂલ્ય ફાળો હોય છે. આજનો દિવસ વિદ્યાર્થીઓએ શિક્ષકો માટે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો દિવસ છે.

શિક્ષક રાષ્ટ્રનિર્માણમાં પણ વિશેષ યોગદાન આપે છે. કોઈપણ દેશ કે રાજ્યની પ્રગતિ શિક્ષણ વિના ન થઈ શકે. આજે શિક્ષણક્ષેત્રે નવી નીતિઓ ઘડવામાં આવી રહી છે આ શિક્ષણનીતિમાં તમામ પાસાઓને આવરી બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ મળી રહે, તેનો સર્વાંગી વિકાસ થાય તેવા પ્રયાસો કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે. તેમ સાંસદશ્રીએ જણાવ્યું હતું. શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર શિક્ષકોને શિક્ષક દિને ‘શ્રેષ્ઠ શિક્ષક’ પારિતોષિક આપી સન્માનિત કરવાનો કાર્યક્રમ યોજવામાં આવે છે.

# રામ જાનકી આશ્રમશાળા દેવજીની સરસવાણી મુકામે યોગાસનનું આયોજન કરાયું



। ઝાલોદ, તા.૬ ।

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને શ્રી રામ જાનકી આશ્રમશાળા દેવજીની સરસવાણી ના સંયુક્ત ઉપક્રમે યોગાસન કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું જેમાં યોગ કો-ઑર્ડિનેટર ગુજરાત રાજ્ય રાજેશભાઈ પંચાલ તથા ઝોન કૉ-ઑર્ડિનેટર શ્રીમતી પીક્રીબેન મેકવાને ઉપસ્થિત રહી બાળકોને ખૂબ જ સરસ માર્ગદર્શન આપ્યું. શાળાના ટ્રસ્ટી અને વિ. હિન્દુ પરિષદ દ. ગુજરાત પ્રાંતના સહ સેવા પ્રમુખ શ્રી કે. જી. પટેલજીએ ૬૨ વર્ષની ઉંમરે પ્રત્યક્ષ આસનો કરી અષ્ટાંગ યોગની વિધ્યાર્થી જીવનમાં ઉપયોગીતાની સ્પષ્ટ સમજ આપી.

# ગરૂડેશ્વર તાલુકાના નવાપુરા ગામે લાગી ભીષણ આગ

। દીપક જગતાપ રાજપીપળા, તા.૬ ।

ગરૂડેશ્વર તાલુકાના નવાપુરા ગામે ભીષણ આગ ફાટી નીકળી હતી જેમાં ૧૨જેટલાં ઘરો બળીને ખાખ થઈ જતાં ભારે નુકશાન થયાના અહેવાલ છે. પ્રાપ્ત માહિતી અનુસાર નવાપુરા ગામે સાંજે ૫ ના સુમારે અચાનક એક ઘરમાં આગ લાગતાઘર સળગવા લાગ્યું હતું. તેની સાથે બીજા ઘરોમાં પણ આગ પકડતા આગમાં ૧૨જેટલા ઘરો ભસ્મિભૂત થઈ ગયા હતાં. જો કે આ ઘટનામાં કોઈ જાન હાની થવા પામી નથી. પરંતુ ઘરવખરી સામાન સહિત તમામ સામાન બળીને ખાખ થઈ જતાં રહીશોને ભારે નુકશાન થયાંના અહેવાલ છે. ઘટનાની જાણ થતાં રાજપીપળા - કેવડિયાથી ફાયરબ્રિગેડના જવાનો દોડી આવ્યા હતાં. અને પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગને કાબૂમાં લીધી હતી.આ દુર્ઘટનામાં અસરગ્રસ્તોને



સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે.

આ આગમાં નવાપુરા ગામના મહેન્દ્ર વિઠ્ઠલ ભીલ, અંબાલાલ છોટા ભીલ, અમીના રમણ ભીલ, નટુભાઈ ચીમનભીલ, મોહન ક્રાંતિ ભીલ, મુકેશ મોહન ભીલ, જેતી રષા ભીલ, જૈતી રાણજી ભીલ,વિનોદ રામદાસ ભીલ, બચું રધા ભીલ, દલસુખ રામદાસ ભીલ, રમેશ અંબાલાલભીલના ઘરો બળીને ખાખ થઈ ગયા છે.

# વ્હોરા સમાજના ધર્મગુરૂએ રૂપિયા દસ કરોડની રકમ ગોધરા શહેરના વ્હોરા બિરાદરોને આપી

। હુસામુદ્દીન કપાસી જસદણ, તા.૬ ।

દાઉદી વ્હોરા સમાજના જેમનો પડ્યો બોલ ઝીલાય છે એવા માનવતાવાદી આધ્યાત્મિક દાઉદી વ્હોરા સમાજના ત્રેપનમા ધર્મગુરૂ નામદાર ડો. સૈયદના આલીકદર મુફદ્દલ સૈફુદ્દીન (ત. ઉ. શ.) હાલ પંચમહાલના ગોધરા શહેરમાં છે અને આવનારા દિવસોમાં ગુજરાતના અનેક શહેરોમાં પધરામણી કરવાનાં હોય ત્યારે ગોધરા શહેરના જરૂરિયાતમંદ વ્હોરા બિરાદરોને મદદ કરવાના શુભ હેતુથી રૂપિયા દસ કરોડ અને બાવન લાખ રૂપિયાની જબરી મદદ કરવાની જાહેરાત કરતાં પ્રત્યેક ગોધરાવાસી વ્હોરા બિરાદરોમાં ખુશીની લાગણી ઉદ્દભવી હતી.



તાજદર ડો. સૈયદના સાહેબ દ્વારા તાજેતરમાં હુશેની સ્કીમમાં એમણે ૧૦.૫૨ કરોડ રૂપિયા આપવાની જાહેરાત કરી હતી નોંધનીય છે કે ડો. સૈયદના સાહેબ દ્વારા અનેક નાણાંકીય સ્કીમો ચાલી રહી છે જેમાં સમાજના શ્રીમંતો ખુલ્લાં મને નાણાં રોકે છે અને જરૂરીયાતવાળા બિરાદરો પોતાનાં ધંધા વિકાસ માટે પણ પૈસાનું કરજ કરે છે અબજો ખરબો રૂપિયા અનેક સ્કિમોમાં આવતા જતાં રહે છે પણ એક પણ પૈસાનું વ્યાજ આપવાનું લેવાનું થતું નથી ત્યારે દુનિયાભરના દાઉદી વ્હોરા સમાજ માટે સૈયદના સાહેબ દ્વારા ચાલતી વિવિધ સ્કિમોનો હજજારો વ્હોરા બિરાદરો લાભ લઈ સ્વનિર્ભર બની રહ્યાં છે.

# નડિયાદના ટેબલ ટેનિસ નિવાસી એકેડમીના ખેલાડીઓનું ઇન્ટરનેશનલ સ્પર્ધામાં પસંદગી

। નડિયાદ, તા.૬ ।

જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર નડિયાદ હસ્તકની ટેબલ ટેનિસ નિવાસી એકેડેમીના ખેલાડીઓ ધ્યેય જાની તથા જન્મેજય પટેલ “WTT Youth Contender,Bangkok,Thailand” તા.૧૧/૦૯/૨૦૨૩ થી ૧૭/૦૯/૨૦૨૩ સ્પર્ધામાં પસંદગી થયેલ છે. જે બદલ જિલ્લા વહીવટી તંત્ર અને ડાયરેક્ટર હાઈ પર્ફોર્મન્સ સેન્ટર, નડિયાદ શ્રી.ચિંતન મહેતા, તથા જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી ડો.મનસુખ તાવેથીયા તથા ટેબલ ટેનિસ કોચ શ્રી મહાવીરસિંહ કુંપાવત દ્વારા તેઓને અભિનંદન પાઠવેલ છે. હાલમાં આ રમતવીરો સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર હસ્તકની ટેબલ ટેનિસ એકેડેમી,નડિયાદ ખાતે તાલીમ લઈ રહેલ છે.



# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યુ હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. આજે તમે તમારા જીવનસાથી સાથે તમારા જીવનનો શ્રેષ્ઠતમ સમય વ્યતીત કરશો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે જે અશક્ય છે તે વિશે બિનજરૂરી વિચાર કરીને તમારી શક્તિ વેડફતા નહીં, એના કરતાંતેનો ઉપયોગ યોગ્ય દિશામાં કરો. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે નહીંતર આવનારા સમય માં તકલીફ તમારેજ વેઠવવી પડશે?

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે મોટી ઉંમરના લોકોએ તેમના સ્વાસ્થ્યની દરકાર લેવાની જરૂર. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો? દૂરનાં કોઈ સગાં તરફથી અણધાર્યો સંદેશ આખા પરિવાર માટે ઉત્સાહ લાવશે. તમારો પ્રેમ અસ્વીકારને આમંત્રમ આપશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. તમને એકલવાયું લાગે ત્યારે તમારા પરિવારની મદદ લો. એ તમને હતાશાથી બચાવશે. વળી, એ તમને સમજદારીભર્યા નિર્ણયો લેવામાં પણ મદદ કરશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે ઉત્સાહિત કરનારી તથા તમને નિરાંતવા રાખતી પ્રવૃત્તિઓ સાથે સંકળાઓ. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે. આજે તમને પૈસા ની જરૂર હશે પરંતુ તે તમને નહિ મળી શકે. આજે ખાલી સમય નું સાચું ઉપયોગ કરવા માટે તમે પોતાના જુના મિત્રો ને મળવા નું પ્લાન બનાવી શકો છો?

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે સારા સમાચાર મળવાની શક્યતા છે. એક યા બીજી જગ્યાએથી તમને આર્થિક લાભ મળી રહેશે. વ્યાજબી રહેવાનો પ્રયાસ કરજો ખાસ કરીને એવા લોકો સાથે જેઓ તમને પ્રેમ કરે છે અને તમારી દરકાર કરે છે. પ્રવાસને કારણે રોમેન્ટિક સંબંધોને વેગ મળશે. આજે તમારા જીવનસાથી અને તમારી વચ્ચે ઊંડાણભરી અને અર્થસભર રોમેન્ટિક વાતચીત થશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. જરૂરિયાતમંદ લોકોને મદદ કરવાની તમારી ક્ષમતા તમને માન અપાવશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારી લાગણીઓ પર અંકુશ રાખવું તમને મુશ્કેલ લાગશે-તમારૂં અસામાન્ય વર્તન તમારી આસપાસના લોકોને મૂંઝવી નાખશે તથા તમને હતોત્સાહી કરી મુકશે. જે લોકો અત્યાર સુધી પૈસા વગર વિચારે ઉડાડી રહ્યા હતા તેમને પૈસા ની આજે ઘણી જરૂર પડી શકે છે અને તેમને સમજણ આવી શકે છે કે પૈસા નું શું મહત્વ હોય છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. અન્યો પર વધુ પડતો ખર્ચ કરશો એવી શક્યતા છે. ખાલી સમય નું તમે આજે સદુપયોગ કરશો અને તે કામો ને પુરા કરવાની કોશિશ કરશો જે ગત દિવસો માં પુરા નથી થયા હતા. તમારા સંબંધીઓ આજે તમારા સુખી લગ્નજીવનને થોડુંક નુકસાન પહોંચાડી શકે છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારા નિરાશાવાદી અભિગમને કારણે તમે પ્રગતિ કરી શકતા નથી. સમય પાકી ગયો છો કે તમે એ બાબતને સમજી લો કે ચિંતાએ તમારી વિચાશક્તિને મંદ પાડી દીધી છે. ઉજળી બાજુ તરફ જુઓ અને તમે ચોક્કસ જ તમારી વિવેકશક્તિમાં પરિવર્તન લાવી શકશો. નાણાકીય દષ્ટિએ આજ નું દિવસ મિશ્ર રહેવાનું છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. તમને જેના પર વિશ્વાસ છે તે કદાચ તમને આખું સત્ય નથી જણાવી રહ્યા- તમારી વાત અન્યોને ગળે ઉતારવાની તમારી આવડત તમને આવાનારી સમસ્યાઓ ઉકેલવામાં મદદ કરશે. કોઈક રસપ્રદ વ્યક્તિને મળવાની શક્યતા છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? સમજદારીપૂર્વક રોકાણ કરો. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. સાવધાન રહેજો કેમ કે આજે પ્રેમમાં પડવું એ તમારી માટે અપવિત્ર બાબત બની શકે છે. તમે પરિવારના સભ્યો સાથે મુશ્કેલ સમયનો સામનો કરશો.

## ન્યુઝ બોક્ષ

### એસપીજીના નિર્દેશક અરુણ કુમાર સિન્હાનું નિધન થયું

। નવી દિલ્હી, તા.૬ ।

સ્પેશિયલ પ્રોટેક્શન ફોર્સ (એસપીજી)ના નિર્દેશક અરુણ કુમાર સિન્હાનું નિધન થઈ ગયું છે. તેમણે ગુરુગ્રામની મેદાંતા હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. એસપીજીદેશના વડાપ્રધાનાની સુરક્ષાની જવાબદારી સંભાળે છે. માહિતી અનુસાર અરુણ કુમાર સિન્હા ૧૯૮૮ કેરળ કેડરના આઈપીએસઅધિકારી હતા. તાજેતરમાં જ તેમના કાર્યકાળમાં એક વર્ષનો વિસ્તાર અપાયો હતો. અરુણા કુમાર સિન્હા ૨૦૧૬થી એસપીજીના ચીફ પદે તહેનાત હતા. તેમને લીવરમાં તકલીફ હતી અને ૪ સપ્ટેમ્બરે તેમને મેદાંતા હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. અહીં બુધવારે સવારે તેમણે અંતિમ શ્વાસ લીધા. સિન્હાએ તેમનો અભ્યાસ ઝારખંડમાં કર્યો હતો. તે કેરળ પોલીસમાં અનેક મહત્ત્વપૂર્ણ પદો પર રહ્યા હતા. તેમણે ડીસીપી, કમિશનર, રેન્જ આઈજી, ઈન્ટેલિજન્સ આઈજી અને એડમિનિસ્ટ્રેશન આઈજી જેવા પદો પણ સંભાળ્યા હતા.

### ચીઝની હરાજી ૩૦ હજાર યુરો એટલે કે ૨૭ લાખમાં થઈ

। નવી દિલ્હી, તા.૬ ।

તમે દુનિયામાં અલગ-અલગ પ્રકારની વસ્તુઓ જોઈ હશે અને તેમની કિંમત જોઈને મન ઘણી વાર ભટકે છે. જે રકમમાં આપણે પોતાના માટે ઘર, કપડાં અને ઘરેણાં ખરીદવાનું વિચારીએ છીએ, તેટલી રકમમાં માત્ર એક કિલો કે બે કિલો વસ્તુ આવી શકે છે. હાલમાં જ સ્પેનમાં એક ખાસ પ્રકારના ચીઝની કિંમત એટલી હદે અંદાજવામાં આવી છે કે ગુજરાતમાં તેની ૪ કિલોની કિંમત લગાવ્યે તો ફ્લેટ ખરીદી શકાય છે. દર વર્ષે ઓગસ્ટમાં સ્પેનમાં લાસ એરેનાસ ડી કેબ્રાલેસ નામની જગ્યા પર એક હરીફાઈ યોજાય છે, જેમાં હાથથી બનાવેલા શ્રેષ્ઠ ચીઝની હરાજી કરવામાં આવે છે. આ વખતે સ્પેનિશ રેસ્ટોરન્ટ ન્ક્ષ્ફ્ક્ષ્ફ્ટ્ક્ષ્ટ્ર ઝ્ક્ષ્ફ્ક્ષ્એ લાખોમાં એક ખાસ ચીઝ ખરીદ્યુ છે. માત્ર ૨.૨ કિલો ચીઝની ૩૦ હજાર યુરો એટલે કે લગભગ ૨૭ લાખ રૂપિયામાં હરાજી થઈ છે. લાગર દી કોલૈટો નામની રેસ્ટોરન્ટ દ્વારા બનાવવામાં આવેલ કેબ્રાલેસ ચીઝની ખાસિયત એ છે કે તેને હાથથી બનાવવામાં આવે છે અને તેની ૨.૨ કિલોની બ્રિક ૨૭ લાખ રૂપિયામાં વેચાઈ છે. એટલે કે એક કિલોની કિંમત મુકીએ તો ૧૩ લાખ થાય અને આ રકમમાં સોનાનો હાર આવશે.

### લોકોના ચેક ચોરી પોતાનું એકાઉન્ટ ભર્યું

# ટપાલ વિભાગના કર્મીએ ૧૦૦ અમેરિકનનું કરોડોનું કરી નાખ્યું

### અમેરિકામાં પોસ્ટલ સર્વિસમાં કામ કરતા શખસે ૯૮ ચેક સાથે ચેડા કરી કરોડો રૂપિયા પોતાના બેન્ક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી દીધા હતા

। નવી દિલ્હી, તા.૬ ।

અમેરિકામાં પોસ્ટલ સર્વિસ ડિપાર્ટમેન્ટમાં કામ કરતા કર્મચારીએ અંદાજે ૧૪ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી નાખી છે. ઉલ્લેખનીય છે કે આ કર્મચારીએ ટપાલ વિભાગના જે ચેક હતા તે ચોરીને એક એક કરી પોતાના બેક્ર એકાઉન્ટમાં જમા કરાવવાનું શરૂ કર્યું હતું. નોંધનીય છે કે એક રૂટિન ચેકિંગ દરમિયાન લોકોના નાણા છૂ થઈ ગયા હોવાની ઘટના સામે આવતા છેતરપિંડીની ફરિયાદ નોંધવામાં આવી હતી.

પોલીસે તપાસ કરી તો બે ઘડી તો બધા વિચારતા રહી ગયા અને આ કર્મચારીએ જે પ્રમાણે ષડયંત્ર રચી રૂપિયા પડાવ્યા હતા તે જોતા રહી ગયા હતા. પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ કર્મચારીએ ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૦ના દિવસથી ફ્રેન્ડશિપ પોસ્ટ ઓફિસ સ્ટેશન પર યૂએસપીએસ માટે પોસ્ટ સપ્લાયર તરીકે કામ કરવાનું શરૂ કર્યું હતું. તેણે ૩૧ જાન્યુઆરી ૨૦૨૧ સુધી અહીં કામ કર્યું અને આ દરમિયાન ધીમે ધીમે કરીને કુલ ૯૮ ચેક પોતાના બેક્ર એકાઉન્ટમા જમા કરાવી લીધા હતા. અત્યારસુધી તેણે લગભગ ૧૪ કરોડથી વધુની રકમ પોતાના બેક્ર એકાઉન્ટમાં જમા કરાવી દેતા હોબાળો મચી ગયો હતો. નોંધનીય છે કે આ દરમિયાન પોસ્ટ ઓફિસના કર્મચારીએ લોકોના બેક્ર એકાઉન્ટમાંથી રૂપિયાની ચોરી કરી પોતાનું ખાતુ ભર્યું હતું.

સિવિલ કોર્ટે જણાવ્યું કે એક બેક્ર એકાઉન્ટથી ચાર લાખ ડોલરથી વધુની રકમ જપ્ત કરાઈ છે. અનુમાન લગાવાઈ રહ્યું છે કે આ બેક્ર આઉન્ટ પણ પોસ્ટલ સર્વિસ ડિપાર્ટમેન્ટના અધિકારીનું છે. તેણે કૌભાંડ કરીને ૧૪ કરોડ રૂપિયાથી વધુની રકમ પચાવી પાડી અને એક એક કરીને ચેકમાં ચેડા કરી પોતાનું નામ છાપી એકાઉન્ટમાં જમા કરાવી હતી. આવું તે ૧૩ ડિસેમ્બર ૨૦૨૧ સુધી કરતો રહ્યો હતો. પોલીસ અધિકારીના જણાવ્યા પ્રમાણે આ કર્મચારીએ અમેરિકન ટ્રેઝરીથી ચેકમાં ફેરફાર કર્યો અને મોબાઈલ એપ્લિકેશન વડે પોતાનું નામ એડ ઓન કરી રૂપિયા સીધા ટ્રાન્સફર કરી દીધા હતા. ૨૯એ એક સર્ચ વોરન્ટ જાહેર કરાયા બાદ તપાસકર્તાઓએ ઓલ્ની, મેરીલેન્ડમાં એક બેક્ર એકાઉન્ટમા જમા થયેલા ૩ કરોડ રૂપિયાથી વધુની રિસિપ શોધી કાઢી હતી. ઉલ્લેખનીય છે કે લોકોને લાગી રહ્યું હતું કે તેમના રૂપિયા જે છે તે પોસ્ટલ સર્વિસ થકી જ ટ્રાન્સફર થઈ રહ્યા છે. જમા થઈ રહ્યા છે પરંતુ આમ ન થયું અને એક દિવસ ગ્રાહકે ફરિયાદ કરી કે મારા રૂપિયા ગયા ક્યાં છે. જોતજોતામાં આ અંગે વધુ તપાસ થઈ તો પોસ્ટલ સર્વિસમાં કામ કરતા કર્મચારી પર શંકા ગઈ. પોલીસે ત્યારપછી એના બેક્ર એકાઉન્ટના ટ્રાન્ઝેક્શન જોયા અને સીસીટીવી ફૂટેજના આધારે તેણે છેલ્લા ઘણા સમયમાં હજારો ડોલર એટલે

### પીસીબીના પૂર્વ અધ્યક્ષનું વાહિયાત નિવેદન

## ભારત પાકિસ્તાન સામે રમવા અને હારવાથી ડરે છે : નઝમ સેઠી

। કરાંચી, તા.૬ ।

એશિયા કપ ૨૦૨૩ની તમામ મેચો હાઈબ્રિડ મોડલ અંતર્ગત પાકિસ્તાન અને શ્રીલંકામાં રમાઈ રહી છે. હાઈબ્રિડ મોડલ અંતર્ગત ૪ મેચો પાકિસ્તાનમાં જયારે ફાઈનલ સહિત ૯ મેચો શ્રીલંકામાં યોજાવવાની છે. હવે ગ્રુપ સ્ટેજની તમામ મેચી રમાઈ ચુકી છે ફાઈનલ સહિત સુપર-૪ની તમામ મેચો હવે શ્રીલંકાની રાજધાની કોલંબોમાં યોજાશે. ગ્રુપ સ્ટેજમાં રમાયેલી ભારત-પાકિસ્તાનની મેચ વરસાદના કારણે રદ થઈ હતી. જેથી વચ્ચે એવા સમાચાર મળ્યા હતા કે ખરાબ હવામાનના કારણે એશિયા કપની બાકી તમામ મેચો પાકિસ્તાનમાં શિફ્ટ કરવામાં આવી શકે છે. પરંતુ એસીસીની તરફથી જારી એક નિવેદને નવો વળાંક લીધોં છે. મળેલા અહેવાલો મુજબ એસીસીએ એશિયા કપ ૨૦૨૩ની ફાઈનલ મેચ સહિત સુપર-૪ રાઉન્ડની તમામ મેચો શ્રીલંકાની રાજધાની કોલંબોમાં જ યોજવાનો નિર્ણય કર્યો છે.

એસીસીએ લીધેલા નિર્ણય પાછળનું કારણ એ છે કે હાલ કોલંબોમાં હવામાનની સ્થિતિ સારી હોવાના સંકેતો મળ્યા છે. આ સંપૂર્ણ મામલે પીસીબીના પૂર્વ અધ્યક્ષ નજમ સેઠીએ વાહિયાત નિવેદન આપ્યું છે. તેણે આ અંગે ટ્વિટ કરતા લખ્યું, 'બીસીસીઆઈ/એસીસીએ પીસીબીને સૂચિત કર્યુ છે કે વરસાદની આગાહીના કારણે ભારત-પાકિસ્તાન મેચ કોલંબોથી હમ્બનટોટા સ્થાનાંતરિત કરવાનો નિર્ણય કર્યો હતો. ત્યારબાદ એક કલાકની અંદર તેમણે પોતાનું મન બદલી નાખ્યું અને કોલંબોને આયોજન સ્થળ જાહેર કરી દીધું. આ બધું શું ચાલે છે?'

## અદાણી, મોંઘવારી સહિત ૯ મુદ્દાઓ પર સંસદમાં ચર્ચાની સોનિયાની માગ

। નવી દિલ્હી, તા.૬ ।

કેન્દ્ર સરકારે અચાનક સંસદનું વિશેષ સત્ર બોલાવ્યું છે. આ સત્ર દરમિયાન વિવિધ બિલો પાસ થવા અંગે પણ રાજકીય ચર્ચાઓ જામી છે. ત્યારે સત્ર પહેલા કોંગ્રેસના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષા સોનિયા ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે... તેમણે સંસદના વિશેષ સત્ર અંગે સરકારના એજન્ડા અંગે માહિતી માંગી છે... તેમણે અદાણી મુદ્દો, બેરોજગારી, વધતી મોંઘવારી સહિત ૯ મુદ્દાઓ અંગે પણ સરકાર ચર્ચા કરે તેવી માંગ કરી છે. સંસદનું વિશેષ સત્ર ૧૮ સપ્ટેમ્બરથી ૫ દિવસ સુધી યોજાવાનું છે. સંસદના વિશેષ સત્રને લઈ આજે સવારે કોંગ્રેસની બેઠક યોજાઈ હતી. બેઠકમાં સત્ર અંગે ચર્ચા પણ કરવામાં આવી હતી. ત્યારે બેઠકમાં ઉપસ્થિત રહેલા સોનિયા ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો હોવાની જાહેરાત કરી હતી. સોનિયા ગાંધીએ પીએમમોદીને લખેલા પત્રમાં ૯ મોટા મુદ્દાનો ઉલ્લેખ કર્યો છે... પ્રથમ મુદ્દામાં વધતી મોંઘવારી, બેરોજગારી અને એમએસએમઈની સમસ્યા સહિત વર્તમાન આર્થિક સ્થિતિની વાત કરવામાં આવી છે. તો બીજા મુદ્દો ખેડૂતો સંબંધિત છે. સરકારે ખેડૂતો સંગઠનો સાથે ઘણીવાર ચર્ચા-વિચારણા કરી... આ દરમિયાન સરકારે ખેડૂતોને આશ્વાસન પણ આપ્યું હતું... ત્યારે તે આશ્વાસનની વર્તમાન સ્થિતિ શું છે અને ન્યૂનતમ ટેકાના ભાવ ગેરંટી એક્ટ અંગે સરકારનું વલણ શું છે ? સોનિયા ગાંધીએ જાતિની વસ્તી ગણતરીની માંગ પણ ઉઠાવી છે. તેમણે કહ્યું કે, ફૂડ સિક્યોરિટી એક્ટના કારણે ૧૪ કરોડ લોકો વંચિત રહી ગયા છે. કોંગ્રેસે કેન્દ્ર અને રાજ્ય વચ્ચેના સંબંધો અંગે પણ વિસ્તારથી ચર્ચા કરવા સરકારને માંગ કરી છે, તેમ કોંગ્રેસના વરિષ્ઠ નેતા જયરામ રમેશે જણાવ્યું છે. જયરામ રમેશે કેન્દ્ર સરકાર પર આરોપ લગાવતા કહ્યું કે, કેન્દ્ર સરકાર વિપક્ષી સત્તાધારી રાજ્યોમાં અવરોધો ઉભા કરી રહી છે... ઘણા વિપક્ષી મુખ્યમંત્રીઓએ સરકારના વલણ પર આંગળી ચીંધી છે. જયરામ રમેશે કહ્યું કે, સોનિયા ગાંધીએ પત્રમાં સંઘીય માળખા પર હુમલાનો આરોપ લગાવ્યો છે.

### કેનેડામાં વધુને વધુ લોકો નાણાકીય સંકટમાં ફસાઈ રહ્યા છે

## કેનેડામાં લોકોને દર મહિને ગેસ અને લાઈટના બિલ ભરવાના પણ ફાંફા

### લોકોએ પોતાના ઘરેલુ બજેટમાં કાપ મુક્યો છે અને ઓછું ભણેલા તથા ઓછો અનુભવ ધરાવતા યુવાનોની હાલત વધારે ખરાબ છે

। નવી દિલ્હી, તા.૬ ।

કેનેડાની ગણના વિશ્વના સૌથી આધુનિક અને ધનિક દેશોમાં ગણાય છે છતાં અત્યારે અહીં વધુને વધુ લોકો નાણાકીય સંકટમાં ફસાઈ રહ્યા છે. લેટેસ્ટ અહેવાલ પ્રમાણે કેનેડામાં ૫ ગારની મદદથી ઘણા લોકો માંડ માંડ મહિનો કાઢી રહ્યા છે. સ્થિતિ એવી છે કે અત્યારે દર મહિને લાઈટ કે ગેસના બિલ ભરવામાં પણ કેનેડિયનોને ફાંફા પડી રહ્યા છે. એકંદરે કેનેડામાં આર્થિક સ્થિતિને મોટો ફટકો પડ્યો છે અને આગામી વડાપ્રધાનની ચૂંટણીમાં તે મોટો મુદ્દો બનવાનો છે.

એક અહેવાલ મુજબ લગભગ અડધા કેનેડિયનો પોતાના પગારમાં માંડ મહિનો પસાર કરી શકે છે. મહિનો પૂરો થાય ત્યારે તેમની પાસે લગભગ નાણાં હોતા નથી. લોકોએ પોતાના ઘરેલુ બજેટમાં કાપ મુક્યો છે અને ઓછું ભણેલા તથા ઓછો અનુભવ ધરાવતા યુવાનોની હાલત વધારે ખરાબ છે. આ દરમિયાન કેનેડામાં ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે.

કન્ઝર્વેટિવ નેતાઓએ વચન આપ્યું છે કે તેઓ ચૂંટણી જીતશે તો ચીજવસ્તુઓના ભાવ સસ્તા થઈ જશે. લગભગ ૩૮ ટકા લોકોએ કહ્યું કે તેઓ મોંઘવારીના મુદ્દે વોટિંગ કરશે. બીજી તરફ લિબરલ પાર્ટીના ટેકેદારો ઘટતા જાય છે. આ સરવેમાં ૪૭થી ૫૦ ટકા લોકોનું કહેવું છે કે તેઓ તેમને હાલના ૫ ગારમાં ગુજરાન ચલાવવામાં મુશ્કેલી પડે છે. ૧૮થી ૩૫ વર્ષની વયના ૫૩ ટકા લોકો અત્યારે નાણાભીડ અનુભવે છે જ્યારે ૩૫થી ૫૪ વર્ષની વયજૂથમાં ૫૭ ટકા લોકોની નાણાકીય હાલત ખરાબ છે. આ હાલત મોટા ભાગના કેનેડામાં છે. તેમાં તમામ પ્રોવિન્સ આવી જાય છે. ત્યારે માત્ર ૩૦ ટકા લોકો જ વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોની સરકારના કામકાજથી સંતુષ્ટ છે. ૨૪ ટકાએ કહ્યું કે તેમને થોડો ઘણો અસંતોષ છે જ્યારે ૩૫ ટકાએ ટ્રૂડોની સરકારને એકદમ બેકાર ગણાવી હતી. ખાસ કરીને મહિલાઓમાં અસંતોષ વધતો જાય છે. ૫૭ ટકા મહિલાઓએ કહ્યું કે તેઓ જસ્ટિન ટ્રૂડો સરકારથી અત્યંત નારાજ છે.

આ સરવે ગયા અઠવાડિયે કરવામાં આવ્યો હતો અને તેમાં લગભગ ૧૬૦૦ લોકોને સવાલો કરવામાં આવ્યા હતા. બે મહિના અગાઉ કેનેડામાં આવો સરવે કરવામાં આવ્યો ત્યારે સરકારને જે ટેકો મળ્યો હતો તેના કરતા આ વખતે ઓછો ટેકો જોવા મળે છે. કેનેડાનો યુવાન વર્ગ માને છે કે તેમનો દેશ એક રીતે આર્થિક મંદીમાં ધકેલાઈ ગયો છે. તેના કારણે તેઓ દર મહિને વીજળી, ગેસ, પાણીના બિલ ભરવામાં પણ મુશ્કેલી અનુભવે છે.

૩૫ ટકા લોકોને ભય છે કે આગામી એક વર્ષમાં તેઓ પોતાની જોબ ગુમાવશે. ઓન્ટોરિયો અને ક્યુબેક પ્રોવિન્સમાં આવા લોકોનું પ્રમાણ વધારે છે. કેનેડામાં અત્યારે મહિલાઓ કરતા પુરુષોને જોબ ગુમાવવાની વધારે બીક સતાવે છે. ૩૬ ટકા લોકો એવું માને છે કે તેમના ઘરગથ્થુ બજેટની હાલત એટલી ખરાબ છે કે ભવિષ્યમાં શું થશે તેની તેમને ખાતરી નથી.

## વિશેષ

**કોઈપણ વ્યક્તિ, સમાજ કે રાષ્ટ્રનો વિકાસ શિક્ષણ સિવાય શક્ય જ નથી ત્યારે આપણા બાળકોને ઉચ્ચ શિક્ષણ અપાવીએ : સાંસદ પરબતભાઈ પટેલ**

# પાલનપુર ખાતે સાંસદ પરબતભાઈ પટેલના અધ્યક્ષસ્થાને શિક્ષક પારિતોષિક વિતરણ સમારોહ યોજાયો : જિલ્લા કક્ષાના ૨ અને તાલુકા કક્ષાના ૨૩ મળી કુલ ૨૫ શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરાયું

બનાસકાંઠા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીના ઉપક્રમે આજે તા. ૫ મી સપ્ટેમ્બર, શિક્ષક દિન નિમિત્તે પાલનપુર ખાતે કાનુભાઈ મહેતા હોલમાં બનાસકાંઠા સંસદ સભ્યશ્રી પરબતભાઈ પટેલના અધ્યક્ષસ્થાને શિક્ષક પારિતોષિક વિતરણ સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે સાંસદશ્રીના હસ્તે જિલ્લા કક્ષા ૨ અને તાલુકા કક્ષાના ૨૩ મળી કુલ-૨૫ શ્રેષ્ઠ શિક્ષકોનું શાલ, પ્રમાણપત્ર અને ચેક આપી સન્માન કરાયું હતું.

આ પ્રસંગે સાંસદશ્રી પરબતભાઈ પટેલે શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મેળવનાર શિક્ષકોને શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું કે, આપણા દેશના બીજા રાષ્ટ્રપતિ, ફિલોસોફર અને તત્વચિંતક ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં તેમની જન્મજયંતિએ સમગ્ર દેશમાં શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવે છે. તેમણે શિક્ષણનું મહત્વ સમજાવતા કહ્યું કે, કોઈપણ વ્યક્તિ, સમાજ કે રાષ્ટ્રનો વિકાસ શિક્ષણ સિવાય શક્ય જ નથી ત્યારે આપણા બાળકો વચ્ચે દીકરી-દીકરાનો ભેદભાવ રાખ્યા સિવાય તેમને ઉચ્ચ શિક્ષણ આપવીએ. સાંસદશ્રીએ શિક્ષકની મહત્તા સમજાવતા કહ્યું કે આપણે જેને સૌથી ઉચ્ચ નોકરી IAS, IPS કે IFS ગણીએ છીએ એ બનવા માટે પણ શિક્ષક પાસે ભણવું પડે છે. શિક્ષક વ્યક્તિ નિર્માણ સાથે રાષ્ટ્ર નિર્માણનું કાર્ય કરે છે એટલે જ સમાજ શિક્ષકને બહુ માન- સન્માનની નજરે જુએ છે અને આદર આપે છે.

સાંસદશ્રી પરબતભાઈ પટેલે બનાસકાંઠાના ભૂતકાળને યાદ કરતા જણાવ્યું કે, ૧૯૮૫ પહેલાં બનાસકાંઠા જિલ્લાની શૈક્ષણિક પછાત જિલ્લા તરીકે ગણના થતી હતી. આજે રાજ્ય સરકારના સક્રિય પ્રયાસોને લીધે આ જિલ્લાએ શિક્ષણ ક્ષેત્રે જબરજસ્ત પ્રગતિ કરી છે. રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ-૨૦૦૩ થી શરૂ કરાવેલ કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવના લીધે રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે આમૂલ પરિવર્તન આવ્યું છે. આજે અંતરિયાળ ગામડાઓ સુધી પ્રાથમિક શાળાઓના પાકા ઓરડા, વીજળી અને પાણીની સુવિધા, શૌચાલય, કોમ્પ્યુટર લેબ, ઉચ્ચ મેરીટ વાળા શિક્ષકોને લીધે બનાસકાંઠા જિલ્લો શિક્ષણ ક્ષેત્રે હરણફાળ વિકાસ કરી રહ્યો છે. તેમણે કહ્યું કે, આજથી ૨૦ વર્ષ પહેલાં આ જિલ્લાની કેવી સ્થિતિ હતી, બનાસકાંઠાના ગણ્યાગાંઠા લોકો જ સરકારી નોકરી કરતા હતા. આજે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ હોય કે પોલીસ ભરતી બોર્ડ સહિતની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં આ જિલ્લાના વિદ્યાર્થીઓ અગ્રેસર રહે છે. બનાસકાંઠા જિલ્લાના ૧૩૦૦ જેટલાં યુવાનો રાજ્યના વિવિધ પોલીસ સ્ટેશનોમાં ફરજ બજાવી રહ્યા છે. આ જિલ્લાના ઘણા વિદ્યાર્થીઓ મેડિકલ અને એન્જિનિયરિંગના ક્ષેત્રમાં આગળ વધી રહ્યા છે ત્યારે તેમણે ભારત સરકાર દ્વારા લેવાતી યુપીએસસી અને ગુજરાત સરકાર દ્વારા લેવાતી જીપીએસસીની પરીક્ષા આપી સરકારમાં ઉચ્ચ અધિકારી બનવા બાળકોને તૈયાર કરવાનો અનુરોધ કર્યો હતો. આ વર્ષે યોજાયેલ જ્ઞાનસેતુ પરીક્ષામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને શિક્ષકોને અભિનંદન પાઠવતા સાંસદશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં નવી શિક્ષણનીતિ અમલમાં મુકાય છે ત્યારે બાળકોને સંસ્કારયુક્ત શિક્ષણ આપી સશક્ત રાષ્ટ્રનું નિર્માણ કરીએ.

આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ડૉ. નરેન્દ્રસિંહ ચાવડા, જિલ્લા પ્રાથમિક શિક્ષણાકારીશ્રી વિનુભાઈ પટેલ, ડાયટના પ્રાચાર્યશ્રી બારોટ, માધ્યમિક શિક્ષણ સંઘના પ્રમુખશ્રી ઉમેશભાઈ પટેલ, પ્રાથમિક શિક્ષણ સંઘના પ્રમુખશ્રી સંજયભાઈ દવે સહિત શિક્ષણ સંઘના હોદ્દદારો, બી.આર.સી, સી.આર.સી. -કોર્ડિનેટરશ્રીઓ, શિક્ષકશ્રીઓ અને શાળાના બાળકો સારી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.





### બનાસકાંઠા જિલ્લાના ભગવાનભાઈ પ્રજાપતિ અને પનહાજબેન પોલરાને જિલ્લા કક્ષાનો શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ તથા ૨૩ શિક્ષકોને તાલુકા કક્ષાના એવોર્ડ અપાયા

બનાસકાંઠા જિલ્લામાં ભગવાનભાઈ આંબાભાઈ પ્રજાપતિ- દીપડા પ્રાથમિક શાળા અને પનહાજબેન લિયાકત અલી પોલરા-ચાંગા પે કેન્દ્ર શાળાના ઉપ શિક્ષકશ્રીને જિલ્લા કક્ષાનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા તથા નીચે જણાવેલ ૨૩ શિક્ષકોને તાલુકા કક્ષાના એવોર્ડ અપાયા હતા. જેમાં દાંતીવાડા તાલુકામાંથી પટેલ દિલીપકુમાર શંકરભાઈ- ડાભીપુરા પ્રાથમિક શાળા અને પ્રજાપતિ પ્રવિણકુમાર વિરચંદભાઈ- ઉત્તમપુરા(ડાં) પ્રાથમિક શાળા, દાંતા તાલુકામાંથી રાવલ રસિકલાલ કચરાલાલ- હરીવાવ પ્રાથમિક શાળા અને પટેલ ગિરીશભાઈ કચરાભાઈ- શ્રી ઘોડાટાંકણી પ્રાથમિક શાળા, અમીરગઢ તાલુકામાંથી મકવાણા દિનેશભાઈ કાંતીભાઈ- જૂની સરોત્રી પ્રાથમિક શાળા અને પ્રજાપતિ રમણલાલ ત્રિભોવનદાસ- સનવાડી પ્રાથમિક શાળા, પરમાર હેમાભાઈ પુનમાભાઈ- ચડોતર પ્રાથમિક શાળા અને પ્રજાપતિ ભાવના રણછોડભાઈ- પીંપળી (ભા) પ્રાથમિક શાળાની પાલનપુર તાલુકામાંથી, ડીસા તાલુકાની વાઘપુરા પ્રાથમિક શાળાના પટેલ પારૂલબેન ઈશ્વરભાઈ અને ઢેઢાલ પ્રાથમિક શાળાના જોષી ત્રિભોવનભાઈ આશારામભાઈની ડીસા તાલુકામાંથી, થરાદ તાલુકામાંથી પંચાલ મયૂરી નટવરભાઈ થરાદ શાળા નં- ૧ પ્રાથમિક શાળા અને જોષી દિપકકુમાર દાનારામ- રામપુરા પ્રાથમિક શાળા તેમજ વાવ તાલુકામાંથી ચોથા નેસડા પ્રાથમિક શાળાના રાઠોડ જામાજી વિહાજી અને ચોટીલ પ્રાથમિક શાળાના જોષી નટવરભાઈ જયરામભાઈ, વડગામ તાલુકામાંથી પટેલ હરેશકુમાર પ્રહલાદભાઈ- લેબલાપુરા પ્રાથમિક શાળા અને રાવલ કિરણકુમાર ભીખાલાલ- ચિત્રોડા પ્રાથમિક શાળા, કાંકરેજ તાલુકામાંથી ટોટાણા પ્રાથમિક શાળાના પ્રજાપતિ લક્ષ્મણભાઈ જેઠાલાલ, લાખણી તાલુકામાંથી મોરાલ પ્રાથમિક શાળાના ચૌહાણ મૌલિકભાઈ રાજુભાઈ, ધાનેરા તાલુકામાંથી જાડી-૧ પ્રાથમિક શાળાના પંડ્યા ગણેશદત્ત યોગેન્દ્રકુમાર અને દિયોદર તાલુકામાંથી ભેંસાણા પગાર કેન્દ્ર શાળાના શિક્ષક સોલંકી અમૃતભાઈ ઈશ્વરભાઈ તેમજ સાલપુરા પ્રાથમિક શાળાના શિક્ષક પટેલ સમીરકુમાર બાબુલાલ, જ્યારે ભાભર તાલુકામાંથી કુવાળા પગાર કેન્દ્ર શાળાના શિક્ષક પટેલ નિતાબેન મણીલાલ અને સુથાર નેસડી પ્રાથમિક શાળાના ચાવડા ચેતનાબેન લતેશભાઈને તાલુકાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.

# સસ્તા અનાજની દુકાનોમાં જથ્થો ઓછો પહોંચ્યાની ફરિયાદ ઉઠી

| અમદાવાદ, તા.૬ |

ગુજરાતમાં સસ્તા અનાજની દુકાનો માં અનાજનો જથ્થો ઓછો પહોંચ્યો હોવાની ફરિયાદ ઉઠી છે. ગુજરાત રાજ્ય ફેર પ્રાઈસ શોપ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર એસોસિએશના પ્રમુખ પ્રહલાદ મોદીએ આ ફરિયાદ કરી છે. સાથે જ દુકાનધારકોને સુચના પણ આપી છે કે દુકાને જથ્થો આવે તો જ જથ્થો સ્વીકારવો બાકી ક્યાંય લેવા જવું નહિ. ગુજરાતમાં સસ્તા અનાજની દુકાનો માં અનાજનો જથ્થો ઓછો પહોંચ્યો હોવાની ફરિયાદ ઉઠી છે. ગુજરાત રાજ્ય ફેર પ્રાઈસ શોપ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર એસોસિએશના પ્રમુખ પ્રહલાદ મોદીએ આ ફરિયાદ કરી છે. સાથે જ દુકાનધારકોને સુચના પણ આપી છે કે દુકાને જથ્થો આવે તો જ જથ્થો સ્વીકારવો બાકી ક્યાંય લેવા જવું નહિ. તો આ તરફ સસ્તા અનાજ ના ગોડાઉન મેનેજરે જથ્થો ઓછો પહોંચ્યો હોવાની વાત ખોટી ગણાવી છે. સાથે જ રજાનાં દિવસે પણ વિતરણ ચાલુ રાખીને અનાજનો જથ્થો પહોંચાડવામાં આવી રહ્યો હોવાનું નિવેદન પણ આપ્યું. શાહીબાગ ઘોડા કેમ્પ રોડ પર સસ્તા અનાજનું ગોડાઉન આવેલું છે. જ્યાં અનાજનો જથ્થો પૂરતો હોવાનો ગોડાઉન



મેનેજરનો દાવો કર્યો છે. ગોડાઉન મેનેજર ના જણાવ્યા પ્રમાણે અનાજ ગોડાઉનમાં જથ્થો પૂરતા પ્રમાણમાં અને વધુ છે. જે અનાજ નો જથ્થો જન્માષ્ટમી અને શનિવાર અને રવિવાર ની રજા એટલે કે ૭, ૯ અને ૧૦ સપ્ટેમ્બરે રજા છતાં તે દિવસે પણ વિતરણ ચાલુ રાખી દુકાનો સુધી અનાજ પહોંચાડાશે. જેથી ગરીબ વર્ગ સુધી તહેવાર દરમિયાન અનાજ પહોંચી રહે અને તહેવાર બગડે નહીં. ફેસ્ટિવલ જથ્થામાં ૯૦ હજાર ઓઈલ પાઉચ નું વિતરણ બાકી છે. તો ૨.૭૦ લાખ પાઉચ ઓઈલ વિતરણ કર્યું તેમજ ફેસ્ટિવલ ખાંડમાં ૧૨૫ મેટ્રિક ટન ની પરમીટ નીકળી હતી. જેમાં ૧૦૦ મેટ્રિક ટન વિતરણ થયું છે. હાલ ગોડાઉનમાં કેટલો જથ્થો છે તેની પર નજર કરીશુ. મળતી માહિતી પ્રમાણે અને સસ્તા અનાજ દુકાનદારો ની ફરિયાદ પ્રમાણે હાલ બાજરીની ઘટ છે. જે અંગે ગોડાઉન મેનેજર ને પૂછતાં તેઓએ બાજરીમાં સૌથી ઓછું ૧.૮૯ ટકા જ વિતરણ થયાનું જણાવ્યું. ઉલ્લેખનીય છે કે અમદાવાદમાં ૮૬૦ સસ્તા અનાજ દુકાનો આવેલી છે. જેમાં ફેસ્ટિવલ ખાંડ ૧૩૦ દુકાનમાં વિતરણ બાકી જ્યારે ઓઈલ પાઉચ ૧૩૫ દુકાનનોમાં વિતરણ બાકી છે. જે બુધવાર સાંજ સુધી ફેસ્ટિવલ જથ્થો સંપૂર્ણ વિતરણ થવાની ગોડાઉન મેનેજરે ખાતરી આપી છે. ઘઉં ૩૨૭ મેટ્રિક ટન વિતરણ થયું જ્યારે ચોખા ૩૩૫ મેટ્રિક તન વિતરણ થયું. ગોડાઉન મેનેરજે વધુમાં જણાવ્યું કે તેઓનો દરરોજ ૧ હજાર મેટ્રિક ટન અનાજ વિતરણ કરવાનો ટાર્ગેટ છે.

## ન્યૂઝ બ્રિફ

### આજે દ્વારકાધીશ જગત મંદિરમાં જન્માષ્ટમીનો ઉત્સવ

| દ્વારકા, તા.૬ |

જગતમંદિર દ્વારકામાં કૃષ્ણજન્મને લઈને તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. વાત જાણે એમ છે કે, જન્માષ્ટમીને લઈ દ્વારિકાધીશના વસ્ત્રો તૈયાર કરવામાં આવ્યા છે. જગત મંદિરમાં કૃષ્ણજન્મનો ઉત્સવ ઉજવાશે. જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો કૃષ્ણ જન્મોત્સવમાં જોડાશે. જેને લઈ હવે દ્વારકામાં તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. દ્વારકામાં જન્માષ્ટમીને લઈ તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. કૃષ્ણજન્મને લઈ દ્વારિકાધીશના વસ્ત્રો તૈયાર કરવામાં આવ્યા છે. ઠાકોરજીને કેસરિયા વાઘા પહેરાવવામાં આવશે. આ સાથે કાળીયા ઠાકરને રત્નજડિત આભૂષણ ચઢાવાશે. મહત્વનું છે કે, સોના-ચાંદીના તારથી ભરતકામ કરાયેલા વસ્ત્રો પણ કાળિયા ઠાકરને અર્પણ કરાશે. નોંધનીય છે કે, વસ્ત્રનું ભરતકામ કોલકાતા, સુરત અને રાજકોટમાં કરવામાં આવ્યું છે.

### લોકમેળામાં આરોગ્ય વિભાગે વિવિધ સ્ટોલ પર પાડ્યા દરોડા

| રાજકોટ, તા.૬ |

દર વર્ષે રાજકોટમાં સૌરાષ્ટ્રનો સૌથી મોટો લોકમેળો યોજાય છે. ત્યારે આ વર્ષે પણ સૌરાષ્ટ્રના સૌથી મોટા રાજકોટના લોકોમેળાની શરૂઆત થઈ ગઈ છે, ત્યારે આરોગ્ય વિભાગ પણ સતર્ક થયું છે. આરોગ્ય વિભાગે ખાણીપીણીના વિવિધ સ્ટોલનું ચેકિંગ હાથ ધર્યું. આવતીકાલે જન્માષ્ટમીનો તહેવાર છે. દર વર્ષે રાજકોટમાં સૌરાષ્ટ્રનો સૌથી મોટો લોકમેળો યોજાય છે. ત્યારે આ વર્ષે પણ સૌરાષ્ટ્રના સૌથી મોટા રાજકોટના લોકોમેળાની શરૂઆત થઈ ગઈ છે, ત્યારે આરોગ્ય વિભાગ પણ સતર્ક થયું છે. આરોગ્ય વિભાગે ખાણીપીણીના વિવિધ સ્ટોલનું ચેકિંગ હાથ ધર્યું.

### શ્રાવણીયા જુગારને લઈ ગુજરાત પોલીસ એક્શનમા

# અમદાવાદ, બનાસકાંઠા, મહીસાગર, ખેડામાંથી પોલીસે જુગારધામ ઝડપ્યું

### જુગારીઓના વાહનો મળીને કુલ ૪૬ લાખ ૩૫ હજારનો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે

| અમદાવાદ, તા.૬ |

રાજ્યમાં શ્રાવણીયા જુગારને લઈ પોલીસ એક્શનમાં જોવા મળી રહી છે. અમદાવાદ, બનાસકાંઠા, મહીસાગર અને ખેડામાંથી કેટલાક જુગારબાજીઓને પોલીસે દબોચ્યા છે. અમદાવાદ શહેરમાં શ્રાવણિયો જુગાર રમતાં લોકોને પકડવા માટે પોલીસ સક્રિય થઈ ગઈ છે. ત્યારે PCBએ વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલા ન્યુયોર્ક ટાવરમાં હાઈપ્રોફાઈલ જુગારધામ ઝડપ્યું છે.

જેમાં સાણંદ APMCના ચેરમેન ખેંગાર સોલંકી જુગાર રમતા ઝડપ યા છે. ચોક્કસ બાતમીના આધારે પોલીસે રેડ કરી અમદાવાદ, પાટણ, મહેસાણા, ઉંઝા અને રાજસ્થાનના જુગારીઓને ઝડપ્યા હતા. પોલીસે રોકડ રકમ ૬ લાખ ૭૦ હજાર, મોબાઈલ, પૈસા ગણવાનું મશીન, CCTV કેમેરાના DVRના ઉપકરણો,



જુગારીઓના વાહનો મળીને કુલ ૪૬ લાખ ૩૫ હજારનો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. બીજી તરફ વાત કરવામાં આવે તો અમદાવાદ ક્રાઈમબ્રાંચે ૧૦ જુગારીની ધરપકડ કરી છે. મેમનગરના આશ્રય અપાર્ટમેન્ટમાં ચાલતા જુગારધામનો પર્દાફાશ કર્યો છે. જ્યાં કોઈનથી જુગાર રમાડવામાં આવતો હતો. આકાશ દેસાઈ અને ગોકળ દેસાઈ જુગારધામ ચલાવતા હોવાનો ખુલાસો થયો છે. રૂપિયા ૨૫ હજારના કોઈન આપી જુગાર રમાડવામાં આવતો હોવાનો ઘટસ્ફોટ થયો છે. ક્રાઈમબ્રાંચે મોબાઈલ અને રોકડ સહિત રૂ. ૩.૮૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો બનાસકાંઠામાં જુગારધામ ઝડપાયું બનાસકાંઠાના ગોપાલપુરા ગામે ૩૬ લાખના મુદ્દામાલ સાથે ૨૧ જુગારીઓની ધરપકડ કરાઈ છે. ઊંઝા, મહેસાણા અને વિસનગરના શખ્સો જુગાર રમવા આવતા હતા. પાલનપુર તાલુકા પોલીસે બાતમીને આધારે દરોડા પાડ્યા હતા. જેમાં સમગ્ર જુગારધામનો પર્દાફાશ થયો છે. ખેડાના ચકલાસીમાં હાઈપ્રોફાઈલ જુગારધામ પર SMCએ દરોડા પાડીને ૧૫થી વધુ જુગારીઓને ઝડપ્યા છે. ખેડા અને આણંદ જિલ્લાના નામી જુગારી લાખોના મુદ્દામાલ ઝડપાયા હોવાની વિગતો છે. કેટલાક જાણીતા રાજકારણી વેપારીઓ ઝડપાયા હોવાની પણ ચર્ચા છે. અત્રે જણાવી દઈએ કે, ખેડા પોલીસની રહેમ નજરથી જુગારધામ ચાલતું હતું.

### ઈસ્કોન બ્રિજ પર નવને કચડનારો તથ્ય જેલમાં

# ઈસ્કોન બ્રિજ અકસ્માત કરનારી જેગુઆર કારને કોર્ટે જામીન આપ્યા

### જેગુઆર કારનો મુળ માલિક ક્રિશ વારીયા છે, અકસ્માત બાદ ગાડીને તપાસ એજન્સીઓ દ્વારા જપ્ત કરાઈ હતી

| અમદાવાદ, તા.૬ |

શહેરના ઈસ્કોન બ્રિજ પર ૯ લોકોને કચડી નાંખનાર આરોપી તથ્ય પટેલ હાલ જેલની હવા ખાઈ રહ્યો છે. તેની સાથે તેનો પિતા પ્રજ્ઞેશ પ ટેલ પણ જેલમાં છે. ત્યારે તથ્ય જે જેગુઆર કાર લઈને એસજી હાઈવે પર નીકળ્યો હતો અને આ કાર દ્વારા અકસ્માત સર્જાયો હતો. તે જેગુઆર કારને હવે કોર્ટમાંથી જામીન મળી ગયાં છે. કારના મુળ માલિકે એક કરોડના બોન્ડ ભરીને ગાડી છોડાવી દીધી છે. તથ્ય પટેલ જે જેગુઆર કાર ચલાવતો હતો તેનો મુળ માલિક ક્રિશ વારીયા છે. અકસ્માત બાદ ગાડીને તપાસ એજન્સીઓ દ્વારા જપ્ત કરવામાં આવી હતી. બીજી તરફ તથ્યના પિતા પ્રજ્ઞેશ પટેલની ગાડી એમજીગ્લોબસ્ટર ગાડીને પણ આજે કોર્ટમાંથી છોડવામાં આવશે. હવે કારના મુળ માલિક ક્રિશ વારીયાએ ગાડી પરત મેળવવા



અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં અરજી કરી હતી. તેણે બિઝનેસમાં ગાડી વગર તકલીફ પડતી હોવાની કોર્ટમાં રજૂઆત કરી હતી. તેણે ગાડી વચગાળાના સમય માટે પરત મેળવવા કોર્ટની તમામ શરતો સાથે સંમતી દર્શાવી હતી. આ મુદ્દે તપાસ અધિકારીએ કોર્ટમાં જમા કરાવેલા રીપોર્ટમાં જણાવ્યું હતું કે, હાલમાં તપાસ ચાલી રહી છે. એક ઈજાગ્રસ્ત વ્યક્તિ હજી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યો છે. જેથી ગાડી પરત આપી શકાય નહિ. બીજી બાજુ અરજદારના વકીલે દલીલ કરી હતી કે, ગાડી પ ોલીસ કસ્ટડીમાં ખુલ્લા વિસ્તારમાં પડી છે તેના ટાયર, એન્જિન વગેરે ભાગને નુકસાન થતા અરજદારને મોટું નુકસાન થઈ શકે છે. બંને પ ક્ષના વકીલોની દલીલો બાદ કોર્ટે નોંધ્યું હતું કે, ગાડી લાંબા સમયથી પોલીસ કસ્ટડીમાં પડી છે. જેથી તેને નુકસાન થવાની સંભાવનાઓ છે. અરજદારને ગાડી આપવી જોઈએ પ રંતુ તપાસ અર્થે ગાડીની જરૂર પડે તો ઓથોરિટી સમક્ષ રજૂ કરવી પડશે. અરજદારને ગાડી આપવા કોર્ટે હૂકમ કર્યો હતો. કોર્ટે કહ્યું હતું કે, અરજદારે એક કરોડ રૂપિયાના વ્યક્તિગત અને સિક્યુરિટી બોન્ડ કોર્ટમાં ભરવા પડશે અને અરજદાર કોર્ટની મંજુરી વિના ગાડી કોઈને આપી કે વેચી શકશે નહીં. તે ઉપરાંત તપાસ અધિકારી ગાડી આપતી વખતે ગાડીના ચારેય તરફના ફોટા પાડીને પંચનામું કરશે.

### અમરોલીના કોસાડ ગામમાં લવ જેહાદનો કિસ્સો

# મુસ્લિમ યુવક લગનની લાલચ આપી હિન્દુ યુવતીને ભગાડી ગયો

### આ તરફ યુવતી ગુમ થયાની ફરિયાદ નોંધાતા પોલીસે આરોપીને બાડમેરથી ઝડપી પાડી યુવતીને તેના ચુંગલમાંથી મુક્ત કરાવી હતી

| સુરત, તા.૬ |

સુરતના અમરોલીના કોસાડ ગામમાં લવ જેહાદની ઘટના સામે આવતા હડકંપ મચી ગયો છે. વાત જાણે એમ છે કે, અહીં એક હિન્દુ યુવતીને મુસ્લિમ યુવક લગ્નની લાલચ આપી ભગાડી જતા દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ છે. કોસાડ ગામમાં રહેતા આરોપી ઈરફાન સિંધીએ પોતાની સાથે જ ભણતી અને એક જ ફળિયામાં રહેતી હિન્દુ યુવતીને છેલ્લા બે વર્ષથી પ્રેમ જાળમાં ફસાવીને વારંવાર અલગ અલગ જગ્યાએ લઈ દુષ્કર્મ આચર્યું હતું. આ તરફ યુવતી ગુમ થયાની ફરિયાદ નોંધાતા પોલીસે આરોપીને બાડમેરથી ઝડપી પાડી યુવતીને તેના ચુંગલમાંથી મુક્ત કરાવી હતી. સુરતના અમરોલીના કોસાડ ગામમાં લવ જેહાદની ઘટનામાં પોલીસે આરોપી ઈસમને ઝડપી પાડ્યો છે. વિગતો મુજબ આરોપી ઈરફાન સિંધીએ પોતાની સાથે જ ભણતી અને એક જ ફળિયામાં રહેતી હિન્દુ યુવતીને છેલ્લા બે વર્ષથી પ્રેમ જાળમાં ફસાવી હતી. આ તરફ ઈસમે યુવતીને અલગ અલગ જગ્યાએ લઈ દુષ્કર્મ આચર્યું હતું. નોંધનીય છે કે, બે વર્ષ દરમિયાન ઈરફાન પાસે પીડિતાની માતાનું ATM કાર્ડ રહેતું હતું.

### દક્ષિણ ગુજરાતમાં ઉનાળામાં પાણીની સમસ્યા સર્જાવાની ભીંતિ

# ઉકાઈ ડેમની જળ સપાટીમાં ૮ દિવસમાં સવા ફૂટનો ઘટાડો

### ઉકાઈ ડેમમાં પાણી ઓછુ હોવાથી ઉનાળુ ડાંગરના પાકને પાણી મળવાની શક્યતા નહિવત છે

| સુરત, તા.૬ |

ઉકાઈ ડેમની સપાટીમાં ૮ દિવસમાં સવા ફુટનો ઘટાડો થયો છે. વરસાદ પાછો ખેચાયો હોવાથી ૨૮ ઓગસ્ટથી ઉકાઈ ડેમમાં પાણીની આવક બંધ થઈ છે. ઉકાઈ ડેમમાં પાણીની સપાટીમાં ઘટાડો થતા દક્ષિણ ગુજરાતમાં ઉનાળામાં પાણીની સમસ્યા થાય તેવી ભીતિ જોવા મળે છે. શેરડી અને ડાંગરના પાક માટે પાણી આપ વું જરુરી છે. ઉકાઈ ડેમમાં પાણી ઓછુ હોવાથી ઉનાળુ ડાંગરના પાકને પાણી મળવાની શક્યતા નહિવત છે. ઉકાઈ ડેમની સપાટીમાં ૮ દિવસમાં સવા ફુટનો ઘટાડો થયો છે. વરસાદ પાછો ખેચાયો હોવાથી ૨૮ ઓગસ્ટથી ઉકાઈ ડેમમાં પાણીની આવક બંધ થઈ છે. ઉકાઈ ડેમમાં પાણીની સપાટીમાં ઘટાડો થતા દક્ષિણ ગુજરાતમાં ઉનાળામાં પાણીની સમસ્યા થાય તેવી ભીતિ જોવા મળે છે. શેરડી અને ડાંગરના પાક માટે પાણી આપવું જરુરી છે. ઉકાઈ ડેમમાં પાણી ઓછુ હોવાથી ઉનાળુ ડાંગરના પાકને પાણી મળવાની શક્યતા નહિવત છે. ૩ વર્ષ પહેલા સપ્ટેમ્બરમાં ડેમનું પાણી દરિયામાં વહાવી દેવામાં આવ્યુ હતુ. તો બીજી તરફ ઓગસ્ટ મહિનામાં વરસાદ ખેંચાતા ખેડૂતોની વ્હારે સરકાર આવી છે. ડાંગર અને શેરડીનો પાક બચાવવા ઉકાઈ ડેમમાંથી ૭ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવશે.

### મણીનગર પોલીસે એક ટાબરીયા ગેંગની ધરપકડ કરી

# મણિનગર પોલીસે પકડેલા ટાબરિયા ગેંગ દ્વારા બે ચોરીઓના ભેદ ઉકેલાયા

### પોલીસે સીસીટીવીના આધારે આ ટાબરીયા ગેંગની ધરપકડ કરી છે, ટાબરીયા ગેંગ દ્વારા મણિનગર વિસ્તારની એક મોબાઇલ શોપને ટાર્ગેટ કરવામાં આવી હતી

| અમદાવાદ, તા.૬ |

અમદાવાદ શહેરના મણીનગર પોલીસે એક ટાબરીયા ગેંગની ધરપકડ કરી છે. આ ગેંગના ત્રણ સભ્યોને પોલીસે ઝડપી પાડ્યા છે. મણિનગર વિસ્તારમાં એક મોબાઈલની દુકાનમાં ચોરી થઈ હતી જેની ફરિયાદ નોંધાતા મણિનગર પોલીસ દ્વારા અલગ અલગ ટીમો બનાવી આ ચોરને પકડવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.જેમાં પોલીસે સીસીટીવીના આધારે આ ટાબરીયા ગેંગની ધરપકડ કરી છે. ટાબરીયા ગેંગ દ્વારા મણિનગર વિસ્તારની એક મોબાઈલ શોપને ટાર્ગેટ કરવામાં આવી હતી. રાજ્યમાં અવારનવાર ચોરીની ઘટનાઓ સામે આવતી હોય છે. અમદાવાદ શહેરના મણીનગર પોલીસે એક ટાબરીયા ગેંગની ધરપકડ કરી છે. આ ગેંગના ત્રણ સભ્યોને પોલીસે ઝડપી પાડ્યા છે. મણિનગર વિસ્તારમાં એક મોબાઈલની દુકાનમાં ચોરી થઈ હતી જેની ફરિયાદ નોંધાતા મણિનગર પોલીસ દ્વારા અલગ અલગ ટીમો બનાવી આ ચોરને પકડવા માટે કાર્યવાહી હાથ ધરવામાં



આવી હતી. જેમાં પોલીસે સીસીટીવીના આધારે આ ટાબરીયા ગેંગની ધરપકડ કરી છે. ટાબરીયા ગેંગ દ્વારા મણિનગર વિસ્તારની એક મોબાઈલ શોપને ટાર્ગેટ કરવામાં આવી હતી. આ ટાબરીયા ગેંગ મોડી રાત્રે નંબર પ્લેટ વગરની એકટીવા ઉપર ત્રીપલ સવારીમાં મોબાઈલ શોપ પહોંચ્યા હતા અને દુકાનનું શટર તોડી દુકાનમાંથી રોકડા રૂપિયા, લેપટોપ, iphone સહિતની માલ સામાનની ચોરી કરી હતી. પોલીસે સીસીટીવીના આધારે આ ત્રણ ટાબરીયા ગેંગની ધરપકડ કરી છે.

### મનપાના પદાધિકારીઓને લઈ સમાચાર

# અમદાવાદ, વડોદરા સહિતના અનેક શહેરોને ૧૧ સપ્ટેમ્બરે નવા મેયર મળશે

### મેયર, ડે.મેયર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનને લઈ ભાજપ સૂત્રો તરફથી મહત્વની વિગતો સામે આવી છે


| અમદાવાદ, તા.૬ |

અમદાવાદ, ભાવનગર, સુરત અને વડોદરા મનપ ાના પદાધિકારીઓને લઈ મોટા સમાચાર સામે આવ્યા છે. મેયર, ડે.મેયર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનને લઈ ભાજપ સૂત્રો તરફથી મહત્વની વિગતો સામે આવી છે. કોર્પોરેશનના નવા પ દાધિકારીઓને લઈ નામોની અટકળ તેજ થઈ છે. અત્રે જણાવી દઈએ કે, AMCના નવા પદાધિકારીઓની વરણી ૧૧ સપ્ટેમ્બરે થવાની છે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નવા પ દાધિકારીઓની ૧૧ સપ્ટેમ્બરે વરણી થવાની છે. જેમાં પ્રતિભા જૈન AMCના નવા મેયર બની શકે છે. સ્ટેન્ડીગ કમિટીના ચેરમેન માટે જતિન પટેલનું નામ નક્કી તેમજ ડે. મેયર તરીકે અરવિંદ પરમારના નામની ચર્ચા છે. વધુમાં જણાવી દઈએ કે, AMC ભાજપ પક્ષના નેતા માટે દિલીપ બગડિયા લગભગ નક્કી હોવાની સૂત્રો પાપ્ત વિગતો છે. સુરત મનપામાં ૧૧ સપ્ટેમ્બરે નવી બોડીની રચના થવાની છે. જેમાં મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટિની રેસમાં ક્યાં ક્યાં નામ છે તેના વિશે તમને જણાવીએ. મેયરની રેસમાં મુળ સુરતી અશોક રાંદેરિયાનું નામ સૌથી ઓગળ છે. તેમજ દક્ષેશ માવાણી અને રાજૂ જોળિયાનું નામ પણ મેયર રેસમાં હોવાની ચર્ચા છે.

# આઈઆઈએમ બ્રિજ પાસે આંગડિયાના કર્મચારી પાસેથી ૨૫ લાખની લૂંટ

| અમદાવાદ, તા.૬ |

શહેરમાં પોલીસ મોડી રાત સુધી પેટ્રોલિંગમાં હોવાની ગુલબાંગો ફૂંકાય છે. રાત્રિ ચેકિંગના નામે વાહન ચાલકો સામે કોરડો વિંઝાય છે પરંતુ ગુનાઓ અટકી શકે તેવી કોઈ કાર્યવાહી થતી નથી. શહેરમાં લૂંટના બનાવો વ્યાપક બની રહ્યાં છે. તાજેતરમાં એક વ્યક્તિને બાઈક ચાલક સાથે ઝઘડો થયો હતો ત્યાં બીજો બાઈક ચાલક આવીને તે વ્યક્તિના લાખો રૂપિયા લૂંટીને જતો રહ્યો હતો. આ પ્રકારનો બીજો બનાવ શહેરમાં સામે આવ્યો છે. શહેરના આઈઆઈએમ બ્રિજ પાસે બંટી-બબલીએ અકસ્માત થયો છે, તેમ કહીને આંગડિયા પેઢીના કર્મચારી સાથે ઝઘડો કર્યો હતો. થોડી જ વારમાં ૨૫ લાખ રૂપિયાની કિંમતના મુદ્દામાલ



ભરેલી બેગ લઈને ફરાર થઈ ગયા હતા. પોલીસે આ બંને બંટી બબલીને શોધવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે આઈઆઈએમવિસ્તારમાં આંગડિયા પેઢીનો કર્મચારી સીજી રોડથી ૨૫ લાખ ભરેલી બેગ લઈને સિંધુભવન રોડ તરફ જઈ રહ્યો હતો. ત્યારે અજાણ્યા યુવક-યુવતી તે કેમ અકસ્માત કર્યો એમ કહીને તેની સાથે ઝઘડો કરવા લાગ્યા હતા.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨